**चउपन्नअडसि खंडुअ, सहसिगवीसा नवदुपण्णा ॥२९॥**

**घणर०** ॥ घनलोकनइ विषइ घनरज्ज **'तिसयतेयाल'** कहतां त्रिण्हसय तेतालीस जाणवा । घनलोकइ त्रिण्हिसय तेतालीस जे घनरज्ज कह्या छै, ते व्यवहारनइ आश्रय जाणवा । निश्चयनइ २३९ घनरज्ज संभवइ । **'तेर बावत्तराय पयर'** सूत्रं, तेरसय बहत्तरि प्रतररज्ज घनलोकइ जाणवा । **'सूई चउपन्नसय'** अनइ अठ्यासी सूचीरज्ज घनलोकइ सर्व जाणिवा ।' **खंडुअ सहस्र इगवीस नवदुपन्ना'** इगवीस सहस नवसय बावन्न घनलोकना खांडुआ जाणवा ॥२९॥

हिवइ घनरज्ज, प्रतर[र]ज्ज, सूचीरज्ज तेहना प्रत्येकइ खांडुआ कहिवा भणी आगिली गाथा कहइ छइ ।

**सगवग्गे सगचउतिग - गुणिए उभय अहउड्ढ खंडघणा ।**
**छन्नउअसयसीयाल, चउगुणिए पयरसुइअंसा ॥३०॥**

**सगवग्गो ( ग्गे )०** ॥ **'सगवग्गे'** कहतां सातारउ आक मांडीजइ । किसा भणी ? भावार्थ कहइ छइ । संवर्त्तित लोक आयामइ विष्कंभपणइ अनइ बाहुल्यपणइ प्रत्येकइ सात राज प्रमाण जाणवउ । तेह भणी सात सातगुणा कीजइ । तिवारइ सात सता इगुणपंचास हुवइ । वली सग ते उगुणपंचासरा आंक सातगुणा कीजइ । तिवारइ त्रिण्हिसय त्रेयालीस घनलोकइ घनरज्ज हुवइ। **चउतिग०** वली त्रिण्हिसय तेत्रालीस घनरज्जनउ आंक चउगुणउ कीजइ। तिवारइ पहिलुं एकसहस त्रिण्हिसय बहुत्तर प्रतररज्ज हुवइ । वली १३७२ ए आंक चउगुणा कीजइ । तिवारइ चउपनसय अठयासी सूचीरज्ज सर्व घनलोकइ जाणिवा । ए सूचीरज्जनउ आंक चउगुणउ कीजइ ५४८८ । तिवारइ एकवीस सहस्र नवसत्र बावन्न २१९५२ सगलइ घनलोकइ खांडुआ सर्व जाणिवा । ए त्रिहुंलोकनउ प्रमाण जाणिवउ ।

हिवइ अनुक्रमइ ऊर्ध्वलोक संबंधि घनरज्ज, प्रतररज्ज खांडूआ जूआ जूआ कहइ छइ । **'अह उड्ढ कमाणां०'**(?) अधोलोकइ घनरज्ज **'छिन्नू सयसियाल'** एकसउ छिन्नवइ; **'उड्ढं'** कहतां ऊर्ध्वलोकइ एकसउ सेतालीस घनरज्ज छइ । उभय बेउं एकठा कीजइ तिवारइ ३४३ घनरज्ज जाणिवा ।

हिवइ अधोलोकना घनरज्ज १९६ ते चउगुणा कीजइ । तिवारइ अद्यो घनलोकइ प्रतररज्ज सातसय चउरासी जाणिवा । ऊर्ध्वलोकइ १४७ घनरज्ज ते चउगुणा कीजइ तिवारइ घनलोकइ प्रतरराज पांचसय अठ्यासी जाणवा । ऊर्ध्व अनइ अधोलोकइ घनरज्ज एकठा कीजइ तिवारइ त्रिण्हिसय तेयालीस हुई । ते चउगुणा कीजइ । तिवारइ तेरस बहुत्तर प्रतररज्ज सगलइ घनलोकइ जाणवा । तथा घनलोकइ सातसय चउरासी प्रतररज्ज चउगुणा कीजइ । तिवारइ एकत्रीससय छत्रीस सूचीरज्ज जाणिवा । अधोलोकइ घनलोकइ अनइ ऊर्ध्वलोकइ प्रतररज्ज ५५८ हुंता, ते चउगुणा कीजइ । तिवारइ २३५२ सूचीरज्ज ऊर्ध्वलोकइ जाणवा । सगलइ घनलोकइ तेरसय बहुत्तर प्रतररज्ज हुवइ । ते चउगुणा कीजइ। तिवारइ ५४८८ सूचीरज्ज सगलइ घनलोकइ जाणवा । तथा अधोलोक घनलोकइ सूचीरज्ज ३१३६ चउगुणा कीजइ तिवारइ अधो घनलोकइ खांडूआ १५४४ जाणिवा । ऊर्ध्व घनलोकइ २३५२ सूचीरज्ज चउगुणा कीजइ । तिवारइ ऊर्ध्वघनलोकइ ९४०८ खांडूआ थाइ । ते सर्व एकठा कीजइ । तिवारइ सगलइ

घनलोक २१९५२ खांडूआ जाणिवा ॥३०॥

हिवइ अधोलोकइ अनइ ऊर्ध्वलोकइ पांचसय अठ्यासी सर्वप्रतररज्ज छइ इम कहइ छइ ।

**सग चुलसी** इत्यादि गाथा -

**सगचुलसी पणअडसी, इगतीसछत्तीस तिविस बावण्णा ।**
**पणचउआलजुआ बार - सहस चउणउअ सयद्धहिआ ॥३१॥**

अधो घनलोके सातसय चउरासी प्रतररज्ज जाणवा । **'पणअडसी'** सूत्रं ऊर्ध्व घनलोकइ पांचसय अठ्यासी सर्व प्रतररज्ज छइ । **'इगतीसछत्रीस'** सूत्रं, अधो घनलोकइ इगतीससय छत्रीस सूचीरज्ज सर्व जाण जाणवा । **'तिविसेबाबन्ना'** सूत्रं, ऊर्ध्व घनलोके तेवीससय बावन्न सूचीरज्ज जाणवा । **'पणचउआलजुआबार'** सूत्रं, अधोलोक बार सहस्र पांचसय चमालीस सर्व खांडुआ हुवइ । **'सहसचउणूसयद्धहिया'** सूत्रं, ऊर्ध्व घनलोकइ ९४०८ एतला सर्व खांडूआ जाणवा ॥३१॥

हिवइ ग्रंथनइ विषइ चउदराजलोकनउ अधिकार संक्षेपीनइ आगलि गाथामाहि आणइ छइ ।

**इअ पयरलिहिअवग्गिय - संवट्टिअलोगसारमुवलब्भ ।**
**सुअधम्मकित्तिअं तह, जयह जहा भमह न इह भिसं ॥३२॥**

**इयपयर०** ॥ **'इय'** कहतां एहवइ प्रकार, **'लिहिय'** कहितां छप्पन्न पंक्तिनइ विषइ जे प्रतर छइ तीए करी चउदराजलोक लिख्यउ छइ । **'वगिय'**नउ अरथ ए जाणवउ । छप्पन्न तिरछी श्रेणमाहि जे खांडूआ छइ ते निज सदृश आंक गुणा करी लोक सर्वमाहि वर्गित कीधउ । **'संवत्ति'** कहतां बुद्धिकल्पनायइ करी सगली दिसइ चउखूणउ चवद राजलोक कीधउ **'लोक सारमुवलब्भ'** एहवउ जे लोक तेहनउ **सार** कहतां सरूप **लब्भ** कहतां भली परे जाणीनइ । वली लोकसरूप केहवउ छइ ? **'सुयधम्मकित्तियं'** - सुतधर्म कहियइ सिद्धांतमाहि; कीर्त्यंउ कहतां बोल्यउ छै । एहवउ लोकसरूप जाणी **'तह जयह'** जतन तिम करउ जिम भमउ नही । लोकनइ विषइ अतिसीय करीनइ ॥३२॥

श्रीमत्खरतरगच्छे श्रीमभयदेवसूरिसंताने श्रीजिनमाणिक्यसूरिगुरुः तत्पट्टे श्रीजिनचन्द्राहूतेनोत्सिध्यसमस्तसिद्धान्तपारदर्शकेन पं. श्रीनयविलासेन कृतं बालावबोधरूपं लोकविचारशास्त्रस्य श्रीरस्तु । कल्याणमस्तुः(स्तु) वाच्यमानो चिरं जयतु ।

संवत् १७९१ वर्षे शाके शोलेसे ५६ प्रवर्त्तमाने फागुणमासे शूक्लपक्षे १३ दिसितिथौ वारसोमे भट्टारकश्रीजिनचन्द्रसूरिजी-तत् शिष्य (तच्छिष्य पं० जैतसीस्वहेतेन लिपीकृतं श्रीविक्रमपुरमध्ये ॥

**अघरा शब्दो**

कडि = कम्मरनो भाग

सरावलउ = शकोरुं

*शकटनी ऊधि = गाडानो धोरियो*

कुहणीथानि = कोणी स्थाने

पसवाडइ = बाजुए

C/o. शशिकान्त दोशी
शत्रुंजय टावर
अडाजण
सूरत-७

# स्वाध्याय-सङ्ग्रह

– मुनि श्रुताङ्गचन्द्रविजय

प्रस्तुत स्वाध्याय-सङ्ग्रहमां विविध मुनिभगवन्तो द्वारा रचित विविध महापुरुषोनी कुल १८ सज्झायोनो सङ्ग्रह आपवामां आव्यो छे. तेमां श्रीविजयदेव-सूरीश्वरजी भगवंतनी ७, श्रीविजयसेनसूरीश्वरजी भगवंत तथा श्रीविजयप्रभसूरीश्वरजी भगवन्तनी ३-३, श्रीकुशलवर्धनजी भगवन्तनी २ अने श्रीविजयहीरसूरीश्वरजी भगवन्त, श्रीविजयसिंहसूरीश्वरजी भगवन्त तथा श्रीराजसागरसूरीश्वरजी भगवन्तनी १-१ सज्झाय समाविष्ट छे. प्रान्ते श्रीअमररत्नसूरीश्वरजी भगवन्तनी गुरुस्तुति आपेली छे. सज्झाय अने तेना रचयितानो परिचय नीचे मुजब छे. जेमनी सज्झाय छे ते महापुरुषोनां जीवन तो सर्वजनविदित होवाथी ते विषे अहीं कोई परिचय नथी आपवामां आव्यो.

सज्झाय-१ : प्रस्तुत सज्झायमां श्रीहीरसूरीश्वरजी भगवन्तनुं गुण-गान करवामां आव्युं छे. कविए खूब सरस उपमाओ प्रयोजीने सज्झायने रसाल बनावी छे. सज्झायना रचयिता महोपाध्याय सहजकुशल गणि, श्रीहेमविमलसूरि भगवन्तनी परम्परामां थयेला पण्डित श्रीकुशलमाणिक्य गणिना शिष्य छे. तेओ पूर्वे लोंकागच्छमां हता. श्रीहेमविमलसूरिना पवित्र साधुजीवनथी प्रभावित थइ, तेमनी पासे जइ, आत्मकल्याण माटे संवेगीपणुं स्वीकारी दीक्षित थया हता. तेमणे 'सिद्धान्त श्रुत हूंडी'नी पण रचना करी छे.*

सज्झाय-२ : श्रीविजयसेनसूरीश्वरजी भगवन्तनी प्रस्तुत सज्झायमां कविए सज्जन-संगथी थता लाभ अने दुर्जन-संगथी थता नुकसाननुं वर्णन कर्युं छे. सज्झायना रचयिता पण्डित श्रीदेवचन्द्र गणि छे. जैन परम्परानो इतिहास-३, पृष्ठ-४०३ उपर तेमनो परिचय आ प्रमाणे आप्यो छे : अहिम्मनगरना रींडाशाह गोत्रना शाह अंबाइनी पत्नी परबाईनी कुक्षिए सं. १६४४मां तेमनो जन्म थयो हतो. तेमनुं नाम गोपाल हतुं. तेमने रामचन्द्र नामनो भाइ हतो. माता तथा बन्ने पुत्रोए श्रीविजयसेनसूरि भगवन्तना उपदेशथी वैराग्य पामी आचार्यश्रीना हस्ते दीक्षा ग्रहण करी. (जैन गूर्जर कविओ-३, पृष्ठ-२८७ उपर श्रीरंगचन्द्र पासे दीक्षा लीधी होवानो उल्लेख छे.) आचार्यश्रीए ते बन्ने पुत्रोनां नामो मुनि देवचन्द्र अने मुनि विवेकचन्द्र राख्या अने ते बन्नेने महोपाध्याय श्रीभानुचन्द्रना शिष्य-प्रशिष्य बनाव्या. सं.

* कविओनो परिचय 'जैन परम्परानो इतिहास' तथा 'जैन गूर्जर कविओ' पुस्तक अनुसार आपेल छे.

१६६५मां देलवाडामां श्रीविजयसेनसूरिजी भगवन्त द्वारा मुनि देवचन्द्रने पण्डित पद अपायुं. तेमणे पंन्यास बन्या त्यारथी गोळ तथा कडा विगइनो सर्वथा त्याग कर्यो हतो. ते हंमेशा एकासणुं अने गंठसीनुं पच्चक्खाण करता हता. प्रतिमास छ-छ उपवास वगेरे तप करता. तेमणे शोभनस्तुति टीका, शत्रुंजयतीर्थ परिप्राटी स्तवन, विचारषट्त्रिंशिका, पृथ्वीचन्द्र रास, नवतत्त्वचोपाइ तथा विविध स्तवनोनी रचना करी छे. तेमणे सं. १६९७मां सरोत्तरमां ५ दिवसनुं अनशन करी वैशाख सुद ८ना रोज स्वर्गगमन कर्युं.

सज्झाय-३ : पण्डित हेमविजय गणि-रचित प्रस्तुत सज्झायमां श्रीविजयसेनसूरिजी भगवन्तना देहनुं रोचक रीते वर्णन करवामां आव्युं छे. तथा सामैयानी तैयारीनुं पण बे-त्रण कडीमां वर्णन करवामां आव्युं छे.

पण्डित हेमविजय गणि, पण्डित कमलविजयजीना शिष्य हता. तेओ उद्भट विद्वान अने शीघ्रकवि हता. तेओ सं. १६७८मां ईडरमां कालधर्म पाम्या हता. तेमणे पार्श्वनाथचरित्र महाकाव्य, अन्योक्तिमुक्तामहोदधि, ऋषभशतक, सूक्तरत्नावली, कीर्तिकल्लोलिनी खण्डकाव्य वगेरे ग्रन्थोनी रचना करी छे. तेमणे १५ सर्ग प्रमाण विजयप्रशस्ति महाकाव्यनी रचना करी स्वर्गवास कर्यो हतो. तेमना गुरुभाइ पण्डित गुणविजये शेष ५ सर्ग रची ते काव्य पूर्ण कर्युं हतुं. सोल कमलबन्धवालुं चतुर्विंशति जिनस्तोत्र हेमविजय गणिनी चमत्कारिक रचना छे.

सज्झाय-४ : श्रीविजयसेनसूरि भगवन्तना आगमनथी उत्पन्न थयेल आनन्दनुं वर्णन प्रस्तुत सज्झायमां करवामां आव्युं छे. कृतिकार प्रेमविजय, श्रीविमलहर्षना शिष्य छे. तेमणे तीर्थमाला, आत्मशिक्षा भावना, वस्तुपाल-तेजपाल रास प्रमुख रचनाओ करी छे.

सज्झाय-५ : प्रस्तुत सज्झायनी रचना पण्डित सुधनहर्षे करी छे. स्वप्नमां श्रीविजयदेवसूरिजी भगवन्तनुं दर्शन थाय छे. ज्योतिषने स्वप्ननुं फल पूछवामां आवे छे अने ज्योतिष स्वप्न प्रमाणे कुंडली रचीने फल कहे छे. ते समग्र वर्णन खूब सरस रीते रजू करायुं छे. कृतिकारनी जम्बूद्वीपविचार स्तवन, तीर्थमाला, रावण-मन्दोदरी रास वगेरे अन्य रचनाओ पण मले छे.

सज्झाय-६ : कवि दानकुशल रचित प्रस्तुत सज्झायमां श्रीविजयदेवसूरिजी भगवन्तनुं गुण-वर्णन करवामां आव्युं छे.

सज्झाय-७ : श्रीविजयदेवसूरिजी भगवन्तनो गुणानुवाद करती प्रस्तुत

सज्झायनी रचना श्रीसिद्धिविजये करी छे. तेओ श्रीशीलविजयना शिष्य छे.

सज्झाय-८ : प्रस्तुत सज्झायमां श्रीविजयदेवसूरिजी भगवन्तना देहनुं, विविध उपमाओ प्रयोजीने, सुन्दर वर्णन करवामां आव्युं छे. छ-छ पंक्तिनी दरेक कडीमां प्रथम पंक्तिनो छेल्लो एक के बे शब्द, द्वितीय पंक्तिना आदि शब्द छे.[१] कृतिकार गुणहर्ष गणि, श्रीविजयदेवसूरिजीना शिष्य छे. तेमणे महावीरनिर्वाण-दीपालिका महोत्सव स्तवन, दिवाली सज्झाय वगेरे रचना करी छे.

सज्झाय-९ : श्रीविजयदेवसूरिजी भगवन्तनुं गुण-कीर्तन करती प्रस्तुत सज्झायना रचयिता श्रीलब्धिनिधान छे. तेओ उपरोक्त पण्डित श्रीगुणहर्षना शिष्य छे. तेमणे दान-शील-तप-भावना अधिकार पर दृष्टान्त कथा रास रच्यो छे.

सज्झाय-१० : वाचक श्रीशान्तिचन्द्रना शिष्य मुनि श्रीअमरचन्द्रे प्रस्तुत सज्झाय रची छे. सज्झायमां श्रीविजयदेवसूरिजी भगवन्तनुं गुण-वर्णन करवामां आव्युं छे. कविए कुलध्वजकुमार रास, सीताविरह वगेरेनी रचना करी छे.

सज्झाय-११ : श्रीशुभविजयना शिष्य श्रीजयविजये प्रस्तुत सज्झायमां श्रीविजयदेवसूरिजी भगवन्तना गुणोनुं वर्णन कर्युं छे.

सज्झाय-१२ : कवि श्रीदानकुशले प्रस्तुत सज्झायमां श्रीविजयसिंहसूरिजी भगवन्तनो गुणानुवाद कर्यो छे. सज्झायमां केटलाक स्थाने शब्दनो स्वर दीर्घ होवा छतां अने गानमां पण बे मात्रानी आवश्यकता होवा छतां शब्दना दीर्घस्वरना स्थाने ह्रस्वस्वर कर्यो छे जे यथावत् राख्यो छे.

सज्झाय-१३ : श्रीजयविजय कविए प्रस्तुत सज्झायमां श्रीविजयप्रभसूरिजी भगवन्तना गुणोनुं वर्णन कर्युं छे. लहियाना कारणे कृति अत्यन्त अशुद्ध बनी गई छे. यथामति संमार्जन करी सम्पादन कर्युं छे.

सज्झाय-१४ : श्रीविजयप्रभसूरिजी भगवन्तनी प्रस्तुत सज्झायनी रचना श्रीगुणविजये करी छे. तेओ पण्डित श्रीजयविजयना शिष्य छे. श्रीसंघनी गुरुभगवन्तना दर्शननी अभिलाषाने विविध उपमाओ वापरीने सरस रीते वर्णवी छे.

सज्झाय-१५ : श्रीविजयप्रभसूरिजी भगवन्तना गुण-गान करती प्रस्तुत सज्झायनी रचना श्रीआनन्दविजये करी छे. तेओ पण्डित श्रीलब्धिविजयना शिष्य छे.

सज्झाय-१६ : प्रस्तुत सज्झायमां श्रीराजसागरसूरिजी भगवन्तनुं गुणकीर्तन

---

१. ते त्रूटक अने ऊलालो समजवानो छे. त्रूटक गावानुं अने ऊलालो हरिगीतमां.

करवामां आव्यु छे. चंद्राउला बन्धमां प्रस्तुत सज्झायनी रचना थइ छे. रचयिता पण्डित श्रीदानसागर छे.

सज्झाय-१७ : अज्ञातकर्तृक प्रस्तुत सज्झायमां श्रीकुशलवर्धनजीनुं गुण-वर्णन करवामां आव्युं छे.

सज्झाय-१८ : श्रीउदयवर्धनना शिष्य श्रीज्ञानउदये प्रस्तुत सज्झायमां श्रीकुशलवर्धनजीनुं गुण-गान कर्युं छे.

गुरुस्तुति : अज्ञातकर्तृक प्रस्तुत गुरुस्तुतिमां श्रीअमररत्नसूरिजी भगवन्तनुं गुण-कीर्तन करवामां आव्युं छे. ११ श्लोकनी स्तुतिमां प्रथम श्लोक अनुष्टुप्मां, चरम श्लोक वसन्ततिलकामां अने शेष ९ शार्दूलविक्रीडित छन्दमां छे.

सर्व कृतिनी हस्तप्रतो पू. मुनि श्रीसुजसचन्द्रविजयजी म. पासेथी प्राप्त थइ छे ते बदल तेमनो आभारी छुं. तथा प्रतवांचनमां अने अर्थगवेषणमां पण तेमणे तथा पूज्य गुरुभगवन्त गणि श्रीश्रुतचन्द्रविजयजी महाराजे सहाय करी छे ते बदल बन्नेनो ऋणी छुं.

*

# श्रीविजयहीरसूरीश्वरस्वाध्याय

(१)

प्रवचनमंदर सुंदरुं, तपगच्छज्योतिषचक्र रे ।
वाचक-ग्रहगणशेखरुं, पंडितप्रवर-नक्षत्र रे ॥
सकल कलाधर ऊगीउ, अनोपम **तपगछइंद** रे ।
शिवपुर पंथ प्रकासिवा, **हीरविजयसूरि**-चंद रे ॥सकल०॥२॥
मुनिवर-तारक परिकरू, श्रीगुरु अभिनवउ चंद रे ।
जन-मन-कुमुद आनंदकरु, हरिवधू मोहण कंद रे ॥सकल०॥३॥
देसना नव रस नितु झरइ, वदन-मंडल अभिराम रे ।
समरस मधुर सुधाकरु, परम आनंद सुखधाम रे ॥सकल०॥४॥
सेवक आस-चिंतामणी, टालतु मोह-अंधार रे ।
रतिपति-राहस्युं नवि मिलइ, त्रिभुवन तेज विस्तार रे ॥सकल०॥५॥

श्रीजिनशासन खेचरू, शांतरस महाविदे-दूत रे ।
जिनवर आण मनाविवा, प्रगटीउ सर्वज्ञपुत्र रे ॥सकल०॥६॥
संघ-रयणायर गाजीए, उपजइ हर्ष-कल्लोल रे ।
भाव घणपूर तिहां वाधता, समकित-जल-रंगरोल रे ॥सकल०॥७॥
ज्ञानलहरी गुणमणि भर्यउ, संवर-पवन उदार रे ।
बहु भव-ताप निवारणु, संयम-सफर व्यापार रे ॥सकल०॥८॥
दुरित-तिमिरभर भेदतु, पूर्ण सदोदय इंद रे ।
माहि कलंक कदा नही, केवल-सागर चंद रे ॥सकल०॥९॥
**श्रीविजयदान** गुरुभाणस्युं, प्रेम जिम गोतम वीर रे ।
गुरुकुल पूनिमचंदलु, सकलविद्यातरू कीर ॥सकल०॥१०॥
सुमति-रोहिणिवर दीपतु, बहुश्रुत तिलकसमान रे ।
सूरिसिरोमणि गुणनिलउ, जिनगुण-श्रेणि सोपान रे ॥सकल०॥११॥
भरत मानव-वन महमहइ, गहगहइ भविक-चकोर रे ।
मुनिमन-मानसहंसलु, ध्यान कादि(दं)बिनी मोर रे ॥सकल०॥१२॥
मूरति सुरतरुवेलडी, शुचिकर लबधिनिधान रे ।
भारती-मुंद्रडी-हीरलु, वचन-अमृतरस पान रे ॥सकल०॥१३॥
**श्रीविजयदान**सूरीसरू, धिन धिन युगहप्रधान रे ।
भव-जल पार उतारिवा, थापीउ धर्म-विमान रे ॥सकल०॥१४॥
**हीरविजयसूरि** राजीउ, मुगतिपुरी वरसाथ रे ।
चिर प्रति(त)पउ गणधर ससी, **सहजकुशल** कवि-नाथ रे ॥सकल०॥१५॥
इय संघभूपति साधुसुरपति ज्ञानसार सुधाकरो,
गण-गगन-मंडन मदनखंडन कुमत मान मुधाकरो ।
जिनधर्मदीपक मोहजीपक **विजयदान** पुरंदरो;
जीव-राजनायक सिद्धिदायक **हीरविजय** शिवंकरो ॥१६॥

*इति श्रीहीरविजयसूरीश्वरस्वाध्याय सम्पूर्ण ॥*

*

## श्रीविजयसेनसूरीश्वरस्वाध्याय

(२)

पंडित श्रीविवेकचंद्रगणिगुरुभ्यो नमः ॥

**श्रीविजयसेनसूरि**सु(स)रु मनभमरा रे,
स(सु)रतरुसम अवतार लाल मनभमरा रे ।
तपगछमंडण जाणीइं मनभमरा रे;
गुरु गुणरयण भ(भं)डार लाल मनभमरा रे ॥१॥
तस पद-कमल लही करी मन०, परिहरि पदमनिसंग ला० ।
तु कां प्रीति वेधिओ मन०, ब(बं)धावइं निज अंग रंग ला० ॥२॥
एक सीख तुझन[इं] कहु मन०, तजीइं प्रीताचार ला० ।
पहिलुं सुख ते पामीइं मन०, फिरि दुख होइ अपार ला० ॥३॥
दुर्जन वचन [न]धि(धा)रिइं, जेथी अवगुण थाय ला० ।
मोर मुखि अति मीठडओ म०, विसहर आखो सा(खा)इं ला० ॥४॥
जेस्युं कीजइं प्रीतडी म०, नहि ते सज्जन कोइं ला० ।
काल भाव जाणी करी म०, रहो ति सनेहा होइं ला० ॥५॥
दुर्जन संग करंतडां म०, सज्जननी प(म)ति जाइं ला० ।
रतन युं पीतल मल्युं म०, मु(मू)ल न पामइ काइं ला० ॥६॥
सुग(गु)णानइं नी(नि)र्गुण मिलइ म०, दिन दिन गुण वाधंति ला० ।
कंचन उपरि काच जड्यो म०, युं वाधइं तस कंति ला० ॥७॥
सज्जननइं गुणवंतस्युं म०, मलतां वाधइं प्रीति ला० ।
साकर दूध भली मीठी म०, ए तुझ गुरु पदरीति ला० ॥८॥
**वाचक**राय सिरोमणी म०, सोहइं श्री**भानुचंद** ला० ।
तास पसाइं सीख भली म०, कहइं पंडित **देवचंद** ला० ॥९॥

इति गुरुसज्झायः ॥

( ३ )

पंडित श्रीकमलविजयगणिगुरुभ्यो नमः ॥

॥ राग-धन्यासी ॥

**विजयसेनसूरि** सूरिशिरोमणि, रूपिं रतिपति जीतो जी ।
जस प्रताप परवादी नाठा, हूओ त्रिजगि वदितउ जी ॥१॥

अमृतवाणी हितकर जाणी, सुविहित यति आदरीओ जी ।
**साह कमा** कुल-कमल दिवाकर, करुणारसनो दरिओ जी ॥२॥
सबल सोभागी वडवइरागी, सुंदर साहससूरओ जी ।
पंकजलोचन भवभयमोचन, पावन पुण्यइं पूरओ जी ॥३॥
पंचाचार विचार विचख्यण, लख्यण अंगि सोहइ जी ।
लीला माह्लइ गजगति चालइ, मोहनमूरति मोहइ जी ॥४॥
अरुण अधर नासा अति बंधुर, भमह धणुह अणुहारी जी ।
जस मुखचंदओ सुखनओ कंदओ, दंतपंति अति सारी जी ॥५॥
हृदय विशाल भाल अति भासुर, जीह अमीरसखाणी जी ।
चंपकवरणी जस तनुकरणी, कमलसुकोमल पाणी जी ॥६॥
वीणा वायइ जस गुण गायइ, सघली सुरवरगोरी जी ।
**हीर**पटोधर जगत सहोदर, **जेसंगजी** गछधोरी जी ॥७॥
कनककचोली केसर घोली, सूहव-टोली रागइं जी ।
भासुर भावइं चउक वणावइ, मोतीनओ जस आगइं जी ॥८॥
अतिबहुमूले सोवनफूले, सघलओ संघ वधावइ जी ।
कोडि वरस **कोडिमदे** कुंअर, चिरं जीवओ इम गावइ जी ॥९॥
**जेसंगजी** जपतां जग जननिं, नव नधि मंदिरि आवइ जी ।
जिनशासन भासन भगवनजी, सूरज समवडि भावइ जी ॥१०॥
सकल सिद्धि सीझइ जस दरसणि, **हीरपटोधर** जीवओ जी ।
**ओसवंश** दीपावइ अहनिशि, जिम वरमंदिरि दीवओ जी ॥११॥
**विजयसेनसूरि** सज्जनरंजन, चिर नंदओ गणधारी जी ।
पुण्यखजानओ पूज्यतणओ ए, सांभलतां सुखकारी जी ॥१२॥
संघमनोरथ पूरण प्रगटओ श्रीगुरु सुरतरु तोलइ जी ।
**खंभनयरि** **सिरिपास** पसाइं, **हेमविजय** बुध बोलइ जी ॥१३॥

*इति श्रीविजयसेनसूरीश्वरस्वाध्यायः सम्पूर्णः । श्रीपांचोट ग्रामे लेखि ॥*

*

(४)

॥ ढाल–आज भई निकी बातीया ॥ ए देसी जाणवी ॥

आज अमुलक पाईयो ।
**श्रीविजयसेनसूरि हीर**पटोधर, श्रीसंघके मन भाईयो ।
आज अमुलक पाईयो ॥ आंचली ॥
**उसवंस**सिंगार **कमा** सुत, धन **कोडमदे** जाईयो ।
सकल सुरासुर सेवइ जेहनइ, नर–नारी गुण गाईयो ॥आज०॥१॥
गोयम सोहम मेघ मुनीश्वर, ताके अवदात सुहाईयो ।
वदन–कमल गुरु देखि देखि, दुरगति दुखि दुर गमाईयो ॥आज०॥२॥
कु(कुं)कमरोल घोल केसर घन, सुंदरी चोक पुराईयो ।
हेम हीरा मणि माणिक्य मोती, उलट अंग वधाईयो ॥आज०॥३॥
श्री**हीरविजय**सूरी सीस सवाई, चली मेरइ घर आईयो ।
नव निध अष्ट महासीध पूरइ, हृदयकमलमइ [मा]ईयो ॥आज०॥४॥
श्री**विमलहर्ष**सिष्य **प्रेमविजय** प्रभु, देखि **दिल्लीपति** मोहीयो ।
चिर जीवो श्री**विजयसेन**सूरी, त्रिभुवनतिलक ज सोहीयो ॥आज०॥५॥

*इति श्रीविजयसेनसूरिभास ॥ सम्पूर्ण मिति ॥ श्रीरस्तु ॥ कल्याणमस्तु ॥*

*

## श्रीविजयदेवसूरिस्वाध्याय

(५)

॥ राग–सींधुडो ॥

सुणि जोसिअडा रे तुझनइं पुछीइं, अम्ह गुरु कहीइं आवइं रे ।
गुरु वांद्या दिन अम्ह बहुल थया, घडी वरसा सो थावइ रे ।
ते अम्हनइं न सुहावइं रे ॥सुणि०॥१॥
वेला सघली सूधी सांधजे, पृच्छालग्न विचारे रे ।
ठाम तणा ग्रह ठांमि थापजे, वली होरा निर्धार रे ॥सुणि०॥२॥
लग्न विचारी रे जोसी इम कहइं, सुणज्यो श्रावक–श्रावी रे ।
तुम्हनइं मिलस्यइं गुरुजी तुम्ह तणा, वहिला इहां आवी रे ॥सुणि०॥३॥

वचन अम्हारुं साचुं मानज्यो, मत आणो संदेह रे ।
लग्न तणा प्रभु लग्नि छता भणी, रोगरहित गुरु-देह रे ॥सुणि०॥४॥
पंचम भवि(व)नि गुरु वसता भणी, शिष्य तेष्य(तस) ते बहुला थावइ रे।
धर्मभवनमां रे धर्म-प्रभु वसइं, धर्मनी वृद्धि करावइं रे ॥सुणि०॥५॥
लाभ तणो प्रभु लाभ छतां भणी, लाभ तिहां बहुला होवइं रे ।
संघ घणो तिहां आवइं वंदनि, गुरु मुख-पंकज जोवइं रे ।
ते निज पातक धोवइं रे ॥सुणि०॥६॥
संघ सकल ते इम सुणि हरखीओ, जोसीअनइं दिइं दान रे ।
वस्त्र विभूषण कंचन-जीभडी, वली देवइं बहुमांन रे ॥सुणि०॥७॥
**पंच्यासीइं संवत सोलनइं**, वदि आषाढजीं त्रींजि रे ।
सपर्नि आव्या रे गुरु वंदाववा, गुरु-नेहिं मन भींजइं रे ॥सुणि०॥८॥
श्री**नडीआदिं** रे चोमासुं रह्यां, मइं थुणीओ मुनिराज रे ।
**विजयदेवसूरि तपगछनो** धणी, जाणुं तुठो आज रे ॥सुणि०॥९॥
**जेसिंगजीइं** रे निज पटिं स्थापिउं, **विजयदेव**सूरीसीह रे ।
**सुधनहर्ष** ते पंडित इम कहइं, ए गुरु अकल अबीह रे ।
प्रणमीनीइं निसिदीह[इं]रे ॥सुणि०॥१०॥
इति श्रीगुरुस्वाध्यायः ॥

*पंडितश्री**धनहर्षगणि**शिष्य **गणिकमलविजय** ल(लि)खितं ॥*

*

(६)

पणमी गोयम गणहरु रे, समरी सरसति मात रे ।
श्री**विजयदेव**सुरीसना रे, कहइसु बहु अवदा[त] रे ॥१॥
आवो रे सोहासणि गु[रु]नइ वांदीइ रे, गुरु जे **गौतम** समानि रे ।
श्री**विजयसेन** पटोधरु रे, सासननो सुलतान रे ॥२॥ आवो०॥आंकणी॥
**ईडर** नयर वखाणी रे, जेहनो **थिरो साहा तात** रे ।
कुलदीपक कुअर जाइउ रे, **रूपाइ** जेहनी मात रे ॥३॥ आवो० ॥
श्री**विजसेन**सुरि(री)सनो रे, प्रगट पटोधर एह रे ।
रूपइ रतिप्रति जाइउ रे, कंचणवरण जसू(जीपी) देह रे ॥४॥ आवो०॥

सीलइ **थुलिभद्र** सारिखो रे, चउद विद्या भंडार रे ।
**गौतम** गुरु लबधि करी रे, सोभागइ **वइरकुमार** रे ॥५॥ आवो०॥
ससीवदनी मृगलोइणी रे, काने कु(कुं)डल वीसाल रे ।
श्री**विजयदेव** वधावीइ रे, भरी मुगताफल थाल रे ॥६॥ आवो० ॥
वीर पटोधर वा(वां)दीआ रे, जिणइ वंद्यो तपगछराय रे ।
छत्रपति साह नइ ऊबरा रे, प्रणमइ जेहना पाय रे ॥७॥आवो०॥
दिन दिन प्रति चढती कला रे, मुख जसु पूनिमचंद रे ।
दिन दिन दोलति वाधती रे, मोहनवल्ली-कंद रे ॥८॥आवो०॥
श्री**विजयदेव**सूरीसनी रे, होवो बहुत जगीस रे ।
**दानकुशल** भावइ भणइ रे, चिरं जीवो कोडि वरीस रे ॥९॥आवो०॥

*इति श्रीविजयदेवसूरिस्वाध्याय ॥छा॥श्री॥*

*

(७)

सरसति सामिणि प्रणमी पाया, गासुं तपगछराया[रे] ।
**विजयदेव**सूरि सूरिपुरंदर, तासुं मइ चित लाया रे ॥१॥
**विजयदेव**सूरि सूरिसवाई, सुंदर ज्योति वणाई रे ।
याकी कीरति दिशि दिशि गाई रे, जिणइं सु(स)मतासुं लय लाई रे ॥२॥ विजय० ॥
**ईडर** नयर सुहावईं श्रीगुरु, साह **थिरा** कुल-चंदो रे ।
मात मनोहर **रूपाई** सुत, भविआ भाविं वंदो रे ॥३॥ विजय० ॥
बालपणइ जिणइ संयम लीनउ, कीनउ काम नमीनउ(नो) रे ।
दूसमिं कालिं पालिं भविनइ, साचउ तु हि मुनीनो रे ॥४॥ विजय० ॥
कामरूप कलपतरु सरिखउ, कदलीदल-सुकुमाला रे ।
नीकी नाशा नयन कमलदल, त्रिभुवन-दीनदयाल रे ॥५॥ विजय० ॥
उपसम वाणि सुधारस वरसइं, सजल मेघ जिम गाजइ रे ।
पाप-ताप सवि दूरि डारइ, तपगछ-छत्र विराजइ रे ॥६॥ विजय० ॥
सूरि नाम इक धरता दीसइं, करता तुझ सरिखाई रे ।
आपोआप गणइ अंधा जिम, तेहनी मति मुंझाइ रे ॥७॥ विजय० ॥

मेरु महीधर नइ सरसव कण, अंतर एवडो जाणउ रे ।
अंब-निंब नइ साकर-काकर, ए दृष्टांत वखाणउ रे ॥८॥ विजय० ॥
सोहम सूरि-गुणे करी भरीउ, रयण रासि जिम दरीउ रे ।
चरणकमल जे सेवइ अहनिस, ते भवसायर तरीउ रे ॥९॥ विजय० ॥
कीरति-कमला केलि करंती, जग सचराचर मालइ रे ।
*कुमत मिथ्यात महारिपु पूरा, ते ऊकसता पालिं रे ॥१०॥ विजय० ॥
**विजयसेन**सूरि-पाट सुहावइं, **विजयदेव**सूरि-चंदो रे ।
**शीलविजय**-सीस **सिद्धिविजय** कहइ, ए चिरकालिं नंदो रे ॥११॥ विजय० ॥

*इति श्रीविजयदेवसूरीश्वरस्वाध्यायः समाप्तः ॥*

*

(८)

मुनिजन मन-वन मेहलो, त्रिभुवन तिलक समानो जी ।
गिरुआ गछपति गाईइं, जस तन सोविनवानो जी ॥
सोविन्नवान समान जस तनु रूपि रतिपतिरति धरइं ।
मुखचंद चतुरचकोर निरखी हिइं हरखी दुख हरइं ॥
**विज[य]देव**सूरी सर(सूरि)सिरोमणि तरणि परि चिहु द(दि)सि तपइं ।
अहनिसइं मानसमांहि आणी जास जोगीसर जपइं ॥१॥
**ईडर** नयर रलिआमणुं, तिहां तुम तणो अवतारो जी ।
साह **थिरा** कुल दिनकरू, **रूपां** मात मल्हारो जी ॥
मल्हार माता तणो सुंदर मुनिपुरंदर सोहए ।
ए अमिअवाणि वखाण करतां सयल जन मन मोहए ॥
सोभागसागर पुण्यआगर एह ज मुझ मनडिं गमइं ।
जस चरण-कोमलकमल काजि सुर नर भमर परिं भमइं ॥२॥
विमल कमलदल आंखडी, नाशा-वंश विशालो जी ।
दंत जिस्या दाडिमकु(क)ली, चंपा तनु सुकुमालो जी ॥

---

* 'कुमत, मिथ्यात्व वगेरे महाशत्रुओ ऊछळी रह्या छे, ते माटे गुरुभगवंत पाळ-सरहद समान छे' एवो अर्थ अहीं समजाय छे, अन्य अर्थ पण होई शके.

सुकुमाल चंपा जिसी संपा झबक झबकिं देहडी ।
अति वांकडी तुझ भमुह राजइं नयण राती रेहडी ॥
करजुगल लीला अति रंगीला, नवल नखला मणि जिस्या ।
सगुलाल बाल-प्रवाल पल्लव अधर ओपइं तिस्या ॥४॥
सुविहित साधु सिरोमणी, गुण-मणिरयण भंडारो जी ।
अविचल कीरति जेहनी, ए तपगछ सिणगारो जी ॥
सिणगार तपगछतणो सोहइं मन्न मोहइं जगतणुं ।
जस नाम लीधइ भगति कीधइं होइ नित्य वधामणुं ॥
बहु भगति आणी सगुर जाणी जेह प्राणी तुझ नमइं ।
संसारसागर दुख्यआगर मांहि ते नर नवि भमइं ॥५॥
तपगछपति गुर गुण घणा, एक मुखि किम कह्या जायो जी ।
सीलइं थुलिभद्र अवतर्यो, जस दीठइ सुख थाये(यो) जी ॥
सुख थाइं देखि साधुवेषिं अधिक ले[खिं] वलिवली ।
अनुरूप रूप अनूप ओपम जिसी चंपानी कली ॥
**गुणहरष** पंडित सीस पभणिं **विजयदेव**सूरीसरू ।
तपगछमंडण दुरितखंडण जयो सवि जन सुखकरू ॥६॥
इति सज्झायगीतं ॥

*

(९)

राग-रामगिरि ॥

म्हारो ए गुरुजी गिरुओ गुणनिलो रे, श्री**विजइंदेव**सूरिंद रे ।
मोह्युं रे मनडुं दरिसण देखतां[रे] । प्रणमिं जेहनि नरनारी वृंद रे ॥म्हारो०॥१॥
साह **थिरा** कुल उग्यो चंद्रमा रे, मात **रूपाइ** उअरिं हंस रे ।
गुरुजी गुणपूरण **गौतम** सारिखो रे, तपगछमांहि अवतंस रे ॥म्हारो०॥२॥
छट्ठ अट्ठम तप दुक्कर जे करिं रे, अप्रमत अति नित जेह रे ।
कृशतनु तप-तेजिं करि जेहनी रे, सोना सरीखी झलकी देह रे ॥म्हारो०॥३॥
वीरवयणना मुनिनी वानगी रे, गुरु म्हारो गंगा निरमल नीर रे ।
बालवैरागी रागी वीरस्युं रे, धरमनो धोरी धी(धीं)गडधीर रे ॥म्हारो०॥४॥

सोमनजर ए साहिब साधनो रे, तपगछतणा सिणगार रे ।
पाप-प्रबलजलसागर शोषवा रे, ए तो लोपामुद्रातणो भरतार रे ॥म्हारो०॥५॥
पाप पखालो भविअण भावस्युं रे, जंगम तीरथ जगमां एह रे ।
मयणमनोहर मूरति जेहनी रे, नयणे निहालो आणी नेह रे ॥म्हारो०॥६॥
आठइं पहोर अप्रमादी ए गुरु रे, बोलइं अमरीत वाणि रे ।
रीति न लोपइं पूरवपंथनी रे, गु[रु] ए म्हारो निरमल गुणनी खाणि रे ॥म्हारो० ॥७॥
मुनि जन कामित कलपतरूसमो रे, ए नमो सोभागी सयल सूरीस रे ।
रीस नही सपनंतरि जेहनी रे, प्रणमुं बि कर जोडी हुं निसदीस रे ॥म्हारो०॥८॥
श्री**विजयदेव**सूरीसह गुरतणुं रे, जयवंतुं जगमांहि अभिधान रे ।
श्री**गुणहरख** विबुध सुपसाउलिं रे, गायो गोर **लबधिनिधान** रे ॥म्हारो०॥९॥

*

(१०)

आवि रे आवि रे आवि जगमोहना, श्री**विजयदेवसूरि** सूरिसीहा ।
सकल गुणमणि भर्यो साधुगुण परवर्यओ, मनि धरिओ जेणि तस धन्य दीहा ॥१॥आवि०॥
एह **गूजरातिना** श्रावक-श्राविका, स्वामि तुझ दर्शन नित्य ईहई ।
पावसि जलधरागमन चिंति चींतवी, हरखीइ हृदयमां जिम बप्पीहइ ॥२॥आवि०॥
आज जिन केवली कोइ नवि पामीइ, तिम श्रुतकेवली कोइ न दीसइ ।
तेणि तुझ दर्शन तीर्थनायक परि, देखतां लोकनाथो कहींसइ ॥३॥आवि०॥
वीरथी वीरजिन पट्टधर श्रेणीइं, प्रकटीओ प्रकट प्रभु पृथुप्रतापी ।
शीतरुचि निर्मली कीर्ति वरसुरलता, भुवनत्रिक-मंडपइं अधिक व्यापी ॥४॥आवि०॥
तोडि तुझ जे करइं पिंड पापइं भरइ, ते वरइ दुभगजन कुगति-नारी ।
स्वामि तुं गुरुपणइ जेणि जगि आदर्यो, ते तर्यो तिणि लही मुगति सारी ॥५॥आवि०॥
**साह थिरपाल** कुल-उदयगिरि भूषवा, उगीओ सूर सम सुधाभाषी ।
**मात रूपां** सती कूख सुरभूधरु, भूमिका ऊपनु अमरशाखी ॥६॥आवि०॥
वं(विं)ध्यगिरि नर्मदानीर गज चित धरइ, मेहस्युं मोर जिम मोद मानइ ।
स्वामि तिम तुझ चरणकमले रमइं, रंगि मन-मधुप मुझ एकतानइं ॥७॥आवि०॥

पास जिम जिनवरिं राम जिम नरवरिं, पर्वतिं कनकगिरि जिम विराजइ ।
वखतवडनूर महिमूर(?) तिम गच्छधणी, भूरि वरसूरिमां तुं हि छाजइ ॥८॥आवि०॥
सकल आलिम-धणी **साहि अकबर** गुणी, देखतां रूप जस हरख पाया ।
सकलवाचकवरा **शांतिचंद्रा**भिधा, सीस इम **अमर मुनि** सूरि गाया ॥९॥आवि०॥

इति श्रीगुरुस्वाध्यायः ॥

*

(११)

॥ राग-केदारु ॥

श्रीविजयदेवसूरि(रिं)दा जी, सुविहित सुंदरि(रु) ।
गुरु साहा **थिरा** कुल-चंदा जी, साध पुरुं(रं)दरु ॥१॥
गुरु **जेसंगजी**ना पटोधारी जी सु० । गुरु जन-मनविंछितकारि जी साध०॥२॥
तेरि मुरत मोहनगारी जी सु० । प्रभु सकल भविक उपगारि जी साध० ॥३॥
महिमंडल महिमावंत जी सु० । वर समता-रमणी-कंत जी साध० ॥४॥
गुरु उपसमरस भं(भृं)गार जी सु० । वर रूपइं रति-भरतार जी साध० ॥५॥
लबधिं **गुयम** अवतार जी सु० । तप करि **धनो** अणगार जी साध० ॥६॥
**रूपाइ मात** मल्हार जी सु० । धन **उस**वंश शृंगार जी साध० ॥७॥
श्री**विजयदेव** गणधारी जी सु० । चिरं जीवो जिहां द्रो तारा जी साध० ॥८॥
**शुभविजय** विबुध श्रीकार जी सु० । सीस **जयविजय** जयकारि जी साध० ॥९॥

*

## श्रीविजयसिंहसूरिस्वाध्याय

(१२)

ससिवदनी सरसति चीति ध्याउ, मन रंगि सहइ गुरुना गुण गाऊँ,
जे कुल जगि गौतमसामि समु ॥१॥
सुप्रभाति **विजयसं( सि )हसूरि** नमु ॥आंचली
जगतारण वारण सुख-दंदो, जसु दरिसण दीठइ आणंदो,
नाम जपंता भयभाजइ वसमुं ॥२॥ सुप्रभाति० ॥

**साहा नाथु** कुलि अवतंसो, **नायकदे** ऊअरि उ(स)रहंसो,
तपगछ पटोधर भाण समो ॥३॥ सुप्रभाति० ॥
दुरगति दुरि थकी वामी, श्रीगुरुना चरणकमल पामी,
तमे भवियण भूला काइं भमो ॥४॥ सुप्रभाति० ॥
गुरु वाणी अमी अधिकी सारी, नरनारी चित चोखइ धारी,
पुरवभव पातिग दुरि गमु ॥५॥ सुप्रभाति० ॥
गुरु विण नवि न लहीइ सिविपंथा, गुरु विण तप-जप सकल विथा,
भवसंचित दुक्रित दुरि गमु ॥६॥ सुप्रभाति० ॥
दुख-दारिद दुर थकी जाइ, गुरु-नामि नव निधि सवि पाए(इ),
भविजननइ ए गुरु चंदसमु ॥७॥ सुप्रभाति० ॥
मृगनयणी सघली गुण गाइ, भूख तरिस दुरि जाइ,
जंगम तिरथ ए अभिनवो ॥८॥ सुप्रभाति० ॥
तपगछ-राजा ए सोहइ, भविजन केरां मन मोहइ,
**विजयदेव** पटोधर सीह समो ॥९॥ सुप्रभाति० ॥
वचन सुधारस ए वरसइ, गुरुना पाय पडइ तरसइ,
कुमती जन भूला काइ भमो ॥१०॥ सुप्रभाति० ॥
तप-जप करीआए[ए] सुरो, चारीत्र गुणे करी ए पूरो,
मनवंछित भोजन तेह जमो ॥११॥ सुप्रभाति० ॥
श्री**विजयदेव**सूरि राजइ, तास पटोधर ए गाजइ,
दरिसण देखी पाप गमु ॥१२॥ सुप्रभाति० ॥
कहइ **दानकुशल** मुनिवर वाणी, च(चि)र प्रतिपो सहइ गुरु गुणखाणी,
जिहा दिनकर ससि सायर चरमो ॥१३॥ सुप्रभाति०

*

## श्रीविजयप्रभसूरिस्वाध्याय

(१३)

॥ राग-वसंत ॥

श्री**विजयप्रभ** सूरिशिरोमणि, समता-वनिता संग ।
निरूपम{निरुम्मम}द निरमल ग्यान बागमइ, केलि करि मनि रंग ॥१॥

रंगीलो श्रीगुरु [गुण]निलो हो, प्रभू तपगछ सुलतान ॥ रंगीलो०॥आंचली॥
पुणवंत पाठक पंडित, जी(ज)न तिहा वडे सकदार ।
चतुर चारित्र-तुरंग चढीउ, साथि मु[नि] परिवार ॥२॥ रंगीलो० ॥
सहस अढार सिला(लां)ग रथ द्रूम, फूले भार अढार ।
करति जीहा अति(लि)कुलमिव गुण जन, गुरुगुणगान झंकार ॥३॥ रंगीलो० ॥
दान सिल तप भाव मनोहर, सकल जीहा सहकार ।
गुरु उपदेश श्रवण सुखदाइ, परभ्रित कु जिम तार ॥४॥ रंगीलो० ॥
जस-प्रताप जेहनो जगी पसर्यो, सार अबीर गुलाल ।
शम दम तप जप सु(सुं)दर करिआ, तत्त सुगंध विशला(विशाल) ॥५॥ रंगीलो० ॥
दया दान सुचि चंग बजावइ, शुभ विधि ताल कंसाल ।
माहानंद पद दायक जीनके, गावत गीत रशा(सा)ल ॥६॥ रंगीलो० ॥
इणि पर विविधि विनोद विलासि, खेलति रुचिर वसंत ।
**जयविजय** साही **विजयप्रभ**, सूरि सकल गुणवंत ॥७॥ रंगीलो० ॥

*इति विजयप्रभसुरिसज्झाय ॥ मुनि चतुर्विजय ल(लि)खितं ॥*

*

(१४)

श्रीतपगछपति प्रणमीइ, जयवंता हे श्री**विजयप्रभ**सुरि के ।
सकल सूर(रि)शिरशेखरु, ए तो दिनदिन हे चढते नूर के ॥१॥ श्रीतप० ॥
**दिव** बंदरि संघ वीनवइ, पधारो हे श्रीतपगछ सुलतान के ।
अमन[इ] हर्ष घणो अछइ, तुम वंदवा हे श्रीपुज प्रधान के ॥२॥ श्रीतप० ॥
कोकिल जि[म] सहकारनो, जिउ चाहइ ए(हे) चंद चकोर के ।
दिनकर वंछ[इ] पदम(मि)णी, जु जलधर हे वंछ[इ] वली मोर के ॥३॥ श्रीतप०॥
साल समर[इ] हाथीउ, जीम हंसा हे वंछइ गंग के ।
लखमण वंछइ रामनइ, जीउ सजन हे सजनसंग के ॥४॥ श्रीतप० ॥
तिम संभारइ अति घणु, संघ सगलो हे रातन-दीवस के ।
संघ मनोरथ पुरिइ, श्रीपुजजी हे **विजयप्रभ**सुरिस के ॥५॥ श्रीतप० ॥

धन के श्राविक-श्राविका, जेह अनुदिन हे तुम पये सेवंत के ।
अमीअ थाकि मीठी अति घणु, तुम वाणि हे जीन सुणंत के ॥६॥ श्रीतप० ॥
**श्रीजयविजय** पंडितवरू, सिस पभणइ हे **गुणविजय** उत्साह के ।
मनह मनोरथ सवि फल्या, जब भेट्या हे श्रीतपगछनायक(नाह) के ॥७॥ श्रीतप० ॥

*इति श्रीविजयप्रभसूरिसज्झाय सम्पूर्ण ॥*

*

(१५)

सरसति भगवति भावइं वीनवुं, आपो वचन विलास पटोधर ।
संघ सकल मिली तुम्हनइं वीनवइं, अवधारो अरदास पटोधर ॥१॥
गछपति आवो हो **जामजीना** देसमां, संघ करइं अरदास पटोधर ॥गछ०॥ आंकणी ॥
साह **शिवगुण** सुत सुगुण शिरोमणि, दीपाव्यो निज वंस पटोधर ।
माता **भाणी** कुखि अवतर्यो, मानसरोवर हंस पटोधर ॥२॥ गछ० ॥
बालपणाथी हो एहवो मनि वस्यो, ए संसार असार पटोधर ।
श्री**विजयदेव**सूरीश्वर सयहथिइ, लीधो संयमभार पटोधर ॥३॥ गछ० ॥
**श्रीगंधार बंदिर**मां श्रीगुरुइं, बइठा ध्यान उदार पटोधर ।
ततखिण आवी हो सुरी सिइं मुखि, कहिइं **वीरविजय** पटोधार सूरिसर ॥४॥ गछ० ॥
मोहन मुरति सूरति ताहरी, जाणे अमीरस कंद पटोधर ।
गजगति गेलिं हो गुरुजी चालतां, मोह्या मानववृंद सूरिसर ॥५॥ गछ० ॥
मोरा वांछइ हो मनमां मेहनइं, चकवा जिम दिनकार पटोधर ।
तिम हुं दरिसण वांछुं ताहरो, जाणो ए निरधार सूरिसर ॥गछ०॥६॥
विहार करइं हो गछपति आकरो, प्रतिबोधइं भवि जीव पटोधर ।
पंच महाव्रत पालइं निरमलां, टालइं दोष सदैव सूरिसर ॥गछ०॥७॥
गुरु गछनायक पुण्यइं पामीइं, नामीइं प्रह समइं सीस पटोधर ।
सेवा कीजइं हो सिवसुख कारणइं, नाम जपुं निसदिस सूरिसर ॥गछ०॥८॥
श्री**विजयदेव**सूरीश्वर पटधरु, श्री**विजयप्रभ**सूरीस पटोधर ।
पंडित **लबधिविजय** शिष्य वीनवइं, **आणंदविजय** निसदीस सूरीसर ॥गछ०॥९॥

*इति श्रीविजयप्रभसुरीश्वर सज्झाय संपूर्णः ॥ कल्याणमस्तु ॥*

*

(१६)

## श्रीराजसागरसूरिस्वाध्याय

॥ ढाल-चंद्रावलानी ॥

सरसति सामिणी वीनवुं रे, प्रणमी पास जिणंदो ।
थुणस्युं तपगछ राजीउ रे, **राजसागर** सूरिंदो ॥
**राजसागर** सूरीसर गाउं, मनवंछित सुख सघलां पाउं ।
दरसन नव निधि निश्चइं लहीइं, **सोहम** सामि समो ए कहीइं ॥१॥
॥ जी राजेसरजी रे ॥
तुम्ह दरसन दोलति थाय, आ(अ)रति सवि टलइ रे ।
तुम्ह एक मनां जे ध्याय, मनवंछित ते मिलइं रे ॥२॥ आंचली ॥
नयरी **सीहपुर** जाणीइं रे, इंद्रपुरी अवतारो ।
गढ मढ मंदिर मालीआं रे, वली जिनालय सारो ॥
वली जिनालय सार ते दीसइं, सकल संघतणां मन हींसइ ।
तेह नगरमाहइं ववहारी, साह **देवीदास** वसइं सुखकारी ॥३॥जी०॥
तस धर धरणी जाणीइं रे, नार्मि **कोडां** नारो ।
तास कूखइ सुत उपनो रे, माय मनि हरख अपारो ॥
माय मनि हरख अपार ज थाय, हेम समान दीपइ तस काय ।
भणी गणी हूओ विचक्षण, बोहत्तरि कलानइं बत्रीस लक्षण ॥४॥जी०॥
**लबधिसागर** गुरु आवीआ रे, तेह नगर मझारो ।
संसार असार जाणी करी रे, [लीधो संजम भारो] ॥
लीधो संजम भार ते रूडो, तजी संग संसारनो कूडो ।
निज बंधव जननीनइं साथि, लीधी दिख्या श्रीगुरु-हाथि ॥५॥जी०॥
संयम मारग पालतो रे, विचरइं देस विदेसो ।
भविक जीव प्रतिबूझवइं रे, देई सुद्ध उपदेसो ॥
देई सुद्ध उपदेस ज सार, **वीरवचन** दीपावनहार ।
कुमति-तिमिर नाठां सवि दूर, सासन ऊगो अभिनव सूर ॥६॥जी०॥
रूपिं रतिपति जीतीओ रे, तेजइं जीत्यो दिणंदो ।
सकल कला मुख चंदलो रे, प्रणमइं सुर-नर-वृंदो ॥

प्रणमइं सुर-नर-वृंद ज भावि, नामि लच्छी आनंद पावइं ।
दरसन होवइ वंछित काम, **राजसागर**सूरि महिमाधाम ॥७॥जी०॥
गोयम सोहम साधुजी रे, तेह सम तुझ अवतारो ।
सीयल गुणे करी सोभतो रे, थूलिभद्र **अणगारो** ॥
**थूलिभद्र** अणगार समान, बुद्धि अभयकुमार निधान ।
विधाइं वयरसामी सोहावइं, सुर नर नारी सहु को गावइ ॥८॥जी०॥
तपगछ केरो राजीउ रे, **विजयसेन** सूरिंदो ।
तास पाट-उदयाचलि रे, उग्यो एह दिणंदो ॥
उग्यो एह दिणंद मुणिंद, ए गुरु प्रतिपो जिहां रवि-चंद ।
**दानसागर** पंडित सीस बोलइ, अवर नही ए गुरुनइ तोलइं ॥९॥जी०॥
इति श्रीगुरुभासः ॥

*

(१७)

## श्रीकुशलवर्धनगुरुस्वाध्याय

प्रणमिअ पास जिणेसर गुणनिलु, समरिय सरसति माय ।
गुण गायु(य)स हुं अतिह सोहामणा, हियडय हरख ज थाय ॥१॥
वंदु भवियां **कालूरिषि** सुहगरु, मूरति मोहणवेलि ।
चंद्रकला जिम दि{प}न दिन दीपती, संयम-सरसि? रे गेलि ॥
वंदु भविया **कालूरिषि** सुहगरु ॥ आंचली ॥
मीठी वाणी गुरुनी सांभली, जाण्यु अथिर संसार ।
अनुमति लेई दिख्या आदरी, पाम्या हरख अपार ॥वंदु०॥२॥
पंच महाव्रत पालइ इ(अ)ति भलां, ग्रंथ भणइ सुविचार ।
सूत्र सिद्धांति गुरुजी पूरीआ, जाणइ सर्व विचार ॥वंदु०॥३॥
मूरति ताहरि गुरुजी अति भली, वाणी अतिहइ रसाल ।
करइ वखाण इ(अ)ति सुहामणुं, बूझइ बाल गोपाल ॥वंदु०॥४॥
पंच सम(मि)ति रूडी अति आदरइं, पालइ पंचाचार ।
त्रणि गुपति ते पालइ निरमली, प्रीछइ सूत्र विचार ॥वंदु०॥५॥

उग्र विहार करइ गुरु आकरु, गाम नयर परदेसि(स) ।
घणा जीवनइ परउपगारीया, दीइ धर्म उपदेस ॥वंदु०॥६॥
तप-किरियाइ मु{रु}निवर आकरा, पूरव ऋषि अनसार ।
समता-रस भरि मुनिवर पूरिया, चारित्र पालइं सार ॥वंदु०॥७॥
**उदयवर्धन**गुरु सीस सुहाकरु, **प्रागवंसि** सिंगार ।
साहा **रामा** कुल पुत्र सोहामणु, **रामलदे** कूख मल्हार ॥वंदु०॥८॥
पकति सुभावि पंडित सीयला, चंद्र तणि परि जोइ ।
गुण ताहरा जे बोलइ निरमला, तस सुख-संपति होइ ॥वंदु०॥९॥

*

(१८)

सकल सुद्धा मनोहर मुनिवर, वांछित सुख दाने कलपतरु ।
वंदु भविकां गुणकु आगर, **कुशलव्रधन** गुरु सुखकउ सागर ॥वंदु०॥१॥
आंचली ॥
दंसण चरण गुणहि दीपइ । न्यानि सुरगुरु हेलां जीपइ ॥वंदु०॥२॥
पंच महाव्रत धारण धीरं । पंचाचार परायण वीरं ॥वंदु०॥३॥
माया-पुहुवी दारण सीरं । क्रोध-दावानल ठारण नीर ॥वंदु०॥४॥
वाणी अमीय समाणी सोहइ । सुणता भवियणना मनमोहि(हइ)॥वंदु०॥५॥
**प्रागवंसि साहा रामा** कुअर । मात **रमादे** कुख मनोहर ॥वंदु०॥६॥
उदयव्रधन स(सि)ष्य बाल ब्रह्मचारी । **ज्ञानउदय** मुनि बहु सुखकारी ॥वंदु०॥७॥

*

## श्रीअमररत्नसूरिगुरुस्तुतिः

श्री-ह्रीं[१]-धी-श्रुतसम्पूर्णान् कान्तिकीर्तिमयांस्तथा ।
स्तौमि सूरीन् श्री**अमर-रत्न**गुरून् प्रमोदतः ॥१॥
आयुष्मन्त उदारचारुचरिताः सेव्याः सदा सज्जनै-
र्भव्यानां भवतारकाः सुवचनात् सौन्दर्यलीलालयाः ।

---

१. विनय

चारित्राचरणेन दुष्करतपःसिद्धान्तसद्बु[द्ध]यः ।
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥२॥
युक्ताः संसृतिवार्धितारणपरैः प्रौढव्रतैः पञ्चभिः ।
-------- समितिभिस्तासां क्रियापालनात् ।
ये गुप्ता वरगुप्तिभिश्च तिसृभिस्ते साधवो भूतले
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥३॥
ये सन्तस्**तजुणाख्य**(?)साधुतनुजाः सल्लक्षणालङ्कृताः
श्रीश्रीमालकुलोद्भवा**ऽमरगदीत्यम्बा** यदीया सती ।
ते **श्रीआगमिकोत्तमा** व्रतिवरा सद्ध्यानलीला भृशं
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥४॥
गीतार्था अशठाः श्रुतार्थविदुराः प्रज्ञाप्रकर्षं गता
नानावाङ्मयसागराम्बुतरणे सद्बुद्धिबेडा[२]ञ्चिताः ।
आचार्यार्हविशिष्टसद्गुणगणाकीर्णस्फुरद्वक्षसः
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥५॥
वर्यौदार्यऋजुत्वशौर्यशुचितागाम्भीर्यधैर्यव्रता
दाक्षिण्यामितताविदग्धविधितासौभाग्यभाग्योदयाः ।
येषामस्खलिता गुणाः क्षितितले स्वैरं भजन्त्युन्नतिं
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥६॥
अंहःसम्भृतसर्वसङ्गविरताः साधुक्रियातत्पराः
सङ्क्लिष्टाध्यवसायमुक्तचरिता वैराग्यरङ्गस्थिताः ।
संतोषामृतपानतृप्तहृदयाः सद्धर्मशिक्षापराः
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥७॥
ये धीरा भयवर्जिता निपुणतावीरास्तथाऽभ्यन्तर-
दुर्वारारिजयात् पराक्रमतया शूराः सदाचारिणः ।
मिथ्याधर्मतमःसमूहहरणे प्रोद्यद्गभस्तिप्रभाः
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥८॥
विद्वच्चित्तचमत्कृतिं विदधती विद्या यदीयाऽनघा

---

२. नौका

[३]उग्रैनोमयदुर्दमेन्द्रियजयाद् योगीन्द्रमुद्राधराः ।
वैडूर्याभिधजात्यरत्नविशद(दाः) स्याद्वाद[सद्]वाग्मिनः
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥९॥
सन्मुक्तोज्ज्वलशीलनिर्मलवपुःश्रीस्थूलभद्रादयः
श्रूयन्तेऽत्र चिरन्तना मम पुनः सत्कर्मतः साम्प्रतम् ।
मन्ये ते भवदाप्तितश्च ऋषयः प्रत्यक्षतः सङ्गताः
सूरिश्रीअमरादिरत्नगुरवः कुर्वन्तु मे मङ्गलम् ॥१०॥
श्रीशोभिता अमररत्नगुरुप्रवीणाः
श्रीसूरिमन्त्रजपवर्धितशर्मभाजः ।
इत्थं स्तुताः प्रवरभक्तिवशान् मुनीन्द्रा
नित्यं दिशन्तु शुभसन्ततिवाञ्छितानि ॥११॥

*इति श्रीअमररत्नगुरुस्तुतिः ॥*

*

## शब्दकोश

| सज्झाय क्रमांक | गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|---|
| १ | ५ | राह | राहु |
| १ | १० | कीर | पोपट |
| १ | ११ | रोहिणीवर | चन्द्र |
| १ | १२ | कादम्बिनी | मेघघटा |
| १ | १३ | मुन्द्रडी | वींटी |
| २ | ४ | धिरिइं | धारो |
| २ | ६ | मल्युं | बेसेलु-मढेलुं |
| ३ | १ | वदितउ | प्रसिद्ध |
| ३ | ५ | भमह | भ्रू |
| ३ | ८ | सूहव | सौभाग्यवती स्त्री |
| ४ | ३ | कुंकुमरोल | कंकुनो छंटकाव |
| ६ | २ | सोहासणि | सौभाग्यवती स्त्री |

३. अत्यन्तपापमय

| | | | |
|---|---|---|---|
| ६ | ७ | ऊबर | उमराव |
| ७ | ४ | नमीनो | नमाव्यो |
| ७ | ५ | नीकी | सुन्दर |
| ७ | ६ | डारइ | नष्ट करे |
| ७ | ८ | काकर | कांकर |
| ७ | १० | मालइ | प्रसरे छे |
| ८ | ४ | रेहडी | शोभती (?) |
| ९ | ५ | लोपामुद्रातणो भरतार | अगस्त्य ऋषि |
| १० | २ | पावर्सि | वर्षाऋतुमां |
| १० | २ | बप्पीहइ | चातक पक्षी |
| १० | ५ | तोडि | स्पर्धा |
| ११ | ५ | भृङ्गार | कलश-पात्र |
| ११ | ८ | द्रो | ध्रुवनो तारो |
| १२ | १ | सहइ | सही-साचा |
| १२ | ११ | करीआए | क्रियामां |
| १३ | २ | सकदार | हूकमदार |
| १३ | ४ | परभ्रित | परभृत-कोयल |
| १३ | ६ | चंग | एक प्रकारनुं वाद्य |
| १४ | ४ | साल | शल्लकी वृक्ष-हाथीने प्रिय वृक्ष |
| १४ | ६ | जीन | जे |
| १६ | ३ | हींसइ | हर्ष पामे |

*

C/o. सुंदरबा आराधना भवन
रांदेर रोड, अडाजण
सूरत-७

# हरियाली समुच्चय

– सं. उपा. भुवनचन्द्र

हरियाली ए प्रहेलिकानो विस्तारित प्रकार छे. प्रहेलिका-पिरोली के गूढा कोई एक वस्तुनां लक्षण विचित्र छतां सुसंगत रूपे-ए वस्तु तरफ बुद्धिने दोरी जाय ते रीते–एक दूहामां रजू करता होय छे, ज्यारे हरियालीमां एक ज वस्तुनुं विलक्षण रूपे चित्रण अनेक कडीओमां लंबातुं होय छे छतां वस्तुने ओळखवामां पुष्कळ बौद्धिक व्यायाम करवो पडतो होय छे. पिरोलीओ प्राय: अज्ञातकर्तृक होय छे ज्यारे हरियालीओमां मोटा भागे कर्तानाम गीतमां गूंथायेलुं होय छे.

हरियाली जैन कवि-मुनिओनो प्रिय विषय रह्यो होय एम लागे. जैन मुनि रचित अनेक हरियालीओ विविध संग्रहोमां प्रगट थई छे. आ स्थळे केटलीक अप्रगट हरियालीओ एकत्र करी छे. प्रस्तुत हरियालीओ जोधपुर-चोपासनी स्थित राजकीय शोध संस्थाननी ह.लि.लायब्रेरीनी अलग अलग प्रतोमांथी प्राप्त थई छे. ह.प्र.नी नकलो प्रेमपूर्वक आपवा बदल रा.शो.सं.ना आभारी छीए.

१

पंडित बूझीयदूजी सुगम हियाली एह;
पग विण सांचरइजी, सरली तसु तणी देह. पं० १
ठामि थकी चालइ नही जी, जाइ य देस विदेसि;
मेहइं आमणदूमणी जी, सघलइ नव नव वेसि, पं० २
जल-थल-महीयलि सा फिरइ जी, थाकइ नही य लिगार,
बहु नामइं बहूरूपिणी जी, करज्यो खरउ विचार, पं० ३
धर्म पूरव सुधी लहइजी, तेहनइ जे जगि जाण,
**हंसप्रमोद गणि** तेहना जी, नितु नितु करइ वखाण, पं० ४

[ ]

२

राग : मल्हार

तरवर एक बीज विण ऊगइ, तिण ऊग्यइ जन आस्या पूगइ;
छाया सीतल पान न लागइ, घणइं कुवायइं मूलथी भागइ; १

कहउ पंडित मन माहे जाणी, मुख विण बोलइ मधुरी रे वाणी...
अति सुंदर पिण चडि न सकाइ, पग पाखइ परमंडलि जायइ,
अगनि सहित चूल्हउ नवि कहीयइ, तसु फल सिर वरि लोकइं वहीयइ,
कहउ० २
नीरि न बूडइ जगि सहू जाणइ, घरि घरि तेह ज पाणीडा आणइ,
राजा-राणी-लोक सुहावइ, तसु आगमन मुनीसर चाहइ, कहउ० ३
जिणि दिसि विहरइ श्री जिणचंदा, तिणि दिसि तेह न थायइ मंदा,
**हंसप्रमोद** पयंपइ जाणी, तेहनइ कोइ न सींचउ रे पाणी, कहउ० ४
[मेघ]

३

देखउ सखी मुझ अचरिज होई, पुरुष एक पिण जुगमइं सोई;
लाल चरण ए लाल रंगीलउ, साम वरण किहां धवलउ रे नीलउ १
घरि घरि मांहि दीसइ छइ बइठउ, ऊठाडिउ ते ऊठइ रे धेठउ,
चरण नही पिण चालइ रे चंगइ, नर-नारीसुं खेलइ रंगइ, दे० २
वारू माणस ते लेतउ रे लाजइ, भिडतउ भोलउ विहलउ रे भाजइ;
पाये लागीनइ हीयइ रे आवइ, मुख पेखीनइ ऊंचउ रे जावइ, दे० ३
अवधि अछइ एहनी वरस दीहाडउ, मेहावी जन अरथ ज काढउ,
**नयनसुंदरगणि** इण परि बोलइ, ते जन कहीयइ सुरगुरु तोलइ, दे० ४
[कंदुक, दडो]

४

नारि एक अति रूयडी, सगुण अनइ सरूप जी;
दरि दीवाणइं दीपती, मानइं नरवर भूप जी, १
सही ए एह सोभागिणी, जाणइ बाल गोपाल जी;
अवधि एहनी अछइ वरसनी, नहीतरि घडी इकताल जी, सही० २
त्रिहुं चरणइं ते चालती, सयर एक खट नाक जी,
चोर तणी परि बांधीयंइ, नही छइ तेहमइं संकजी. सही० ३
पुरुष एक पासइं वसइ, सीलइं सती य सुचंग जी,
नरउदरि नारी रहइ, तेहसुं नव नव रंग जी, सही० ४

आप किंपि जाणइ नही, आवइ पर उपगार जी,
**विनयप्रमोद मुनि** वीनवइ, कहज्यो ए कुण नारि जी, सही० ४

[ ]

सगुण पुरुष इक बाली जाई, सीलवंत सुकमाली,
नयण वयण कर चरण विहूणी, कन्नयुग तसु विसाली रे, १
कहउ रे कविजन कुण ते नारी, सारी रात विचारी,
पाणिग्रहण करइ नर-नारी, पणि सा बालकुंयारी रे, क० २
चंदकिरण गंगाजल उज्जल, चारु चीर तनु सोहइ,
बे पखी निरमल हार दोर विण, भवियण जनमन मोहइ रे, क० ३
समचउरंस संठाणइ सोभित, नारी छइ न विकारी,
नरनारी मुख चुंबनकारी, जतिवर मुख सिंगारी रे, क० ४
एह हियाली ते नर जाणइ, जे जिणसासण रत्ता रे,
भणइ **कल्याणतिलक गुरु** अथवा, जे नियगुरुपय भत्ता रे, क० ५

[मुहपत्ति]

५

ढाल : योगनइ री

स्त्री छइ एक सुहामणी रे, विण पांखां विण पांव;
आकासइ गति उण तणी रे, दीठइ दीठइ दाव,
चतुर नर, कहिज्यो हीयइ विचारी,
चतुर नर, हीयाली निरधार... १

उपजती आहार करइ रे, चतुर नर, सुणीयो जलन सुहात,
पुंछ थकइ पिणि पसु नही रे, विण वाइ मुरझात, च० २

डाहा-भोला जउ मिलइरे च०, तउ नीपजावइ नास,
साद विगरि स्वर अति भलउ रे, जोज्यो हीयइ विमास, च० ३

पइसारइ हुवइ परगडी रे च०, उण नामइ छइ नाम;
धजा सिर उपरि धरइ रे, पिण नही उणरइ दाम, च० ३

गुण एके लागी थकी रे च०, दीठां आवइ दाय,
**कल्याणहर्ष** इणी परि कही रे, ग्रहज्यो गुण सुख थाय, च० ४

[गुडी]

[क्र. ३९८१, चोपा.जो.]

६

नारी वडी जगमइ खडी, एक बार सें पाई,
महबूबां सिर खूब है, सबकौं सुखदाई,
बोलंती सुनियै सही, पिण आप न बोलै,
चतुर सुजान मिल्यां विना, घूंघट नहि खोलै,
बूझौ बूझौ रे हम नाम बताया,
झूठे गुमानिया, तुम तौ भी न पाया... १
बुढी में सिरदार है, वाकी उमर न जानूं,
रूप घने उसके सही, क्या नाम बखानूं,
द्वारइं ठाढी नित रहे, पै नैक न हारे,
इसका अरथ जो ना कहे, सो बकरी चारे, बूझो० २
क्या कहिये उस नारीकुं, लडके ललचावै,
पंडित सौं छिपती फिरै, नेक पास न आवे,
पीछे लागे जे फिरे, तिनकुं समझावे, बूझो० ३
संगति जो छोडै नही, तिनकुं सुख देवै,
पीछे लागी ओ फिरै, सुख-दुख भी खेवइ,
अलबत में उस वास है, सुनो सजन हमारे,
बेर बेर कहीये कहा, दिल नावे तिहारे, बूझो० ४
आप इकेली एक है, वाके बहुत मिलापी,
न्यारे न्यारे सब रहे, कोउ एक न पापी,
एक एक सिरदार है, सब काम के भाई,
आपस में दिलबर रहै, कबहूंक जुदाई, बूझो० ५
राव-रंग उनमें सही, अरु जोगी-भोगी,
बाले-भोले मिली रहे, उनके संजोगी,

धोले पीले बनी रहे, बहु काले-नीले,
रतिरंग सुहावने, अरता ते सीले, बूझो० ६
बागै बनमें वास रहै, उस नारी सतीका,
इसकौ अरथ कौ जो लहै, सो पंडित नीका,
**केसरकुसल** कहै **कवि**, सो मो मनमानी,
उससे खूब संसार में, हम नारी न जानी, बूझो० ७

[बांसी, बांसुरी]
[क्र. ४०९२, चोपा.जो.]

७

नर फीटी नारी थई रे लाल, नारी ए सारूप रे, चतुर नर,
को पंडित कुण कामनी रे लाल, एनो अरथ विचारी आल रे चतुर नर,
ए हरीयाली हीये धरो रे लाल. १
स्नान करावे नर-नारी रे लाल, चोली अंग अंग रे च०,
नवी लाजे नवी आदरे रे लाल, एहनै पुरख तणो नहीं संग रे च० २
खलक लोक दीठी खरी रे लाल, चोरी चढतां सोय रे, च०
आरण (?) सर्वे कर्या रे लाल, पिण नारी न परण्यो कोय रे, च० ३
उठाडी उठे खरी रे लाल, बेसारी बेसे सोय रे च०,
विण तेडी आवे नहीं रे लाल, पिण तेडी आवै सोय रे च० ४
जे घर एह ज नार छे रे लाल, ते घर मंगल[माल]रे,
**जिनहरख पंडित** एम कहेरे लाल, सोइ वरत्यो जयजयकार रे, च० ५

[ ]
[क्र. १२८२५ चोपा.जो.]

८

माताविहूणी पिताविहुणी, हाथोहाथ विकाणी,
सासुविहुणी नै ससराविहुणी, परण्यै विहुणी नारी, पंडितजी,
सो नारी कुण कहिये, अरथ विचारन लहिये, पं० सो० १

मूरख सेती मूल न बोलै, चतुरांसुं चित्त खोलै,
हाथविहूणी पावविहुणी, तो मुखडे विहूणी बोलै, पं० २
संप्रेडीनै खींसे जी घालै, तो पग पराये चाले,
अबूझां रे पास न ढूकै, तो सुगरां साथै मालै, पं० ३
ऊनाले तो मलकंती चालै, तो वरसालै कुमलावै;
सीयाले रो कोई भय न आवै, तो उ वावी नार कहावे पं० ४
एह हियालीरो अरथ कहावै, तो सोइ सुघड कहावै,
चतुरां रे चित उलट आवै, मूरख भेद न पावै, पं० ५

[ ]

[क्र. ११६५९ चोपा.जो.]

९

कहिज्यो पंडित ए हरियाली, तुम्हे छउ चतुर विचारी,
नारि एक त्रिण अक्षर नामइ, दीठी नयर मझारी रे, क० १
मुख अनेक पणि जीभ नही रे, नर-नारीसुं राचइ,
चरण नहीं ते हाथे चालइ, नाटक पाखइ नाचइ रे, क० २
अन्न खायइ पणि पाणी न पीयइ, त्रिपति न राति दिहाडइ,
पर उपगार करइ पणि परतखि, अवगुण कोडि दिखाडइ रे, क० ३
अवधि आठ दिवसनी आपी, हीयइ विमासी जोज्यो,
**समयसुंदर** कहइ समजी लेज्यो, ते सरिखा मति होज्यो रे, क० ४

[ ]

१०

**पंखी एक वनि** ऊपनउ, जीहो, आव्यउ नयर **मझार,**
**आंखलडी** अणियालडी, **जीहो, देखइ नही य लगार,**
हरियाली रे चतुर नर, हरियाली रे सुंदर नर, कहिज्यो हीयइ विमासी,
साचा पांच कारण कह्या, जीहो, कहइ तेहनइ साबासि, ह० १
चांचइ सदा चरतउ रहइ, जीहो, वमन करइ आहार,
राति दिवस भमतउ रहइ, जीहो, न चडइ नरवर बार, ह० २

भूख्यउ बोलइ अति घणुं, जीहो, बोल्युं नवि समजाय,
नारि संघाति नेहलउ, जीहो, विण अपराध बंधाय, ह० ३
ते पणि पंखी बापडउ, जी हो, प्रमदा पाड्यउ पासि,
**समयसुंदर** कहइ ते भणी, जीहो, नारीनउ म करिस्यउ वेसास, ह० ४

[ ]

[क्र. ५१३, चोपा०जो.]

C/o. जैन देरासर
नानी खाखर (कच्छ)

## श्रीआज्ञासुन्दर-कृत

# विद्याविलास चउपई

**– सं. डिम्पल निरव शाह**

कथा परम्परा – प्राचीन-मध्यकालीन गुजराती जैन साहित्यमां विद्याविलासनी कथा अनेक कविओ द्वारा रचायेली छे, जेमके –

१. हीरानन्दसूरिकृत 'विद्याविलास पवाडो'
२. आज्ञासुन्दरकृत 'विद्याविलास पवाडु'
३. अज्ञातकृत 'विद्याविलास चोपाई'
४. कवि माणेककृत 'विद्याविलास रास'
५. कवि जिनहर्षकृत 'विद्याविलास रास'
६. अमरचन्द्रकृत 'विद्याविलासचरित्र रास'
७. ऋषभसागरकृत 'विद्याविलास रास'
८. शामळकृत 'विद्याविलासिनी वार्ता' / 'विद्या-विनेचट्टनी वार्ता'

जयन्त कोठारी, कान्तिभाई बी. शाह द्वारा सम्पादित मध्यकालीन गुजराती जैन साहित्य, मार्च-१९९३, पृ. २६०ना आधारे आ पैकी **आज्ञासुन्दरकृत** विद्याविलास चउपई-रचना संवत १५१६नी कृति अहीं प्रस्तुत करेल छे.

प्रस्तुत कृतिना प्रारम्भमां कर्ताए गौतम गणधरने नमस्कार करी, सरस्वती देवीने हैये धरी विद्याविलासना चरित्रनुं वर्णन कर्युं छे. दुहा, चौपाई, वस्तु, ढाळ, छन्द, भासानुं प्रयोजन करी विद्याविलासनी लोककथाने पद्यवार्तारूपे रजू करवानो कर्ताए उत्तम प्रयास कर्यो छे.

धनसागर नामना श्रेष्ठिपुत्रने ज्ञाननो क्षयोपशम अल्प होवाने कारणे बौद्धिक कक्षा निम्नस्तरनी छे. पण, विनयनो गुण उच्च स्तरे खीलवेलो छे. तेना विनय गुणना कारणे सरस्वती देवी प्रसन्न थई तेने विद्या अर्पे छे. पोतानी विद्याना बळे ते धनसागरमांथी 'विद्याविलास' उपनाम मेळवी जीवनमां प्रगति साधे छे.

**प्रत परिचय –** आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर, कोबाना हस्तप्रत ज्ञानभण्डारमां संग्रहित हस्तप्रत क्रमाङ्क-२०३५१ विद्याविलास रास छे, ज्यारे कृति नाम "श्री विद्याविलास चउपई" छे. २१ पत्र संख्या धरावती अप्रकाशित आ प्रतना

अक्षर सुन्दर अने सुवाच्य छे. हूंडीयुक्त तेमज शरूआतना अमुक पत्र मध्यफुल्लिकायुक्त छे.

संशोधित आ प्रतमां प्रतिलेखक द्वारा केटलीक जग्याए गाथा क्रमाङ्क आपवामां भूल थयेल छे, जे अहीं सळंग क्रमानुसार गणी छे. हस्तप्रत प्रमाणे गाथा-३६३ छे, योग्य क्रमानुसार कुल गाथा-३६९ थाय छे. (जैन गुर्जर कविओ भाग-१, पृ. ११३ पर आज्ञासुन्दरकृत ३६३ गाथा प्रमाण विद्याविलास रासनो उल्लेख छे.)

प्रतिलेखके पोतानो कोई परिचय आप्यो नथी तेमज लेखनकाळनी पण नोंध नथी. प्रतनी लेखनशैली अने शब्दप्रयोगना आधारे प्रत प्राचीन होवानुं अनुमान करी शकाय. त्रण आर्याओना अभ्यास हेतु आ प्रत लखवामां आवी छे, ते निर्देश कर्यो छे. रासना अन्ते श्लोक तेमज दूहा संग्रह छे.

आ हस्तप्रतना पाठभेद माटे आ ज भण्डारमां संगृहीत हस्तप्रत क्रमाङ्क-१३८११ विद्याविलास रासनो आधार लीधो छे. २८० गाथा धरावती आ प्रत शास्त्र संशोधक प.पू.आ.श्री मुनिचन्द्रसूरिश्वरजी म.सा.ना शिष्यरत्न मुनिराज पू. श्री ह्रींकाररत्नविजयजी म.सा. पासेथी मळेल छे. आ प्रतनी लेखन संवत १६४१ छे.

प्रतनी झेरोक्ष आपवा बदल आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर, कोबा नो तथा मुनिराज पू.श्री ह्रींकाररत्नविजयजीनो खूब-खूब आभार.

हस्तप्रत क्रमाङ्क-२०३५१ जे मूळ प्रत छे तेने 'अ' अने पाठभेद माटे स्वीकारेल हस्तप्रत क्रमांक-१३८११ नो 'ब' संज्ञा तरीके निर्देश कर्यो छे.

**कर्ता परिचय –** आचार्य जिनभद्रसूरिना समये खरतरगच्छमां सं. १४६१/ सं. १४६५ मां पिप्पलक गाममां आ. जिनवर्धनसूरिथी पांचमो 'पिप्पलक' नामनो शाखाभेद नीकळयो छे. आ. जिनवर्धनसूरिना शिष्य पं. आज्ञासुन्दरे सं. १५१६मां 'विद्याविलास नरेन्द्र-चोपाई'नी रचना करी. (जैन परम्परानो इतिहास भाग-२, पृ. ४७७)

एक प्रबन्धनी प्रतने अंते लख्युं छे के – "ईति श्री बप्पभट्टसूरि श्री आमभूपति चरित्रं समाप्तं शुभंभवतु संवत १४९५ वर्षे दक्षिण देशे वसुमती स्थितेन लिखितं आज्ञासुन्दर मुनिना खरतरगच्छे बृहद् पक्षे" (जैन गुर्जर कविओ भाग-१, पृ. ११३)

**कृति परिचय –** कृतिनी शरूआतमां **अ** प्रतमां 'ए' अन्तवाळा शब्दप्रयोग छे. दा.त : परजले, ज्यारे **ब** प्रतमां 'अइ' अंतवाळा शब्दप्रयोग छे. दा.त : परजलइ

पछीथी बन्ने प्रतमां समान अन्तवाळा एटले के 'अइ' अन्तवाळा प्रयोगो जोवा मळे छे. अहीं शब्दभेदवाळा पाठ लीधा छे, परन्तु तास-तासु, जास-जासु एवा प्रयोगभेदवाळा शब्दने पाठभेदमां लीधा नथी.

अक्षर सुधारीने लखवा () कौंस प्रयोज्यो छे. अक्षर उमेरवा [] कौंस, अक्षर काढी नाखवा { } कौंसनो उपयोग कर्यो छे.

**कथासार –** मालवदेशना क्षिप्रानदीना किनारे वसेल उज्जैन नगरमां राजा जगनीकना राज्यमां धनावो नामना धनवंत शेठ छे. शेठने चार पुत्रो छे. घरना वहीवट तेमज व्यापार अर्थे शेठ द्वारा पुत्रोनी परीक्षा करवामां आवे छे. शेठना प्रश्नना उत्तररूपे नाना पुत्र धनसागरे राजाने मारी राज्य पडावी लेवानी वात करी, तेथी गुस्से थयेला शेठ तेने घरमांथी काढी मूके छे.

गृहत्याग करी नीकळेल धनसागर जयसार वणझारानी साथे सिरिपुर नगरमां आवे छे. नगरमां भमतां-भमतां घणो काळ व्यतीत थई जाय छे. निर्धन एवा धनसागर साथे कोई आदरथी वात नथी करतुं. नगरमां गुरु पासे विद्यार्थीओने अभ्यास करतां जोई तेने पण भणवानी रढ लागे छे.

पाठशाळामां प्रवेश तो करे छे, पण ज्ञानावरणीय कर्मबन्धना कारणे तेने ज्ञान चढतुं नथी. तेनी अणआवडतने कारणे अन्य विद्यार्थीओ तेने 'मूरखचट्ट' ना नामे संबोधे छे. धनसागरमां ज्ञाननी मात्रा अल्प प्रमाणमां छे, पण विनययुक्त व्यवहारमां ते सौथी मोखरे छे. विनयी वर्तनना परिणामे ते 'विनयचट्ट' तरीके ओळखाय छे.

विनयचट्ट साथे अभ्यास करती राजकुमारी सोहगसुंदरी तेमज प्रधानपुत्र लच्छीनिवास एकमेकना प्रेममां छे. राजकुमारी प्रधानपुत्रने पलायन थई संकेतस्थाने लग्न करवानो उपाय आपे छे. परन्तु गभरु प्रधानपुत्र पोताना बदले विनयचट्टने संकेतस्थाने मोकली राजकुमारी साथे परणवा संमत करे छे.

विनयचट्ट संकेत साचववा पाठशाळामांथी विदाय थतां पूर्वे सरस्वती देवी पासेथी चौद विद्यानुं वरदान प्राप्त करे छे. वरवेशमां पहोंचेला विनयचट्टने प्रधानपुत्र समजी राजकुमारीनी सखीओ बन्नेना लग्न करावे छे. लग्नविधि पूर्ण करी रात्रिना अन्धकारमां सोहगसुन्दरी अने विनयचट्ट पलायन थई जाय छे. रस्तामां समय पसार करवा सोहगसुन्दरी विनयचट्टने कोयडा पूछे छे, पण ते अनुत्तर रहे छे. सूर्योदय थतां मूरखचट्टने पोताना भरथार तरीके नीरखीने सोहगसुन्दरी कल्पान्त करे छे.

सखीओ तेने आश्वासन आपे छे अने तेओ आहड नगरमां वसवाट करे छे. सोहगसुन्दरी विनयचट्टनो पति तरीके स्वीकार करती नथी. एक ज मकानमां अन्तर राखी तेओ दिवसो व्यतीत करे छे. विनयचट्ट पोतानी विद्याना बळे नगरमां लोकरंजन करे छे, एटले ते 'विद्याविलास' तरीके ओळखावा लागे छे.

आहड नगरमां जयसत राजा राज्य करे छे. राज्यमां खोदकाम दरम्यान कोईथी पण न उकेली शकाय एवो प्राचीन ताम्रपत्र लेख वांची संभळावी विद्याविलास राजदरबारमां मुख्य मंत्रीपदनुं स्थान प्राप्त करे छे.

विद्याविलासनी पत्नीनुं पारखुं करवा राजा जयसत भोजन निमित्ते तेना घरे पधारे छे. चतुर सोहगसुन्दरी सोळ प्रकारना वेश परिधान करी युक्ति-प्रपंच रची राजाना कार्यने निष्फळ बनावे छे. त्यारबाद राजा पोताने आवेला कृत्रिम स्वप्ननी घटना द्वारा विद्याविलास अने सोहगसुन्दरी नगर बहार आवेल मन्दिरमां बिराजमान देवी समक्ष नृत्य करे एवो प्रपंच घडे छे.

नृत्य समारम्भ दरम्यान सोहगसुन्दरीने विद्याविलासनी साची ओळख थाय छे. तेनो भरथार खरेखर कलाभण्डार छे ते जाणी जेम-जेम तेना तरफ नजर जाय छे, तेम-तेम विद्याविलास पर तेनो प्रेम वधे छे.

नृत्यस्थानेथी पोताना गृहे पाछा फरतां मार्गमां सोहगसुन्दरीए नृत्य समये पोतानी आंगळीमांथी सरी पडेल मुद्रिका (वींटी) लेवा विद्याविलासने पाछो मोकले छे. मुद्रिका लईने गरनाळा मार्गे नगरप्रवेश करतां सर्पडंखथी विद्याविलास बेभान थई जाय छे.

कामलता वेश्या पोताना गृहआंगणे बेभानावस्थामां पडेला विद्याविलासने अंदर आवासमां लई जाय छे. तेना पर मणिजळ छांटी ते मणि प्रभावे सर्पडंखनुं विष दूर थाय छे अने विद्याविलास भानमां आवे छे. कामलताए करेला उपकारना बदलामां विद्याविलासने पोताना आवासमां ज रहेवा वचनबद्ध करे छे. गणिका विद्याविलासना पगे मन्त्रयुक्त दोरो बांधे छे. तेना कारणे ते पोपट बने छे अने रात्रे दोरो छोडी मनुष्य बनावे छे.

जयसत राजा विद्याविलासनी शोध करे छे पण, तेमने निष्फळता मळे छे. बार मास गणिकाने त्यां समय पसार थाय छे. एक दिवस पींजरानुं बारणुं खुल्लुं रही जतां शुकस्वरूप विद्याविलास पींजरामांथी छटकी जयसत राजानी कुंवरी सुरसुन्दरी पासे आवे छे. कुंवरी पोपटना पगे बांधेलो दोरो छोडे छे. ते ज क्षणे

पोपट विद्याविलास स्वरूपे प्रगट थाय छे. कुंवरीने आश्चर्य थाय छे.

वचनबद्ध विद्याविलास जयसत राजाना महेलमां न रोकातां फरी पाछो कामलता वेश्यागृहे आवे छे. सुरसुन्दरीना कहेवाथी राजा वेश्यागृहेथी विद्याविलासने मुक्त करावना पहोंचे छे. परन्तु, कामलता पोतानी पुत्री कमलावतीना लग्न विद्याविलास साथे करावनानी शरते तेने मुक्त करे छे. विद्याविलासना सुरसुन्दरी अने कमलावती साथे लग्न थाय छे.

सागरनो जेम त्रिवेणी संगम होय तेम सोहगसुन्दरी, सुरसुन्दरी अने कमलावती त्रणेय स्त्रीओ साथे भोग-विलास भोगवतो विद्याविलास आनन्द-प्रमोदमां दिवसो पसार करे छे.

बाळपणनो समय याद आवी जतां पिताना नगरना राजा जगनीकनो संहार करी उज्जैन राज्य मेळववानो ते संकल्प करे छे. अनेक देश-प्रदेश जीततो ते उज्जैन नगरी पहोंचे छे. राजा जगनीकने हरावी राज्य प्राप्त करे छे. धनसागर तरीके पोतानी ओळख आपी माता-पिता अने भाईओ साथे तेनुं मिलन थाय छे.

नगरमां विद्याधरलब्धिवंत रत्नाकरसूरि गुरुदेव पधारे छे. तेमना दर्शन-वन्दन अर्थे विद्याविलास परिवार सहित पहोंचे छे, अने पोतानो पूर्वभव जाणवानी इच्छा व्यक्त करे छे.

गुरु महाराजे तेनो पूर्वभव जणावतां कह्युं के, ''पूर्वभवमां तुं विक्रम नामनो वणिक हतो अने सोहगसुन्दरी तारी गुणश्री नामनी पत्नी हती. तारा मित्र दम्पती सुमित्र अने मयणानो अपार स्नेह जोई तें तेमनो वियोग करावेलो, तेथी आ भवमां तने तारी पत्नीनो वियोग थयो. तेमज ज्ञाननी अवज्ञा करवाथी वर्तमान भवमां तुं मूरख बन्यो.

हवे, आवती चोविसीमां पद्मनाभ जिनवरना हस्ते तुं तारी नारीसहित दीक्षा अंगीकार करी केवळज्ञान पामी मुक्ति मेळवीश.''

पूर्वभव सांभळी विद्याविलास उत्कृष्ट जिनधर्मनुं पालन करे छे. कर्ताए काव्यशैलीमां खूब ज अद्भुत रीते विद्याविलासनुं जीवनचरित्र वर्णव्युं छे. अन्ते, कर्ता संदेश आपे छे के - जे कोई आ पुण्य पवित्र चरित्र सांभळशे तेना मनोरथ जरूर फळशे.

### कथा सन्दर्भ पुस्तिका -

विद्याविलास-१ और २, आवृत्ति १९७९ (संपादक - देवेन्द्रमुनि शास्त्री)

*

# विद्याविलास चउपई

उ(ॐ)नमः श्रीवीतरागाय नमः

दुहा गोयम गणहर पाय नमी, सरस्वति हियइ धरेव ।
विद्याविलास नरवर तणा, चरिय भणिसु संखेव ॥१॥
जिम जिम संभलियइ श्रवणि, पुन्य पवित चरित ।
तिम तिम प्रमाणंद रस, अहिनश विलसइ चिंत ॥२॥
धण कण कंचण सजण जण, राणिम भोग विलास ।
मनवंछित सुख [1]संपजइ, जइ होइ पुन्य प्रकास ॥३॥
चउपइ पुन्य पसाइं पामीउ राज, पुन्य प्रमाणि चड्या सवि काज ।
धन धन विद्याविलासइ चरिति, हविनइं सुणो आदरी करी ॥४॥
मालवदेस अछे सुविसाल, सुपनांतरि तिहि नही दुःकाल ।
उजिणीनगरी सुपसिद्ध, वास वसि तिहिं अविचल रिद्ध ॥५॥
वावि सरोवरि कूप अपार, गढ मढ मंदिर प्रोलि पगार ।
वाडी दीसइ बहू फल फली, लोकतणी [2]मनि पूजइ रुली ॥६॥
सिप्रा नदी तणइ [3]संवेस, मह(हा)काल प्रसाद निवि(वे)स ।
चोसिठि जोगिणीनां अहिठाण, तेहना अछइ विवध विनाण ॥७॥
लोक वसइ सहिजइ धनवंत, लाछि पसाइ भोग अणंत ।
सिसिवयणी मृगनयणी नारि, रूप हरावि [4]देव कुंवारु(रि) ॥८॥
सप्तभूमि उंचा आवास, जाणि करि छइ गिर [5]कइलास ।
उपरे कोटि धजा लहलहे, वार वार तोरण गहगहइ ॥९॥
मणि माणिक नइ मोतीवटा, वारु चोराशी चउहटा ।
वस्तु तणी नवि काइं मणा, च्यार वर्ण निवसइ तिहिं घणा ॥१०॥
दान पुन्यनु अधिको भाव, अवसरि देखी न चुके दाव ।
बार जोयण छेइ नयर निवास, नव योजण पोहुलपणि तास ॥११॥
जिणप्रासाद अछइ बहु पूर, नित उछव नित म(मं)गल तुर ।
सोवन कलस दंड [6]**झलहलइ**, पाप ताप दीठइ परजले ॥१२॥

---

१. भोगवइ-ब २. सवि पूगो रली-अ ३. सविसेस-ब ४. नाग कुमारि-ब
५. किवलास-ब ६. लहलहइ-अ

[१]नति संभलीइ वयण रसाल, धर्मसाल पोसाल विसाल ।
राज करइ राजा जगनीक, [२]सचराचरि वरते जस नीचु ॥१३॥
अरिदल भाजइ निज भुज प्राण, खोट खरडनो करे विनाण ।
दुनि सहिस मइगल [३]मेईमंत, लक्ष दोइ हयवर स(सं)जुत्त ॥१४॥
रत्थ पायक नवि लाभइ पार, अभिनव [४]अंद्र तणु अवतार ।
रुपे जिसी होइ सुरसुंदिरि, तिन सहिस तसु अंतेउरी ॥१५॥
जिम जिम दाखइ अधिक प्रीति, हावभाव प्रभु चोरि [५]चित्त ।
भोग भला भोगवइ [६]निरंद, जिम नारायणि गोपी वृंद ॥१६॥
तेणी नयरी निवसइ धनवंत, सेट्ठ [७]धनावो जगि जयवंत ।
पद्मश्री छइ तेहने नारि, निरुपम शीयल कला भंडार ॥१७॥
तिणइ जाया छइ च्यारे पूत्र, लक्षणवंता सुगुण निरुत ।
नामइ पेहिला धन धनसार, बीजो सागरदत्त कुमार ॥१८॥
त्रीजो गुणसागर गंभीर, चोथो धनसागर वर वीर ।
रंगिहि रमंता च्यारे कुंमर, दीट्ठा बापइ जिसा होइ अमर ॥१९॥
पर(री)क्षा काजि [८]**तेडावइ** तात, निसुणउ वछ हमारी वात ।
तुम्हनइ आपू निज घर भार, करस्यो किम घरनो व्यापार ॥२०॥
धनसा{ग}र तौ बोलइ इसुं, सेट्ठ तणइ कुलि वरते जिसउं ।
जलि त्थलि मंडलि बहु [९]विवसाउ, [१०]धन उपति नउ एह पसाउ ॥२१॥
बीजो पभणइ सागरदत्त, सांभलि तात वात एक चिति ।
वणिजेह लागइ जोखिम घणां, ए छइ खेल घणा धन तणा ॥२२॥
करसण सहस गुणी उतपति, एणीपरि वाधि घरि संपति ।
बोलो गुणसागर एम जाणि, हाली करम किमइ न विखाण ॥२३॥
उलग कीजे राजा तणी, तो घरि वाधइ संपति घणी ।
तो बोलिउ गुण(धन)सागर जांणि, वय [११]लोढो पण [१२]वडो प्रमाण ॥२४॥
परवसिर्वि(पि)णि किम उलग होइ, जेह परवस्य तिहिं [१३]त्रिपति न होइ ।

१. नितु-ब २. सचरासच वरतइं जसु लीक-ब ३. मयमत्त-ब ४. इंद्र-ब
५. चीति-ब ६. नरिंद-ब ७. धनावह-ब ८. बोलावइ-ब ९. व्यापार-ब
१०. करीय धन ऊपाय सिसार-ब ११. लहू-ब १२. पुण्य-ब १३. निवृत्ति-ब

राजा मारी लइस राज, सवि साध्यसु मनवंछित काज ॥२५॥

दोहा धण कारणि जगि बहु नर, [१]उदिम विवह करंति ।
तं काई कीजइ [२]कसुं, जेणि सवि काज सरंति ॥२६॥
रुलिवउं पेटा चाटवउ, नवि भरीइ भंडार ।
कु[३](कुं)भ न भरीइ तो किमइ, ठार पडे सउ वार ॥२७॥
सामत्थम जे राज वणि, ते [४]सामत्थम जोय ।
जे परमत्थ निहालीयइ, लूण विहुण रसोइ ॥२८॥
पूत वयण इम साभली, तो मनि हुउ ससंक ।
जइ ए बोलिस बोल हवि, कुल आणीस कलंक ॥२९॥
जोइ न कुल कुण आपणां, असरीखी मनि आस ।
घरि राधइ वधामणउं, बाहिरि लील विलास ॥३०॥
आप समाणउं जंपिइ, किजइ कुलि आचार ।
जे [५]नवि जाणइ एतला, ते साचेला गमार ॥३१॥
धणसागर पभणइ वलीइ, किं कुलवटण काज ।
जे नर खड़े आगली, तास तणाइ राज ॥३२॥
साहस तेज समत्थ नर, ते लहूडा न कहाइ ।
जिम घणघो[र] अ(अं)धार जिण, दीठा तेज पलाइ ॥३३॥
तुं पूतह विणि हम सरइ, जेणि आवेइ कुल [६]काणि ।
[७]तिणि सुनइ कीइजइ किसउ, जेणि त्रूटक कांन ॥३४॥
तुझ संगति रुडी नही, जिहि भावइ तेहि जाउ ।
सूके काट्ठ बलंतडा, नीला फेडइ [८]ट्ठाह ॥३५॥
नीसरीउ नीसभरि कुमर, एकलडो वरवीर ।
ते जीन सहेता जणउ, साहस जीह सरीर ॥३६॥

वस्तु नयर छाडीय नयर छाडीय गउ वनमाहि, चालंतो तिणइ अवसरीहिं।
सत्थवाह जइसार दीठो, बहू बालिद परिवरो, सीस [९]नावे तसु पासि बइठो ॥

---

१. उद्‌यम विवधि–ब २. किस्यूं–ब ३. (कुं)–ब ४. सामथिम–ब
५. नर–ब ६. लाज–ब ७. तेणइ सोनइं क्या कीजीइं, जे नावइ सुय काजि–ब
८. ठाउ–ब गाथा ३०, ३३ ब प्रतमां नथी. ९. नामि–ब.

[१]वणिजारइ तस पूछीउं, किहा जाइस तुं बाल ।
स(सि)रिपुरि नयरी अम्ह तणउ, जाइवा [२]मोहोसाल ॥३७॥
**चोपाई** विसमा मारग विसमा घाट, वणिजारा सउ लंघइ वाट ।
सिरिपुर नयर निरखीउ जिसइं, विणजारइ मोकलावो तेसइं ॥३८॥
सफल फली निरखइ वनराइ, जोवंता नयणि अने दिन जाय ।
कोकिल नादि सरस सहकार, वणि वणि महूयरना झूणकार ॥३९॥
साग नाग पन्नाग लवंग, पाडल पारिजाति नारंग ।
जंबु नींबू किल कदंब, फणस फोग फोफल बहु अंब ॥४०॥
[३]अगरसग चंदण [४]चकणार, नागरबे(वे)लि सदल सहकार ।
किसमिस द्राख तणा मांडवा, जाणे अमीय महारस लवा ॥४१॥
बग सारिस पारेवा मोर, रुवडा सूयडा चतुर चकोर ।
नव नव नाद भेद मन हरइ तरुअर डालि डालि संचरइ ॥४२॥
नालकेर करुणी दाडमी, फल भर भारी नीची नमी ।
ताल तमाल सदा फलवार, बीजउरी मोउरी अनिवार ॥४३॥
बालउ बेउल चंपक {प} [५]जाय, तेहना परिमल पुहवी न माइ ।
दमणो मरउवो जूही कंद, सेवंत्री कणयर मचकंद ॥४४॥
राजहंस सरवरनी पालि, कमल कमल अलिमाडि आलि ।
सीतल सुरहा वावइ वाय, पंथीय किमइ न [६]कहणउ जाए ॥४५॥
मास वसंत सदा तिहा वसइ, जिहिं जोवइ तिहिं मनु उल्हसइ ।
तिणि थानकि दीठु प्रसादु, [७]जाणे अभिनव इंद्र पुन्य प्रसाद ॥४६॥
उचो गयणे धजा लहलहइ, ए जिण त्रिभुवनस्वामी कहइ ।
अठोत्तरसो मंडपि चंगा(ग), तेजोवंतउ लागौ रंग ॥४७॥
मंडप मंडप सो पूतली, नाटारंभ करिइ ते मे(म)ली ।
**अंतऋखि प्रभु पास जिणंद**, सेव करेइ सुर असूर नरिंद ॥४८॥
एकउ गाहेइ बहु भोगादि, पूजि रचइ एक वादोवादि ।
बाल ताली दिए बहु रास, इकउ [८]गाहिइ मधुरि सरि भास ॥४९॥

१. विणजारा तिहां-ब २. मूंसालि-ब ३. अगरतर-ब ४. कंचनार-अ
५. जाइ-ब ६. जाणिउ-ब ७. माडइ अभिनव गिरिसूं वाद-ब ८. गावइं-ब
गाथा-४० ब प्रतमां नथी. गाथा-४३ ब प्रतमां नथी.

एको उतारिइ विध आरती, तिहनी टलि सदा आरती ।
एक जंपइ जिणवरनो नाम, मनवंछिति सवि सीझइ काम ॥५०॥
सीध अनइ साधक जोगिंद, हीयइ कमल धावंती जिणंद ।
भावधरी धनसागर कुमर, प्रणमइ पासनाह पयपवर ॥५१॥
जिणवर टाली तेहनइ सेस, भागि तणु त(तु)झ हुझ(ज) नरेस ।
अष्टप्रकारी पूजा करी, अविचल ध्यान हीइ आदरी ॥५२॥
पहुतउ [१]क्रमि क्रमि नयरि मझारि, रूपवंत छि घर घरइ नारी ।
भोग भुजंगम भोगी वसइ, गीत नाद संभलि उल्हासि ॥५३॥
दक्षण देसे विचक्षण लोक, नित आणंद न दीसइ सोक ।
घरि घरि सेरी भमि कुमार, कोइ न पूछि तेहनी सार ॥५४॥
इक निरधन नइ देसंतरी, वात न पूछि [२]आदरी ।
भमत भमत [३]गयु साल, भणि पंचसइ निरुपम बाल ॥५५॥
[४]बेदह वी हिव भणिवा तणी, तेहनइ मने रढ लागी घणी ।
विद्यावंत लहइ जग मान, विद्या कहीएयइ [५]अखय निधान ॥५६॥
देस माहे ते जाणे राय, जगि जा(ज)गि पंडित [६]ज सूहाय ।
बइठउ पंडित प्रणमी पाय, विद्यानउ हिव[७] करी पसाय ॥५७॥
नाम तुहारा श्रवणे सुणि, परदेसी आव्यो तम्ह भणी ।
भणइ गुणि पंडित पय नमिइ, आखर एक न आवइ किमइ ॥५८॥
नाणावरणी करम विज्ञाण, विद्या नवि तास प्रमाण ।
कं(क)रमबंध करता सोहीलउ, ते भोगवंता होइ दोहलो ॥५९॥
हसे सवे पंडितना चढ(ट्ट)[८], नाम दिउ तस मूरीखचट ।
तिणि नामिहिं ति [९]वलखहो थाय, पंडित विद्या कहो उपाय ॥६०॥
विनय लगी सवइ सीझइ काज, विनइ करंता वाधि बुधि लाज ।
विनइ त्रिन्नि भाग आचारे, चउत्थे लेवा नइ संचरे ॥६१॥
विनइ लगी हे सवि सीझइ काज, विनइ करंत न कीजइ लाज ।
गुरु पणि तुसइ वनि प्रमाणइ, सविहु गुणमाहि विनइ विखाणइ ॥६२॥

---

१. अनुक्रमि–ब २. आदर करी–ब ३. गयउ नेसाल–ब ४. ते देखी हिव–ब
५. पखइं–ब ६. जस वाय–ब ७. अम्ह करउ पसाउ–ब ८. (ट्ट)–ब ९. विलखउ–ब
गाथा–५२ ब प्रतमां नथी. गाथा–६२ ब प्रतमां नथी.

विनइ वसि उत्तमनि अंगि, जिम कमला कमलि नं(न)वरंगि ।
गुरु उपदेशे छात्रह तणो, विनइ करिइ निज सगतिहं घणउ ॥६३॥
विनयचट्ट हिव हूउ नाम, काम प्रमाणि तिसो जगि नाम ।
मुहतानंदन लछिनीवास, बहुतरि कला करि अभ्यास ॥६४॥
बत्रीसइ लक्षण [१]संजूगत, [२]सुलीलत जोवनि विवधि संपत ।
[३]सुरसुंदर नरवर कुवरी, भणि तिहि सोहगसुंदरी ॥६५॥
सा वसु लक्षण मोहणवेली, हंस हरावइ निज गति गेलि ।
सोवन्न [४]वंन्न सुकोमल अंग, मुखि पूनिमु से(स)सि अधर सुरंग ॥६६॥
नयण बाण झबकंति रसाल, कर असोक पूलव सुकमाल ।
पीण पयोहर उर उल्हस्या, सरवर कमल सुलह कहियस्या ॥६७॥
जोवन्न रसे रसे भरी कुमार, तिणि रय रंभ मनावी हारि ।
चउसठि नारि कला अभा(भ्या)सी, कुमरि मनि तउ चंता वसी ॥६८॥
कहि मूरखनइ देसे तात, अणचिंता सिर पडसी घात ।
जां नव नर पाडइ जंजाल, पाणि पहिली बाधउ पालि ॥६९॥
आप परिक्षा परणी करी, ते वर वरिउ आदर करी ।
देखी मुहता कुमर सविचार, कुमरी चिति वसिउ तेणी वारि ॥७०॥
[५]कुमर साथि तेणे माडि प्रीति, बेउ जण हुउ एक चित ।
कुमरी कुमर सदा मन मेलि, दिन दिन करइं कतोहल केलि ॥७१॥

दोहा अन्न दिवस कुमरी कहि, कुमर वयण अवधारि ।
मू परणीनइ प्रेमरस, प्रीति [तु]म अधिक वधारि ॥७२॥
मू तरुणी परणी करी, साचउं करि निज नाम ।
मू परणी विण लछिनिवासउं, ए पणि कुडउं काम ॥७३॥
तुं पूत्री नरवर तणी, वाणिक पूत्र हुं देव ।
जोडावाडउं किम मिलइ, हंसी नइ व(ब)गलेवि ॥७४॥

---

१. गुण भरी-ब २. सुललति विवध विवध परवरी-ब
३. सुरसुंदरि नवरंगी न(ना)री-ब ४. वेणि-ब ५. गुणवंत जांणी-ब
गाथा-६७ ब प्रतमां नथी.

माय ताय दीधा पखइ, किम परणेवा जाय ।
जइ परणो तो हमतणउ, कुल हंसा(संहा)रइ राय ॥७५॥
कुमरी पभणि निसुणि नर, मणि तणि समी म तोलि ।
ते वर जे कन्या [१]वरइ, लहुय वयण म बोलि ॥७६॥
कलपवेलि सुरतर चडिइ, देउ न वा(बा)उल वाय(बाथ) ।
जइ परणउं ए कुमरनइ, कइ [२]वैसवानर साथि ॥७७॥

**चोपाई** जइ परणउं तो राजा नडइ, क(न)इतइ स्त्रीनी हत्या चडइ ।
आगलि खाड [३]दोतल पाछइ वाघ, कुमर तणि मने [४]वसोवइ घात ॥७८॥
हिवडा कीजइ [५]काल विलंब, काल विलंबइ फलियइ अंब ।
[६]हिज हसी महितो इम भणिइ, ए आगलि छइ मन अम्ह तणइ ॥७९॥
एक साकर नइ दुधिहि [७]मली, एक अवसर नइ पूगी रली ।
एक सोनउ नइ सुरहं(ह)उ एह, नव जोवननइ नवल सनइह ॥८०॥
मनवंछित मेलावो मिलो, जाणउ सुरतर आगणि फलिउ ।
कुमरी कहइ हरखइ सुणि सुर, वहिलो मनह मनोरथ पूरि ॥८१॥
उत्तर दिशि वनखंड मझारि, कामदेव प्रसाद दुवारि ।
आसाढ सुदि आट्ठमे दिवसि, निशिभरि तिहिं आवेजो अवशि ॥८२॥
एम संकेत कुमरइं सवि कही, तउ कुमरी पहती गहगही ।
तिहि बइठो चितवइ उपाइ, विनयचट आविउ तिणइ [८]ट्ठाय ॥८३॥
आप शिरीखिउ देखीउ रूप, राजकुमरि ते कहिउ सरुप ।
[९]ए तउ पहिर अम्हारो विसि, कुमरी परणी जा परदेस ॥८४॥
जां लगि रयणी विहाणी न होइ, तां लगइ वयण म बोलिस कोइ ।
एम संभलि मनि हरखिउ सोय, आवत लाछि न ठेलि कोइ ॥८५॥
पुन्य पसाइ सीझइहिं काज, पुन्य नरो हर भमंतह राज ।
जिहि नर पुन्य सखाई हा(हो)ई, तेहनी आस करइ सब कोई ॥८६॥
पुन्यइ होइ अचिंति रिद्धि, पुन्यइ [१०]बाधइ अंगि सबूधि ।
विनयचटनउ उदयं पून्य, ते हिव निसुणो जि जगि धन्य ॥८७॥

---

१. करइं-ब २. वैसुंदरि-अ ३. दोतडि-ब ४. वसीउ दाघ-ब ५. काज-ब
६. हेजि-ब ७. भिली-ब ८. समइं-ब ९. एह तूं-ब १०. आवइ अगल बुद्धि-ब
गाथा-८६ ब प्रतमां नथी.

**दोहा** आठिम नो संकेत दिन, जां दिन आविउ जाम ।
लछिनिवास जणाविउ, विनयचट नइ ताम ॥८८॥

**ढाल-फागनी**

हवे वसुदेवकुमारनूं ए, को तिम जे दीनुं ए [देशी]

कुमरि(र) कराविउ आपणउ ए, अंगिहिं सिंगारो ।
सीख सुणी तव चालीउ ए, पय करीय जुहारो ॥८९॥
जव पहुतउ लेसालमाहि, पंडित न हु पेखिइ ।
सारद मुरति सुप्रभाव, भुवणंतरि पेखइ ॥९०॥
चिहु दिशि दीवा झलहलइ, फल फुल पगारो ।
चंदन केशर अगर धूप, महिमहइ अपारो ॥९१॥
भाव भगति [1]तिणइ मनि धरिए, तेणि कीयउ प्रणाम ।
पुन्य पसाइं मति भलीइ, पुण आवी ताम ॥९२॥
देवज तुसइ सगति भगति, ए दोइ प्रकार ।
हिवडा भगति करंतडाए, लागइ [2]वडी वार ॥९३॥
काढी करि करवाल काल, निज सिसहि ताकइ ।
[3]वाम पाणि मोगर गहेव, सरस्वति इम हाकइ ॥९४॥
कइ मुझ विद्या देहि देव, कइ आप हणेसुं ।
मूरति मोगरि हिट्ठि मारि, चकचूरि करइसुं ॥९५॥
तो संसइ सारद पडी ए, मनि ए सुं विमासइं ।
जे जगि सकल समत्थ देवि, दावण भय नासइ ॥९६॥
तसु साहस पोरस धरेवि, सा सारद तुट्ठी ।
विनय करी तव विनयचट, पगि लागो उट्ठी ॥९७॥
चउदह विद्या अणभणीए, तुझनइ आवेसइ ।
वर सिद्धि पामि चालीउ ए, पंडित आवासइं ॥९८॥
सीह अनइ वली पाखरो ए, उछाह धरंतो ।
उत्तर दिसि वन खंड मांहि, प्रसाद पहुतउ ॥९९॥

---

१. अति-ब २. बहू-ब ३. ठाम-ब

घडिया जोयण सांढि [१]दोइ, [२]रातीरी तुरंति ।
धण कं(क)ण कंचण रयण हार, वर चीर धरंति ॥१००॥
सोहगसुदि(सुंद)रि सखीय साथि, वर भुवण इह आवी ।
तेणइ [३]थानकि ते कुवर वेष, ते सखिय वधावी ॥१०१॥
चउरी थानके च्यार धूलि, ढिगला [४]आरापि ।
[५]च्यार प्रदक्षण वन तेहि ठ्ठाइं, दिशि नायक थापि ॥१०२॥
च्यार प्रदक्षण देई च्यारि मंगल वरतावी ।
कुमर अनइ कुमरी बेय, सखीइं प्रणावी ॥१०३॥
अंचल बधी जक्ष भवण, दिवा गण कीधो ।
करह पलाणी विगि विगि, सुपयाणउ दीधो ॥१०४॥
दोहा बिहु पहिरां सुहामणो कोरउ अंगि सिंगार ।
कुकम केसरियं जरिउ, उरि मूकताफल हार ॥१०५॥
बेउ रूपहि रूवडा, बे गरूवा गुणवंत ।
वारु [६]वरचर भवणि, पुनइ योग मिलंति ॥१०६॥
मारग रंगइं रमंतडा, फलीउ मनोरथ जाम ।
सोहगसुंदरि प्रेमरसि, प्रीय बोलावो ताम ॥१०७॥
नाभिकमल तिहिं कुण वसइ [सास], विषया रस किम थाइ [रति] ।
सावण धूरि सुं फूली यइ [जाईजूई], स्त्री परणी किमहि जाए [[७]सासरि] ॥१०८॥
हरसिरि मंडणउ, तासु मोह जे सोहते ।
प्रीमुख कमल निहालवा, [८]अलि जो अंगि करंत [[९]नेत्र] ॥१०९॥
[1]बि बुट्टी निसि भरि भवणि, वांछइ प्रति म संग ।
[2]कहि सामी किणि कजि तिणि, [3]कजलि लीहीय भुयंग ॥११० गूढा ॥

---

१. दोरि–ब २. ते कुमरीय देखि–ब ३. तोरीय तुरंता–ब ४. आरोपि–ब ५. च्यारि वर्ण तिणि ठामि च्यारि–ब ६. वरनइ वर घरणि, पुण्य–ब ७. सासुरइ जाइ–ब ८. अलजउ अतिहि धरंति–ब ९. [नेत्र]–ब गाथा–१०५ ब प्रतमां नथी.
गाथा–१०८ मां कोयडानो उकेल [] कौंस करी दर्शाव्यो छे.
1. बिउषट्ठी–अ 2. सीइ कइजी–अ 3. काजलनो सर्प कीधो–अ
गाथा–१०९मां कोयडानो उकेल [] कौंस करी दर्शाव्यो छे.

देसे केसउ जण पर पहरइ, घण थण राग धरेवि ।
आब सरिस किम रस झरइ, तिहुको उत्तर देसे(सि) ॥१११ करपिडता
तिरसि पोमिणि कामणी, पोहती सरवर तीर ।
अंजलि भरि जल परिहरिउ, काइ न पीधउ नीर ॥११२ ह्रिदइ[1]
इणि परि प्रीय बोलावि लावीउ, झ(उ)तर जव न कहंति ।
[2]रावण बंधव वलही, कइ तिणि रातउ कंत ॥११३॥
कइ [१]तमनिइ अवलू घणी, माइ ताइनी चीती ।
तिणि कारणि बोलो नही, कि हु अवगुणवंति ॥११४॥

**वस्तु** ताम दिणियर[ताम] दिणियर उदइ संपति, नव वहिसीय कमलवण।
राजहंस सोहंति सरवर, दस दिसइ उजालीउ ।
करि मोर किंगार तरवर, कुसम कुसम भमरा भमइ ।
करित रुणझूणकार, दीठुउ तत्क्षण कामणी । मूरखचट भरतार ॥११५॥

**चौपइ** हा हा करती पडि कुमारि, जाणि करि सा गहिअ मारि ।
नीसासा मिल्हसेइ विकराल, हा हा देव हणी ते बाल ॥११६॥
भागउ रंग हूवउ विखवाद, देव उतारीओ कुमरी नाद ।
थोडइ नीर मछ टलवलइ, तिम कुमरी धरणइ खलभलइ ॥११७॥
सखी करइ सीतल उपचार, नीर छाटइ प्रवारोवार ।
केली पानसेइउ बीजइ वाउ, हीयडा भीतिर दुख न समाइ ॥११८॥
मोटाइ घडहणि सा इयउ, रे रे देव किसोउ ते कीयउ ।
जेहनी हुती मोटी आस, ते सब कीधी आज नीरास ॥११९॥
किसु भव गमिउ मूरिख साथि, पहुक गयो निदाघ हाथ ।
जोवउ पुरिष तणउ ए कूड, वेसासीनेइ करि ज सूडी ॥१२०॥
स्त्री चरित नवि लाभिइ पार, स्त्री कहइयइ माया भंडार ।
कहउ नारीनो अवगुण कसो, अण खाधइ ए पाणी रसउ ॥१२२(१२१)॥

---

१. तुम्हनइ-ब

1. रोइ- अ.

2. कुंभकरणनइ निंद्रा वाहली हती तिम-अ
गाथा-११७, ११९, १२२(१२१) ब प्रतमां नथी.

पुरुष किसिइ कहियइ गुणवंत, पुरुष तणा नवि लीजई अंत ।
कूड कपट नाटक केवलइ, मनि कुडउ मुखि म धरउ लवइ ॥१२२॥
पुरुष तणउ म करउ विसास, डोरा पाखइ पाडइ पास ।
साचि पुरुष न [1]राखइ किमइ, पुरिष जाय नरग पहु सातमइ ॥१२३॥
अवगुण हिव बोलो कितला, ते(त)ल माहि काला जेतल(ला) ।
देवतणी गति विसमी जोयइ, अणचिंतिविउ तेह ज होइ ॥१२४॥
सखी कहइ हिव छाडि रूहाडि, ते लाभे जे लिखो नीलाडि ।
विगि करी हिव चालोउ देव, कुण अवसर रहेवा नउ हेव ॥१२५॥
[2]क्रमि क्रमि ते हव चाला जाम, आहड नयर पहुता ताम ।
उचा गिर तरवर संघणा, करइ नीर नीझरणा तणा ॥१२६॥
लोक न चूकइ लोकाचार, जाणइ धर्माधर्म विचार ।
वारु देखी नगर नीवास, भाडइ लीधउ एक आवास ॥१२७॥
त्रीजी भूमि रहइ एकली, जुथ विबो(छो)[3]ही जम हरणली ।
कुमरी झूरिइ अनूदेनि रयणि, विनयचट निवि देखइ नयणी ॥१२८॥
विनयचट हिव नयर मझारि, गीत कवित रंजइ नरनारि ।
सरस्वति भगवति वर आराधि, विलसइ बुद्धि अनोपम [4]चार ॥१२९॥
जाणइ लक्षण छंद पुराण, जाणइ उं(उ)षध मंत्र विनाण ।
छत्रीसइ दंडायुध समी, उदयवंत अधकेरउ कर्म ॥१३०॥
देखी विद्या तणउ निवास, लोक कहिइ विद्याविलास ।
नयर लोक मनि गाढउ वसिउ, जिम कसोवटी सोनउ कसिउं ॥१३१॥
तिणि पुरि राज करइ [5]जयसत, भुजबलि सबल विडास्या सतु ।
शरवर एक खणावइ राय, अवर [6]देवश प्रभ जोवा जाय ॥१३२॥
खणता बीजक तिहा नीसरिउ, पंडित जाणइ [7]कुण नीकलिउ ।
राय भणइ जो बीजक मणइ, वड मंतीसर ते अम्ह तणइ ॥१३३॥
पडह वाजइ नयर मझारि, त्रिक चचर चउहटइ घरबारि ।
विद्याविलासह पडइ च्छविउ, फुल फलसुं जाइ प्रभ नमउ ॥१३४॥

१. राचइं-ब २. अनुक्रमि-ब ३. ब ४. सार-ब ५. जि शत्रु-ब ६. दिवसि-ब
७. नवि-ब
गाथा-१२२, १२४नुं प्रथम चरण, १२५नुं अंतिम चरण ब प्रतमां नथी.

विनइ करीनइ कहइ कुमार, सांभलि राय ब(बी)जक सुं(सु)विचार।
[1]चिहु पुरिसहिं पुहवी मझारि, सुलो कोडि सोवन अवधारि ॥१३५॥
आहिडराय तणो ए ठ्राठ, पत्र लिखिउ जेहिं कारणि नाम ।
प्रगट हुवउ तहा धण असराल, हरखिउ देखिउ मनि भुपाल ॥१३६॥
[१]पंचसई घासउ गामह सात्थि, वड मुहोतउ थापि सय हाथि ।
वाजइ पंच सब्द नीसाण, ए जाणइवा पुन्य प्रमाण ॥१३७॥
पुन्यइ हे तासु सुजस गहगहइ, हरख्यो लोकनगर एम कहे ।
ए मोहतउ जुगतउएण इणइ राज, सोनइ माणिक बइठो आजु ॥१३८॥
महता पद दीधउ सांभली, सखी तणी तव पूगी रली ।
सोहगवति वधावइ जाइ, सांभलि वात अपूरव माई ॥१३९॥
भाग्यइ अधिकउ विद्याविलास, समरथ पंडित भोगविलास ।
राजा आपइ [२]नितु बहुमान, थिर करि थापिउ [३]राज प्रधान ॥१४०॥
रूपवंत गुणवंत सुजाण, नगरलोक पुण करइ वखाण ।
हिव आदरवउ आदर करी, रयणहार जिम [४]हियडइ धरी ॥१४१॥
तव बोले सोहगसुंदिरि, तास वयण नवि कानहि धरी ।
[५]एहनउ जणउं हउं प्रमाण, ए मूरखनुं म करि वखाण ॥१४२॥
परमारथ नवि जाणइ लोक, अणजाणतां बोलहि फोक ।
एहनउ नगरमाहि जसवाइ, ते मुझ लाछि तणो सुपसाउ ॥१४३॥
धण नइ सहुयइ आदर करे, जी जी करता पाय अणुसरइ ।
जेहनइ लाभि परघल छासि, तेह घरि आवइं केती दासि ॥१४४॥
धन मन चिंता सीझइ काजु, धन सुपसाइं पामइ राजु ।
तेहज पंडित ते गुणवंत, ते सुकलीणउ जे धनवंत ॥१४५॥
सखीय [६]कहि कहिवउ किसउं, कुडो कारण तुझ मनि वसिउ ।
जां नवि देखइं तु निज नयणा, ता नवि पतिजइं माहर वयणि ॥१४६॥
मुहता अधिक वधारइ राज, बुधि प्रमाण सरइ सवि काज ।
अंन दिवश चिंति नरनाह, मुहतो गरुउ गुणहिं अगाह ॥१४७॥

---

१. पंचसयां स्यउ-ब २. अति-ब ३. आदर-ब ४. आज-ब
५. वलीय वली तूं किस्यूं वरकांण-ब ६. गुणवंत इसिउ-ब
1. ४ पुरुष प्रमाण उडा जईइ-अ गाथा-१४४, १४५ ब प्रतमां नथी.

एहनी घरणि अछइ ए जसि, ते जोवानी चिंतावशी ।
नारी नरवर एक सहाय, कोतिग उपरि अधिको भाव ॥१४८॥
हसीय वयण राजा एम भणइ, नवलो मुहतो तुं अम्ह तणइ ।
नवि दिन्हो भोजिन एक वार, पंडित पणि चूकिहि वार ॥१४९॥
राय वयण सांभलिउं सुजाण, ए पणि काई अछइ विनाण ।
घरभ(भे?)दी को मलिउ चाड, हिव पडसि घरनउ उघाड ॥१५०॥
हस्त रोवंता घरि पाहुणो, तेहनइ कीजइ आदर घणउ;
एम जांणी [1]मांनिउ मनि रंग, भोजन राजा तेडउ जंगि ॥१५१॥
वस्तु ताम मुहतउ ताम मुहतउ पति नियगेहे, मन चिंता चितवइ ।
सति([2]खी)य ताम पूछइ वियक्षण, तिणि कारणि जाणी करी ।
कुमरी [3]पासि पहुती ततक्षणि, सांभलि सोहगसुंदरि ।
विहाणइ तम्ह घरि राय, भोजन करिवा आवसइ ।
आदरि करजो माय ॥१५२॥

राग केदारो उछहली – ढाल

पभणे सोहगसुंदरी सांभलि वात ज माहरी ।
[4]ताहरी सीख करिसुं, हउं केमइ ए ॥१५३॥
सोलह सोलह वरिसियं, कन्या जे आणेसीय ।
[5]ताहरी सीख करेसुं, हउं किमइं ए ॥१५४॥
मुहते ततक्षण आणीय, कन्ना(न्या) सोल समांणीय ।
वाणीय अमीय समाणी रंजवइ ए ॥१५५॥
रुपवंत अति रुवडी, करि सोवनमय चूवडी ।
डुवडी जाणे करि मत्तमत्थ तणी ए ॥१५६॥
पहिरण दक्षण चीरु ए, रयणजडित उरि हारु ए ।
वारु ए झलहलइ कानइं हिं कुडलु ए, लावन्न रस भरि रुवडी ।
मिलिय ते तेवड तेवडी, केवडी सिरवरि लहिके अति भमी ए ॥१५७॥

---

१. आणी–ब २. ब ३. ताम पूछइ–अ
४. सूण सीख करी, जे हूं कहुं ते आदरउ ए–ब
५. तउ हसीय नरपति नइ प्रीसण करू ए–ब
गाथा–१५६, १५७नुं अंतिम चरण प्रतमां नथी.

ठामि ठामि मोति तणा, चउक पूरी दीसइ घणा ।
सांधणा कुंकम कसर छांटणा ए ॥१५८॥
पटकोल ना चंदोवा, भातिहि लागा जूजूया ।
तहु याम रुपि रुपि सोहता ए ॥१५९॥
गूडी [1]वंदरवालु ए, तोरण [2]तणा झमालु ए ।
मालू ए लहेके चंपक केतकी ए ॥१६०॥
नाचहि नव नव छंदहिं, एक गावहिं आंणदहीं ।
जगहिं सजण मिलाउ, तिहि मलइ ए ॥१६१॥
आहड नयर नरेसर, दान मान अलवेसर ।
अवसर देखी न चूकइ चाउलो ए ॥१६२॥
भोजन काजहि आवीउ, मोती रयणइं वधावीउ ।
गाईउ जासु सुजस [3]भड वाउलउ ए ॥१६३॥
**चउपई** इक आभोषण आपइ आइ, एक वीजण ले वीजइ वाय ।
बइसणि ता उचा वरि संचहि, सोवन थाल आणी इक धरइ ॥१६४॥
पहिली फलोहलि मेहली घणी, तउ मनसा होइ जीमण तणी ।
[4]तीन्हा खाटा मधूरा घणा, [5]सुपरि परोस्या नइ सालणा ॥१६५॥
खाजा ताजा घीउसुं तला, वारु खंड अद्धोअद्ध मिल्या ।
लाडू गाडू नइ अनमान, ते हिव मेल्हा वानोवान ॥१६६॥
दे वजीरनइ सुरही सालि, नीला मूग अखंडित दालि ।
इकि सुरहउ नइ ताव्यउ जाणि, परघल घीय परोस्या आणि ॥१६७॥
केला खरबुजा सहकार, वलि नीकोल्या रायण सार ।
माहि वहावीउ घीउनउ पूर, वलि हीरागसाकर चूर ॥१६८॥
माडी मूरकी [6]मंडा सेव, ते जीमवानी लागी टेव ।
घणइ घोल भीना ज वडा, ते मेल्हा थाली जेवडा ॥१६९॥
इकि मागइं वली तेहना झोल, फुल वघारि वघारिउ घोल ।
कढिया दुध ते आव्या जाम, सथरा दही पहता ताम ॥१७०॥

---

१. वन्नरवालू-ब २. झाक-ब ३. जगि-ब ४. ताता-ब ५. इस्या-ब ६. झीणी-ब
गाथा १५८, १५९ ब प्रतमां नथी. गाथा-१६१, १६४ ब प्रतमां नथी.
गाथा १६७, १६८ ब प्रतमां नथी.

निरमल नीर चलू इक भरइ, पान तणा बीजडा(बीडा) संचरि ।
उगट्टे चंदण केसं(स)र तणी, बहु परि आवी पिहिरावणी ॥१७१॥
भइरवसानी बा(छा)प पटकुल, [१]पिट्ठवणाउ गोमट हूल ।
[२]झूणी उर मन ली वर दार, अद्वोरी नर मा चौनार(?) ॥१७२॥
हीसंता हइवर हांसुला, लक्षणवंता जाति भला ।
महताइ भेटि कीधा घणा, पुन्य पसाइ नही काई मणा ॥१७३॥
राजा नगर लोक परिवार, भगति भाव रंज्या तेणिवार ।
घरि पहुतो चितइ भुपाल, सवे सरीखी नरखी [३]बाल ॥१७४॥
जेणि कारणि ए कीधुं सहुं, जांणी न सकी मुहता वहु ।
स्त्रीनु देखी [४]चरित म चाउ, तेणि मनि देखी वि[वि]द्विउ राउ ॥१७५॥
किम जाणीसइ तास प्रमाण, वली विमासइ अवर विनाण ।
कल्पित सुपनांतर भुपाल, महता आगलि कहूं रसाल ॥१७६॥
विजयादेवी पुरब वाल, कोप चडी बोलि विकराल ।
दांनव दैवत महाभड भीम, तेहना वेगइ उतारइ [५]सीम ।
तुही तारउ मारउ रोस, इकि बीवाहउं पाडउ सोस ॥१७७॥
हरिहर व्र(ब्र)म्हादेक जे देउ, आणं मनाय करावी सेव ।
हउं छउं सगतिं तणइ अवतारि, इच्छा विलसुं त्रिजगि मझारि ॥१७८॥
काइरइ छाडिउ कुलनउ चाउ, तिणि तेइ वींटउ अद्धिको वाय ।
माहरी करी अवन्या इम, ताहरइ कुलि नवि देखिउ खेम ॥१७९॥
भय कंपे जंपइ नर राय, कुंण अपराध कीउ मइं माय ।
जे ते थापि [६]उच्छिर मंतीस, तेहनी तुमनि अतिहिं जगीस ॥१८०॥
नारि सहित नाटक नच नाद, काइ न कीधूं मूझ प्रसादे ।
तेणइ रूट्ठी हिव काल कृतांत, ताहरो विहेलो आणीस अंत ॥१८१॥
प्रजापाल भूपति सिरं चडइ, अवर दंड अवरा सिर पडइ ॥१८२॥

---

१. पीठ तन सुख वस्त्र बहु मूल-ब २. झूना झीणा खासा सार-ब ३. नारी-ब
४. चतुर-ब ५. नीर-ब ६. घरि-ब
गाथा १७७नुं अंतिम चरण, १७८,१७९नुं प्रथम चरण ब प्रतमां नथी. १८२नो पूर्वार्ध कोई प्रतमां नथी.

धडहडति सा कोपाटोपि, असुं कहंती गई अलोपि ।
महता नाटक हुच(व)उ दुउ, अनि थि बाहर अनि कुकूउ ॥१८३॥
चिंता पर हूवउ मंत्रीस, ए पणि कारण विश्वाविस ।
भूख त्रीख निंदा वीसरि, चिंता डाइण पाखलि फरी ॥१८४॥
जेहने मति ए चिंता वसइ, करवत जिम २ हियडइ धसइ ।
चिंता देह गमाडे [१]वान, जिम घण लागइ वणसइ धान(त) ॥१८५॥
विनय करीनइ पूछइ सही, नाटक चिंता तेहनइ कही ।
सा पहुती कुमरी पासि, जेह एकांति रहि आवासे(सि) ॥१८६॥
तास वयणइ श्रवणि सांभली, सोहगसुंदरी बोलइ वली ।
[२]खडग(ज) ऋषिभ मधम गंधार, सपत सरना बहुत विचार ॥१८७॥
गान तांन जतिमान प्रधान, ततक्षण सिखरणि वितित वितान ।
तालमेल अलतिना छेद, तेहना किंपि न जाणइ भेद ॥१८८॥
वाजउ वाजइ जेणि छंदे, तिम तिम तु नाचिइ आणंद(दे) ।
जिसी भींति तिसुं चित्रांम, दांन प्रमाण तिसउ जगि [३]मान ॥१८९॥
अणगमतो तेणइ मानउ वण, हरखइ वहसिउ महता वयण ।
मंगलीक ना वाज्या तुर, रयणि विहाणी उगिउ सुर ॥१९०॥
राजा सपरिवार तिणी वार, पुहुतो विजयादेवी दुयारि ।
किम कोंतिगिउ आलसु, अधिकारी ते राजा वसु ॥१९१॥
नाटक सामग्रही संयुत, घरणि सहीत महतउ संपत ।
मंडप छाया तहिं चउसाल, बेठा नगर लोक सविसाल ॥१९२॥
पहिलउ मादल वाजइ सार, धप मप धप मप धौ धौंकार ।
पहिरी अछइ सुकोमल चीर, मृगनयणी पोहती तसु तीर ॥१९३॥
झब झब झलकइ कुडल कानि, रूप अनोपम चंपक वानि ।
कणयर का(कं)ब जिसी पातली, सिघ जिम कडि त्रिवडी मली ॥१९४॥
निरतां पाइ ठ्ठवे तो छंदि, भरह भावि नाचइ आणंद(दि) ।
रण रण रणंके जिम कंसाल, बाल फालसिउं मेहलइ ताल ॥१९५॥

---

१. धातु-ब २. खडर-ब ३. नांम-ब
गाथा १८४, १८८ ब प्रतमां नथी.

मधुरस सुर वाजइ किंगरा, धम धम धमकइ पाय घूघरी(रा) ।
लहिके वेणी भुजंगम जिसी, नव नव पाइ ट्ठवि उलसी ॥१९६॥
फणि फणि जिम झलकइ राखडी, काजलसुं अंजि आंखडी ।
धों धों धु धु कटि धीकुटि विकुटि, खखु खनि कप्पु(?) गुण
खोखिणि त्रिकूटी ॥१९७॥
[1]वच वच पुट दों दों नाद, गगडि दां गगडि दां गहिर निनाद ।
[2]धद्वि धद्वि धरी [3]गन तुंग, द्री कथ द्री कथ थोगिणि तुंग ॥१९८॥
काहल भुगल वरतंती ताल, पडह वेणी वेणा कंसाल ।
सर मदल सुर वीसुर नारि, मुहतउ वायवइ विवधि प्रकार ॥१९९॥
बत्रीसइ भाषा षटराग, तेहना जाणइ मुहतउ माग ।
जेणि जेणि छदि नचावी नारि, तिणि तिणि च्छदि न आवी हाणि ॥१००(२००)॥
अद्रभुवण जे नाटक होइ, नाम लोक नवि जाणइ कोइ ।
सरसति भगवति वर अवधारि, ते मुहते मंडिउ तेणी वारि ॥२०१॥
विद्याधर किंनर किंनरी, जोवइ गयणि उमाहो धरी ।
हिंयडइ भीतिर हरख न माय, ते नाटक किम कहणा जाइ ॥२०२॥
पुफवृष्ट गयणइ सुर करइ, जयजयकार दिउ उचरइ ।
जाणपणानो करति वाद, भागो नारि तणो ते नाद ॥२०३॥
तां तारायण चंद विकास, जां दणीयर न करंति प्रकास ।
तां गयवर घण गजइ सादि, केसरी ताम न गुंजइ नादि ॥२०४॥
नादि महरिसि मोह्या लोय, जिम कुरंग लइलीणो होइ ।
टगमग जोवइ नयणइ सहू, हरखी ततःक्षण मुहता वहू ॥२०५॥
ए नारद [4]नु(कु)वर अवतार, ए पणि अधिक कला भंडार ।
जिम जिम देखइ निज भरतार, तिम तिम वाधि नेह अपार ॥२०६॥
चंदह दंसण जिम चकोर, मेह आगम जिम नाचइ मोर ।
जिम वसंत आवइ वणराय, श्रावण धुरि जिम [5]वहिसइ जाय ॥२०७॥

---

१. वच्च वट वच्च पट–ब २. धधि धधिरी–ब ३. गडगड–ब ४. कुमर ए–ब
५. विकसिइं–ब

गाथा १९५, १९६, १९७ ब प्रतमां नथी. गाथा–२०२, २०४, २०५ ब प्रतमां नथी.

एता दिवसि गमाडा आलि, निहचइ भागि विहोणी बाल ।
जीवो राजा कोडि [१]बरीस, अबला पूरी आस जगीस ॥२०८॥
श्रीमुखि राजा करइ वखाण, तम्ह आगलि नवि दीसइ जाण ।
धन धन एक शरीखी जोड, बइ जण मांहि न दीसइ खोडि ॥२०९॥
दिन फटी हुई एक घडी, रवि आत्थमिउ सिंध्या पडी ।
दीधो दुहो आहेडनउ धणी, चालो नगरलोक घर भणी ॥२१०॥

दोहा बइ करजोडी वीनवइ, सोहगसुंदरी ताम ।
हउ बलिहारी ताहरइ, विजयादेवी नाम ॥२११॥
जास पसाइं मन तणी, हिवे भागी मन भ्राति ।
प्रीय संगम तीरत्थ सही, साचउ नाम कहंति ॥२१२॥
भाव भगति पूजा करी, बि चाला मनि रंगी ।
पगि पगि वाधि नेह घण, हरख न मावइ अंगि ॥२१३॥
[२]लीलांइं ललना कहि, वालिंभ साभलि वात ।
सवा लाखिणी मुंदडी, झडक पडि नाचंति ॥२१४॥
चउप्पई प्रमदा सुंणी वयणे प्रेम द्धरत, मुद्रा लइवा चालो मंत[३] ।
दिया जिम झलकंति अपार, ते लेई आवो प्रोलि बारि ॥२१५॥
दीधा देखी प्रोलि कपाट, पइट्ठो नगर खोलनी वाट ।
वीसमइ वसिहर डंसिउ पाय, तउ विस लहरी लहरी कांइं ॥२१६॥
रडवडतउ पडतो [४]घुमति, लडखडतो मूडतो धुणंत ।
वेशावाडर(इ) आवउ तिमेइं, विशधारीउ ते पडीउ भिमइ ॥२१७॥
कामलता गणिक उलखिउ, काल माहा{माहो} विष ततषिणि [उ]लखिउ ।
गुपति करी आणेउ निज गेह, मणि उहोलीनइ छटी देह ॥२१८॥
जंत्र मंत्र मणि अवषध तंत, तेहना गुण कोण जाणइ अंत ।
चेतन रहीत जिसुं होइ मूउ, मणिप्रभाय ते निरविष हुउं ॥२१९॥
कामलता पभणइ सुणि देउ, मइ तुं निरविष कीधउ हेउ ।
करि चिंतामणि चड्यो अजु, आज प्रमाण चड्या सवि काजु ॥२२०॥

---

१. घरी-ब २. लीलापति-ब ३. अंध-ब ४. धूजंत-ब
गाथा २०९, २१२ ब प्रतमां नथी. गाथा-२२० ब प्रतमां नथी.

चिंतइ मुहतउ मनह मझारि, ते विरला दीसइ संसारि ।
विण उपगारइ करइ उपगार, ते कहीयइ पुहवी संगारि ॥२२१॥
जो वर [१]मागइ ते वर मागि, निचइ तुट्ठो ताहरइ भागि ।
जे मोहे मागिउ लाभइ तिहां, विण आदि समजाइस किहां ॥२२२॥
मंत्रि साथि मंतरिउ दोरडउ, पगि बाधिउ कीधो सुवडो ।
[२]सकल दिवशि रहे पंजरइ, दोरो छोडी निसि नर करइ ॥२२३॥
कमलावती पुत्री तसु तणी, तेणि रुपइं जीती माननी ।
तेहनइ भरह भाव सीखवइ, [३]निरता नाच ट्ठाण दाखवइ ॥२२४॥
कीजइ भगति सदा नव नवी, जाणे तुट्ठी कामतिगवी ।
मुहता गणिकानेइ आवासि, एणि परिहरि रहिउ बारह मास ॥२२५॥

**अथ ही(हीं)डोला-ढाल**

निसि भरि सोहगसु(सुं)दरि रइ, जोइ बालंभ वाट ।
निंद्रा न आवइ नयणडइ, हिंडोलडा रइ हियडइ [४]पडिउ उचाट ॥२२६॥
हीडोलडा रइ वालभ विगउ आवि, हिंडोलडा रइ विरह न सहणो जाय।
हिंडोलडा रइ विरहणि विरह म लावि, हींडोलडा रइ मुझ मनि करीय निरास।
हिडोलडा रइ आवि न आवि आवासि, हिंडोलडा रे बालभ विगो आवि ॥
२२७ आंकणी

एता दिन मइं अवगुण्या, [५]हिंडउ निरगुण कोई ।
गुण दाखु हिव आपणा, हिंडोलडा रे छयल म च्छानो होइ हींडो० ॥२२८॥
तइं मन मोहिउ माहरउं, जिम महुयर वणराय ।
अजीय न आवइ वालहउ हिंडो० ॥२२९॥
चंदन उगटि तनु दहि, विसीहर फुला माल ।
काइरइ पुनिम चंदला, हिंडोलडा रइ, विरहणि विरह मलोवि हींडो० ॥२३०॥
जइ सिर करवत ताहरइ, दीजइ सिरजणहार ।
विरह विछोहा माणसां, हिंडो० ॥२३१॥
कइ मइ बाल विछोहिउं, रिषि कीया संताप ।
कइ वणदव परजालीया, हिंडोलडा रे, तिणि संतापी पाप हींडो० ॥२३२॥

१. मन मानइं–ब २. सारउ–ब ३. नर तूं–ब ४. खरु–ब ५. प्रीयडउ ए नरगुण कोइ–ब
गाथा २२७, २२९ ब प्रतमां नथी.

एकलडी रे निरधार तइं, काइ सिरजी किरतार ।
उलभा दीजइ किसा, हिंडोलडा रे, हिव कुण करसइ सार हींड० ॥२३३॥
आशा डुगर जेवडी, जीवी वाधु बाल ।
माणस केरउ चितवउ, हिंडोलडा रे, भांजइ देव अकालि हींडो० ॥२३४॥
सहीय समाणी बुझवइ, सु(सुं)दरि म करि विलाप ।
अणचिंतो [१]प्री आवशि, हिंडोलडा रे, जिम नइ मोर कलाप, हिंडो० ॥२३५॥
आस म छाडीस हे सही, जां जीवइ तां सीम ।
[२]सबे सरीखा दीहडा, हिंडोलडा रे, ते नवि जाइसइ इम, हिंडो० ॥२३६॥

**वस्तु**

निसि विहाणी निसि विहाणी पूर्व दिसि सुर, उदयाचल उदयउ हुउ ।
अ(अं)धकार दह दसिय णट्ठो, सिंघासण सिंघ जिम ।
नरविरिंद ततखिण बइठउ, तेणि अवसरि मुहता तणउ ।
विनवीउ विरतांत, तं निसुणीनइ [३]सोकभारि हाहाकार करंति ॥२३७॥

**चउपई**

रे रे सुहड दिसो दिसि जाय, विगे करी हिव वार म लाय ।
जोवो गिर कंदर वणखंड, धसमस धावउ जेम[४] प्रचंड ॥२३८॥
मुहोता सुद्धि ज को नर कहइ, अरध राजा नर कन्या लहइ ।
देसि विदेसिहिं जोवा गया, विलखा थइ पाछा आविया ॥२३९॥
निमिति तेडीनइ पूछिया, देवा देवी बलि ईछिया ।
जिम जिम मुहता गुण संभरइ, तिम तिम आसू नयणइ झरइ ॥२४०॥
जेहना मन रिहा घण नेह, ते वणि विरहे व्यापइ देह ।
एणि परि पूगा बारह मास, राजा छाडी मुहता आस ॥२४१॥

**दोहा** अंन दिवशि ते सुवडो, पंजरि त्थको विनाण ।
पंख पसारी उडीउ, अवसर जाणी तांम ॥२४२॥
वारु नयरि निहालतो, राय अंगणे जव पत ।
राजकुंवरि सुरसुंदरी, दीट्ठो रंग तुरंत ॥२४३॥

१. सहीय-ब २. वली (व)वलेस्यइं-ब ३. राजा सोक भरी-ब ४. जे बल चंडा-ब
गाथा २३०, २३१, २३२, २३३ ब प्रतमां नथी. गाथा-२४०, २४१ ब प्रतमां नथी.

निरुपम देखी सूवडो, हात्थ पसारो जाम ।
[१]ते उडी उंचेरडउ, बइट्ठो सूवडो ताम ॥२४४॥
कुमरी पभणि सुवडो, कांई [२]विरतो अम्ह देखि ।
आगे नारी संगमइं, ए फल पाम्या पंखि ॥२४५॥
मूढ मखल गूड एक करि, निरगुण सबइ न हुंति ।
दुध पयंता दाधिजइ, फुकी छासि पीयंति ॥२४६॥
मधुर वयण जण रंजवणा, साजण घण गुण जुत ।
रुपहिं रुवडा सुवडा, कहि न अपूरब वात ॥२४७॥

**गाथा** सुकोवाच
मंता मंत्रण कोवंनो, किं कीजइ गुरुजण सदंसण ए ।
भोयण जोग किं मन, पढमं किं पाढइ बाला [उ(ॐ)नमः सिद्धं] ॥२४८॥

**कन्या प्राह**
निवसइ थणाण मझइ, हारो नवि होइ कामणी जणस ।
ता कहिउ न बुझंसि, पंडिय [३]गब मूच हसि ॥२४९॥
[४]निय अवसरि विलाद्वो, को दुखं देई सयल लोयस [अरिशत्रु][1] ।
[2]दुख जण को सदो, को देवो तिहुयण सपहू [[५]अरिहंत] ॥२५०॥
इणि परि नव नव रस, बे जण सरसा भणंति ।
सरसइ सरसइ जउ मिलइ, तो हियडउ विहासंति ॥२५१॥

**चउपई** [६]बइ जण मिलिया एकइ साथि, बइठो सूवडो कुमरी हाथि ।
नीलवरण चल चंचल नइण, अमीय रसायंणि बोलइ वयणा ॥२५२॥
द्राख बिजउरी दाडिम कुली, कंदली दल नारंगी फली ।
जे जे वारु वन फल जाणि, सुवडा आगलि मेल्हया आणि ॥२५३॥
जुनो दोरा देखी [७]पाइ, कुमरी छोडी [८]लांखिउ जाय ।
ततक्षण हूवउ विद्याविलास, कुमरी मनि ते हुउ उलास ॥२५४॥

---

१. गयणइं थकी–ब २. विरुउ–ब ३. गव्वं किमं वहसि–ब ४. इय अवसरेण लधेकौ–ब
५. ब ६. बेऊ मन–ब ७. पंखी–ब ८. जाणी पुंख–ब
1. ब 2. हंत कहियइ माति–ब
गाथा–२४८, २५० मां कोयडानो उकेल [] कौंस करी दर्शाव्यो छे.
गाथा–२४८, २४९मां अनुक्रमे सुकोवाच अने कन्या प्राह शब्द ब प्रतमांथी लीधेल छे.
गाथा – २५३ ब प्रतमां नथी.

ए कुण चरित अपूरव देव, आप सरूप कहिउ [१]संखेव ।
नयण बाण आवेद्धी बाल, काम दवानल पसरी झाल ॥२५५॥
मद भंभलि सांभलि [२]म वयण, वहसी कमल नयण गय गमणि ।
मइं जाणउ मननउ अनुराग, हिवडा रहिवानउ नही लाग ॥२५६॥
कामलता गणिका आवासि, वाचाबद्ध वस्यो तिणि पासि ।
वाच न चूको हरिचंद राय, वाच जुधष्टर जगि जसु वाय ॥२५७॥

**सुकोवाच**

आदि अखिर विणि निहचल होइ, मधि अषिर विणि पयडउ होइ ।
अंत अखिर विण विप्रसु होइ, ते अम्ह घरि जणावि जोय [कुसल] ॥२५८॥

**पुनः सुकोवाच**

**दुहा** भरम झाणवि जो वसइ, आगलि [३]कान ठविज ।
ए दोइ अषिर मेलि करि, अम्ह उपरि करिज [मया करजो] ।
इम कही ते सुवडइ, दोरो बांधो पाय ।
पहतउ गणिका वर भवणि, मनि आनंद न माय ॥२५९॥
चितें चमकी राय धूव, देखी [४]मित चरित ।
सोहगसुंदरि तणइ घरि, पुहुति हरखि तुरंति ॥२६०॥

**गाथा** सा पूछइ रायसुया, [५]दुबल देह कह तुम्ह दीसइ ।
[६]सोउण ता सुय वयणं, निसासा भणइ सा एवं ॥२६१॥
जो नवि दुखं पता, जो नवि दुख सनिगह समत्था ।
जो नवि दुहिए दुहिया, ता कस कहिजइ दुखं ॥२६२॥
स कोवि नत्थि सोयणो, जस कहिजइ हियइ दुखायं ।
आवंति जंति कंट्ठे, पुणो विहीए विलजंति ॥२६३॥
अहियं दुखं पता, अहिय दुखं निगहा समत्था ।
अहियं दुहियं दुहिया, ता मझ कहइ हिए दुख ॥२६४॥

---

१. ते देखि-ब २. मुह-ब ३. कन्ह-ब ४. मंत्री-ब ५. दुन्निइ वत्त कहंति-ब
६. वात सुणावइं हरखस्यूं, आवी घरि एकांति-ब
गाथा-२५९मां कोयडानो उकेल [] कौंस करी दर्शाव्यो छे.
गाथा-२६२, २६३ ब प्रतमां नथी.

सलं सल विसया, विरह दुहं पियजण सम [1]हियाए ।
जेणवि सल तेणावि, मरणाउ हो हि [2]दुर ॥२६५॥
अनं सबं(व्वं)पि सुहं, कहमपि लोयाण नूण विसरए ।
वलह विजोग दुखं, जावजीवं न विसरइ ॥२६६॥

दुहा राजकु(कुं)वरि सुरसुंदरि, विहसी वयण भणंति ।
[3]कल्हि प्रीय मेलावडो, तुम्ह होसइ गुणवंति ॥२६७॥
अमीयव[य]ण सा सांभली, देह हवी रोमंच ।
मागी देसी वधामणी, जइ ए [4]साचउं हवंति ।
सुरसुंदरि नीज तातनइ, महता कहिउ चरित ।
गणिका तेडी प्रभु भणइ, पभणी महता वात ॥२६८॥
कमल(ला)वति पुत्री तणो, पाणीग्रहण करंत ।
तउ मुहतउ नरवर निसुणी, वाचा उराणि हवंति ॥२६९॥
राजा मानिउ एह वयण, मोहतए विद्याविलास ।
बहु परिवारि परवरो, पोहतो भूपि आवासि ॥२७०॥
घरि घरि उछव नव नव, घरि घरि मंगल चारु ।
हरखि करइ वधामणी, सु(सो)हगसुदि(सुंद)रि नारि ॥२७१॥

**अथ वीवाहला-ढाल**

जोसीय राय तेडावीउ ए, बी(वी)वाह लगन गिणाविउ ए ।
कुंकम पत्री चिहु दियइं ए, नरवर मुकलावइ हसि [5]हसइं ए ॥२७२॥
मंडपि सुपरि बंधावीउ ए, वीवाह लगन गिणाविउ ए ।
भोजन भगतिहिं नव नवी ए, नितु कीजइ गुणियण गुण तवी ए ॥२७३॥
गावहिं गीत रसाल ए, मधुरइ शुरि अबल बाल ए ।
लाडण वानि चडावीउ ए, सिर रयणहि खुंप भरावीउ ए ॥२७४॥
मृगमदिमइ वटि सरि ए, अति अंगइं सिंगार कराविए ए ।
सीफर चामर छत्र ए, नव छद हि नाच्चइं पात्र ए ॥२७५॥

---

१. महहीए-ब २. दूरंपि-ब ३. काले-ब ४. साचउ सच्च-ब ५. मिसइं-ब
गाथा-२६४, २६६ ब प्रतमां नथी.
गाथा-२७१, २७३, २७४, २७५ ब प्रतमां नथी.

मुखितं बोल सुरंग ए, जांणे करि रुप अणंगु ए ।
दीजइ दान अपारु ए, मागण जण जयजयकार ए ॥२७६॥
राजकुमर घोडइ चड्या ए, सब [1]समरसिंह सिरसी गय गुड्या ए ।
तरल तुरंगम आरुहिउ ए, अविचल जस पूठवि गहगहिउ ए ॥२७७॥
लुण उतारइ लहुडली ए, कुलवंति रुपेहि अति भलि ए ।
वरराए तोरणि आवीउ ए, तव सासू विधिहि वधावीउ[ए] ॥२७८॥

**ढाल-उलाला**

सुरसु(सुं)दर(रि) सिंगारु, सिरवर तेल सचारु ।
पीठी अंगि उतारउ, कुसमइंहिं सिस भरावो ॥२७९॥
पहिरीय गजवडि फालिय, [2]वियणर सोहि रसाली ।
करि सोवनमइ चूडी, लाडी रूपहि रूडी ॥२८०॥
सयल जन मन [मो]हो(ह)इ, कांनइ कुंडल सोहइ ।
लहेकइ नवशर हार, पाइ नेउर झणकार ॥२८१॥
नयणहिं काजल रेह, तेजइं झलकइ देह ।
नखि अलतानउ रंग, अधर परवाली सुरंग ॥२८२॥
बोरीय वडोरी चोली, मिलिय ति भंभर भोली ।
पूरवभव जिण ध्याईउ, तो तम्हेइ वर पाउ ॥२८३॥

**भास**

चउरी वरराय आवीउ ए, दुजणडा सिर पाउ तो ।
सहीय सुहासणी ए, दीजला आचार तो ।
वधावए भामणी ए ॥ आचली २८४
मिलिउ ए हिवत्थ वे(मे)लेडउ ए, जोसीय सकल सुजाण तउ सही ए० ।
[3]वरराय मंगल वरतीया ए, परणीय कुमरीनु बे(वे)सही ए ।
हयगय हाथि मिलावडो ए, [4]अरथ तउ दीधो तस महिय [सही ए] ॥२८५॥

---

१. सिंगारि गयवर-ब २. योवन सिहरि-ब
३. च्यारिइं मंग वरती ए, परणी कुमरि नव वेसि तु-ब ४. अरधूं दीधूं राज तु सहीय-ब
गाथा-२८२ ब प्रतमां नथी

रंगिहिं कीधो बी(वी)वाहलउ ए, दीजइ दान तउ अति भला ए ।
................ पहिरीय सगलिय जाणतउ सही ए ॥२८६॥
ढोल दमामा दडवडी ए, वाजइ भेरि नीसाण तो स० ।
बेउ कुमरी परणी करी ए, पोहोतो कुमर आवास तो स० ॥२८७॥

चोपाई त्रिहु नारिसु विलसइ भोग, सागर जिम त्रिविणि जोग ।
इला पिंगला नइ सुखमना, प्रमहंस जिम एक वासना ॥२८८॥
केलि कंतोहल गीत विनोद, प्रमदा साथि करइ विनोद ।
त्याग भोग [१]नति नवला करइ, मदन तणी लीला संचरइ ॥२८९॥
बालपणइ जे बोलो बोल, कुल संहारण एह निटोल ।
राज विरोधी पभणी वात, तेणइ कारणि अपमानिउ तात ॥२९०॥
हिव लेइसु उजेणी राज, बोल प्रमाण चडासवि आज ।
तेडावि सुरसुंदर राय, सइन सहित पोहोतो तिणि ठाहि ॥२९१॥
आहेड राए सखाइत कीध, संमुहरति सपयाण दीध ।
वारजइ तव ढोल नीसाण, कायर देखी ध्रसकइ प्राण ॥२९२॥
सुकुन हुवां जे प्रथम पय(या)ण, तेहनां फल सांभलो सुजाण ।
सकुन जणावइ आगम [२]भाउ, जे को जाणइ तेहना [३]रायु ॥२९३॥
वामइ वामा वारु ठामि, जे पुण बोलइ जातां गामि ।
जिमणी बोली वामी होइ, कुसल लाभ सुख संपति जोइ ॥२९४॥
वाम इच्छी दिक्षण दिस जाय, तारा नाम लहि सामाय ।
सात सुर कीधा जेइ होइ, ते फल एक ताराथी जोइ ॥२९५॥
वामइ राजा निसि बोलियो, खर वामउ तिणि रायइं लीउ ।
वामा सीयाल लाली निसि भरि हुया, काज सिद्धि पभणि जूजूया ॥२९६॥
जत्थ सावडू [४]सुपष्टा स्वान, पथिक लहीइ देसाउर मान ।
जिमणइ भयरव निसि कलकली, तव राजानी पूगी रली ॥२९७॥
हरणी [५]मलला जीमणा दो पहर, [६]कालीहर जे दीसइ महरि ।
डाबा सगमणा दो पहरइ पछइ, ते [७]परमाण विणराजा अछइ ॥२९८॥

१. नव–ब २. वात–ब ३. धात–ब ४. पुष्टा–ब ५. महलाली–ब ६. कालीयार–ब
७. तीजइ पहइरि वणराजी–ब
गाथा–२९४, २९६ ब प्रतमां नथी.

कुंभ करेवउ जंबु वास, गाइ सवछी लछी मास ।
हइ सपलाणउं राधउ धान, दीपक कुसम फल दधि व्रधमान ॥२९९॥
ए जिमणा दीसइ सवि चा(वा)र, दरसण दीठइ मंगल चार ।
पूठि तणो जे वायु वाय, अद्धकेरो मनि हरखो राय ॥३००॥
दुहा सकन सबइ वंदी करी, मनि धरि अतिहि उलास ।
[1]बहू दलमइ लीवा लीउ, राजा विद्याविलास ॥३०१॥

छंद पछ(द्ध)डीया

मरहटा जे हठ तुरत, कानेडा जइ सुहड भड भीमुति ।
राट जा लाट मेवाड, रण राय पाछउ नवि दिंति पाय ॥३०२॥
बंगाल गुजर नर निघट्ट, घोडइचा भजे भैरच्छट्ट ।
कसमीरा जे करि त्रिबंक वंक, षत्रीवट न चूकेइ जे निसंक ॥३०३॥
राय राणा मिलीया तिहिं अपार, नवि लाभइ पायक तणो पार ।
गय गुडीया जाणे गिरि समान, [2]क विकाल क विलस दुखान्ति ॥३०४॥
उलालइ सुडा दडयर चंड, मोडंति विगि तरवर प्रचंड ।
गजंति गयणि घण मेघ जेम, मद झरइ नीझरणा तिम ॥३०५॥

मोतीदाम छंद

बहु मोल्ला जे रण रोस, तरल तुरंगम अंगि अति सोस ।
लोह धार तिखिणि नवि संकइ, हइ पेखी हिंसा रवि मूकेइ ॥३०६॥
गंगाजल निरमल [3]तार तार, तेजि तोजि तपंति रणे ।
खुरासाण पयाणि पंथा [4]सुथा, हइवर हिंसइ रोस [5]गुणइ ॥३०७॥
हरीयाला काला जे घण मोला, वायहग वइ विगि करे ।
[6]जे चले चउ फल चंचल, लक्षत हें वर विवह परे ॥३०८॥
चालंत तिणि दलि धरणि ध्रसुकेइ, क्रोड कडखइ सेस फलं ।
गिरि धूजइ धडहडइ, तुटइ लोटइ लोटगणं ।

---

१. निज दल लेई संचस्यउ-ब २. के विकराला संदूरि वानि-ब ३. तारत तारी-ब
४. सूधा-ब ५. घणे-ब
६. जे चपल चउप्पल चंचल चालइं, लक्षण लक्षते विवह परे-ब
गाथा-२९९, ३०२, ३०३ ब प्रतमां नथी.
गाथा-३०६, ब प्रतमां नथी.

अय उठइ धूलि सधूसर भासर, वासरइसर लोपि गयं ।
झलिहल्या सायर, त्रिहु भुवणि हुवा कंपि भयं ॥३०९॥
समरत्थ रथ सारत्थ, लंब लहकइ झलकइ झयट्ठि गयणितल ।
हवि विगइं पहुचइ पंक न खूपइं, धडहड धसकइ भूमितल ।
सेवा नवि चूकइ परदल हकइ, संकटि सामी बोल दियं ।
धसमिसि चलइ निय वली बालइ, मेहलइ घाउ निसहीयं ॥३१०॥
सीमडा कंपइ जय जय जंपइ, अप हयगय रिद्धि वयं ।
किवि कायर भजहिं, रूहिर धूजहिं, गिरि कंदर तिणि वास कीयं ।
तंती तल ताल तिबल, काहलरव वजहि गजहिं, मेघ गयण गयं ।
ढम ढम ढमकइ जंगी ढोल, धसकंइ त्रह त्रह त्रबक नाद गणं ॥३११॥
जय जय ऐ रव उच्छल, मनह मनोरथ फला ।
[१]विद्याविलास पगितलि रुल्या, त(ते)नरदि(नरिंद)रने मिल्या ।
[२]मद मान सयल ततक्षण गल्या, श्रवणिहिं सुजस हमंभल्या ॥३१२॥

चउपई सेन सहित चाल्या भड भीम, चंपी मालव देसह सीम ।
उजेणी मुकल्या दुत, राजा थानक वेगि पहुत ॥३१३॥
अम्ह सामी छइ विद्याविलास, वइरी तणी निकंदइ वास ।
तेहनी आण जे सिरवरि वहे(वहइ), अधिकेरी ते संपति लहइ ॥३१४॥
जइ तम्हनइ इणि राजह काज, अम्ह प्रभ सेवा आव्यउ आज ।
सायर ताम गहिर गडबडइ, घटरूह बोल न तोलइ चडइ ॥३१५॥
तां दवानल मेल्हइ झाल, मेघ न वरसइ जां असराल ।
तां विस विसमा परड, जां नवि देखइ नयणहि गरड ॥३१६॥
दुत वयण कोप्यो भुपाल, रे रे खुटो तेहनो काल ।
जे अम्ह उपरि मंडइ प्राण, अवश तास चूकस्यइ प्राण ॥३१७॥
तिणि हिव छाडी सगली लाज, सुतो सिह जागवो आज ।
सेस नाग फणि मणि को धरइ, नव प्रसुत वाघणि को धरइ ॥३१८॥

---

१. दुष्ट मान निर्द्दल्या, शत्रु मद ततषिण गल्या–ब
२. श्रवणि जस संभल्या, अरिजन सावधणी ढल्या–ब
गाथा–३०९ ब प्रतमां नथी.

रुट्ठो देव न छूटण दीइ, अधिक कुबुद्धि अंगि आपेइ ।
जे जे बोल विरुद्धी कहा, दुत भणी तेह म्ह संसह्या ॥३१९॥
अपमानी मोकल्या दुत, ते निज राजा स्थानिय दुत ।
दल मेली राजा गज(जग)नीक, चालो सीह जिम भड भीम ॥३२०॥
सीमा [१]सांढि बेउ दल मिल्या, देखी सुहड [२]ते जइं झलहल्या ।
दीजइ सुहोडां बिमणा मात्र एकलहि मुहि माग्या दान ॥३२१॥
राजकुली छत्रीसइ मिली, जुद्ध काजि हीयडइ [३]आकुली ।
सइ हाथइ बीडा आपइ राय, तिम तिम पोरस अंगि न माय ॥३२२॥
छत्रीसइ दंडा जु लेइ, जुध को जि दल मेल्या बेउ ।
गयवर साथइ गयवर भिडइ, हय हय रत्थ रत्थ पायक जुडइ ॥३२३॥
वीजे जेम झबकइ करवाल, इकतणो एक करइ खिउकाल ।
वरसइ बाणाउ बाणाउ अनिवार, रणि गयणि किय घोर अंधार ॥३२४॥
भालइ वीधइ टोप सनाह, वहइं रुहिरना पूर परवाहि(ह) ।
गजइ सिंगणि गण घण मेघ, गोहिरा ढोल ढमकइ विध ॥३२५॥
गयवर रुंड मुंड रडवडइ, गिरवर श्रृंग जांणइ करि पडइ ।
रुहिर पंक खूचइ असवार, एक शिर पडि लोहनी धार ॥३२६॥
एक रत्थ भंजइ एक चकचूर, घरणि पडइ एक पाछा सुर ।
सिरि वेणि झूझइ धड विकराल, ट्टामि ट्टामि दीसइ कंकाल ॥३२७॥
वाजइ त्रंबक वादो वादि, एक बोलावइ सादो सादि ।
एक प्रकासइ कुल आपणउं, बोले विरहे इक मुहे घणउं ॥३२८॥
भरत्थ साथि बाहु प्रतिमल, जिम कोणिकसुं हल विहल ।
जरासध नारायण [४]जुइया, [५]कोरव जिम रणि माहि भिड्या ॥३२९॥
तिणि परि झुझइ नरवर बेउ, बेउ समरत्थ अकल अजेउ ।
देखी सोहडाना संहार, चिंतइ विद्याविलास विचार ॥३३०॥
धिगु धिगु ए पामर आचार, जे कीजइ नरगण संहार ।
ए महि हियडइ सालइ साल, पर पीटणइ जइ तोडइ गाल ॥३३१॥

१. सेढइ-ब २. अतिहइं-ब ३. सांभली-ब ४. भड्या-ब ५. कउरव पांडव-ब
गाथा-३१६, ३१९ ब प्रतमां नथी.
गाथा ३२३, ३२४, ३२५, ३२८ ब प्रतमां नथी.

बे दलना निवारा झूझ, ते पणि राज बेउ समुझ ।
जोइ कटक रह्या दोउ कडइ, अंगो अंगइं बउ भिडइ ॥३३२॥
कंसाला जिम बे आफलइ, उडण उडइ आवध खलइ ।
धावइ धुणइ धसमस धसइ, अंगि सनाह सुदिढ करि कसइ ॥३३३॥
वीररसिं उल्हसइ सरीर, तुटइ कसण तटकइ चीर ।
जे(जो)वंती जेहनी जगलीक, खडग परिहार हणउ जगनीक ॥३३४॥
जय जयकार करइ नर नारि, पसरिउ चिहु दिसि [१]जगि जस बारि।
सकल सबल दल मित संजूत, उजेणी नइरी संपति ॥३३५॥

**अथ दलधवल छंद**

गुडीय वंनर वाल विसाल, कुसम पगर तह महमहइ ए ।
रास रमइं रमणीय, घरि पूरि उच्छव गहगहइ ए ॥३३६॥
मोती रयण वधावइ अंगि, जिगिहिं करइ वधावणउ ए ।
भुपति सय हत्थि तिलक ब(व)धावइ, आवइ भेटण अति घणा ए ॥३३७॥

छंद इक करइं भेट नमंति जतः आण सिरवरि मन्नइ ए ।
नितु दान जलहर जिम वरसइ, सुजस वंदण वनइ [ए] ।
उजेणी नयरी राज पालइ, न्याइ धर्म वधारइ [ए] ।
विद्याविलास निरंद निरुपम, पूर ब(व)च्छलो जुयाल ए ॥३३८॥
[२]पूर ब(व)च्छल अजुआलइ ए, एणि परि सुपरि करइ नित नवी य[ए]।
सत्य जुधष्टर विक्रम [३]सत्र(?) सदय मति अभिनवी ए ।
गुणरयणायर, तीज देवायर अरिदल च्छल वलि जोगवइ ए ।
रूपि वा कणिय सोलसय राणीय, विषय माहा सुख भोगवइ ए ॥३३९॥

[४]**छंद अप्र प्राकार**

---

१. जसनउ थोक-ब २. पूरव बल-ब ३. सवि सदा-ब
४. छंद - भोगवइ ऊजेणी राज, इम सुखिइं सारइ काज
देखीइं अपर प्रकार, भोगवइं राज अपार
वाधीइ पुण्य पसाइं, नव निधि मंदिरि थाइं
पूरी प्रतन्या ईम, बल चडइं एतइं सीम
जस वाधीउ चिहु पास, नरपति विद्याविलास-ब
गाथा-३३१, ३३३, ३३४, ३३७ ब प्रतमां नथी.
गाथा-३३८, ३३९नुं अंतिम चरण ब प्रतमां नथी.

भोगवइ पुन पसाइ, नव निधि मंदिरि त्थाइ ।
पूरी प्रतिज्ञा एम, बल बंलइं तइ सीम, सुजस एह हरावइ ए ।
विद्याविलास निरंद निरुपति, चित चमको लावइ ए ॥३४०॥

चोपाई माय ताय तेडावे राय, भगति जुगतिसुं प्रणमी पाय ।
आप सकल वितक तिणइ कहिउ, वं(बं)धव ग्रहियडइ गहगहिउ ॥३४१॥
पालइ शिष्ट अरि संहरइ, साते विसन पाप परीहरइ ।
गुरु उपदेसइ पालइ धर्म, जाणइ जिणवर आगम मरम ॥३४२॥
तिणि नयरी विद्याधरसूरि, पहुतउ श्री र[य]णायरसूरि ।
वंदइ नगरलोकसुं राय, देसण[१] वाणी सुणइ नर पाय ॥३४३॥
अमीय वयण गुरु करइ वखांण, बूझइ भवी पण जे हुइ जांण ।
सुणी देसना चिंतइं इसिउ, भूपति ना मनमा स्यूं वस्यूं ॥३४४॥
कर जोडी वीनवइ निरंद, पूरब(व) भव अम्ह कहउं [२]निरंद(मुणिंद) ।
अमीय समाणी वाणी करी, कहइ सुगुरु संसउ परहरी ॥३४५॥
गंगा तीर ग्राम सुग्राम, विणग वसइ तिहां विक्रम नाम ।
गुणसिरि धरणि सुगुण भंडार, किमइ न चूकइ निज आचार ॥३४६॥
विक्रम सहजइ विद्यावंत, दारिद दिन दुखिहि गमंति ।
जिहिं विद्या तिहा लाछि न होइ, प्राहिइ लोक कहिइ सहु कोइ ॥३४७॥
ससि खंपण चंदणनाग, सायर खारो रुनि भाग ।
धणपति कृपण दरद्री जाण, रत्नदोष छइ विवधि विनाण ॥३४८॥
विक्रम नइ छइ मित्र सुमित्र, मइणा नामहिं तासु कलत्र ।
बेउ जण देखी नेह अपार, मित्र विजोग कीयउ दिन [३]बार ॥३४९॥
देखइ सधन लोक सानंद, विद्या न हणइ विक्रमनंद ।
अम्ह हूता पंखेरु निला, सुख जीवइ चंचइ करि सिला ॥३५०॥

------

जिण जिण भाव जीव संचरइ, तिम तिम करम बंध नित करइ ॥३५१॥
भासा अवर दिवसिइं धण भणीय, विक्रम गयु [४]मनि मानितुं ।
मासखमण मुनि देखि करी, वंदइ मनि उछाहतो ॥३५२॥

---

१. भावइं प्रणमइ मुनिवर पाय-ब २. (मुणिंद)-ब ३. च्यार-ब ४. वन माहि-ब
गाथा-३४२, ३४८, ३५०, ३५१, ३५३ ब प्रतमां नथी. गाथा-३४४ अ प्रतमां नथी.

जपि तपि सजं(संज)म सील जले, पखालइ सवि आपतो ।
ध्यानानलि सवि संहरइ ए, आठइ कर्म नउ व्यापतु ॥३५३॥
आट्ठ पवयण माय जुय, रुधइ मइ वय काय तो ।
मोह मयण मद परहरी ए, जीपे चारि कसाय तु ॥३५४॥
विक्रम आगलि मूनि कहइ ए, जिणवर भासीय धर्म तु ।
देसण वाणीय सांभलइ ए, सफल करइ निय जनम तु ॥३५५॥
बारवरत अंगीकरइ ए, भरइ सुकृत भाडार तु ।
मासखमण मुनि पारण ए, वेहरावे आहार तो ॥३५६॥
मिलिउ त्रिविण जोगु तिहां, चितवित मण पत तु ।
विण पुनहिं किम पांमीइ ए, एय संजोग पवात तु ॥३५७॥

**वस्तु** सुगुरु वंदीय सुगुरु वंदीय भति पाय कमल, घरि आविउ आपणइ ।
घरिण सहीत जिण धर्म पालइ, जिण पूजइ भाव धरी नमइ ।
सुगुरु सवि पाप टालइ, व्यवहारइ [१]बहरति करइ ।
वेचइ सुधन सुखित, ज[प]इ सार नवकार नतु [२]अवर न देखइ दति ॥३५८॥

**चउपई** अंत काल आराधना करी, पाप ट्ठाण दुरइ परिहरी ।
जिनवर ध्यान हियइ आदरी, बेउ जण पोहता अमरापुरी ॥३५९॥
सुरवर तणा भोग भोगवी, दहदुइ पल्यआउ [३]जोगवी ।
विक्रम जीव हुवउ तुं राय, गुणसिर सु(सो)हगसुंदरी [४]जाय ॥३६०॥
मित्र धरणिसु कीय विजोग, एणि भवि [५]उदयो ते क्रम जोगु ।
ज्ञान अवन्या मूरख होइ, कीधा कर्म न छूटक कोई ॥३६१॥
पात्र दांन फल भोग अनंत, जिण पूजाइं राज लहंति ।
इणि परि पूरव भव गुर्रि कहउ, संपरिवार राय सदही ॥३६२॥
कहीइं पामि सहूं भवपार, सगुर पूज्य मुझ कहउ विचार ।
जे चउवीसी हवे आवसइ, पदमनाभि जिणवर तिहां होस्यइ ॥३६३॥
चारित जिणवर हात्थइ लइसि, नारि सहित सिवपद पामिसि ।
तास वयण रंजउ भुपाल, करावइ जिण भवण विसाल ॥३६४॥

---

१. विहुरति–ब २. अवसर न चूकइं चिति–ब ३. भोगवी–ब ४. थाय–ब
५. उदय न आविउ भोग–ब
गाथा–३५७ ब प्रतमां नथी.

सपतक्षेत्रे चइ नि वित(?), अविचल पालइ मनि समकित ।
साहमियवछल अनिवार, दान सीयल तप भावन सार ॥३६५॥
तीर्थ जात्रा करइ [१]अतिजंगि, जिणवर पूज रचइं बहु भंगि ।
माय ताय गुरु करइ भगति, निचल जिनधर्म पालइ जुगति ॥३६६॥
इम पूरउ पाली आउसार, देवलोकइ पुहुता नर [२]नारि ।
**खरतरगछि जिनवरधनसुरि**, तास सीस बहू आनंदपूरि ॥३६७॥
**श्री आज्ञासुंदर** उवझाय, नवरस कीय [३]**सबंध** सुभाय ।
**संब(व)त पंनर सोल वरसंमि**, स(सं)घ वयणि ए [४]विहिय सुरम्मि ॥३६८॥
विद्याविलास नउरिंद चरित, भवियणो य नउ कहउ पवित ।
जे नर पढइ गुणइ साभलइं, पुनि प्रभावे मनोरथ फलइ ॥३६९॥

*ईति श्री विद्याविलास चउपई समतं ॥*
*आर्या श्री भाची आर्या श्री कुंकाई आर्या श्री हीराई पठनार्थ ॥छा।*
*श्री शुभं भवतु ॥ श्री कल्याणमस्तु ॥ सरीरस्तु ॥*

## अघरा शब्दोना अर्थ

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| २ | चिंत | चित्त |
| ५ | तिहि | त्यां |
| ६ | प्रोलि | दरवाजो |
| | पगार | किल्लो |
| | रुली | खुश-प्रसन्न थवुं |
| ८ | लाछि | लक्ष्मी |
| | सिसिवयणी | चंद्रवदनी |
| १३ | नति | हंमेशा |
| | निचु | नित्य |
| १४ | मेईमंत | मद झरतो |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| १६ | निरंद | राजा |
| १८ | पेहिला | प्रथम |
| २३ | करसण | खेती, वावेतर |
| | हाली | असंस्कारी, जड, गमार |
| | विखाण | वखाण |
| २४ | उलग | सेवा-चाकरी, परदेशमां राजसेवा |
| | लोढो | नानुं |
| २५ | त्रिपति | तृप्ति |

१. भगति-ब २. राय-ब ३. प्रबंध-ब ४. मुझ वहिस्यु मन-ब
गाथा-३६३, ३६५ ब प्रतमां नथी.

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| २६ | उदिम | उद्यम |
| | कसुं | शुं |
| २८ | सामत्थम | सामर्थ्य |
| ३४ | काणि | शरम, संकोच |
| ३७ | गउ | गयो |
| | बालिद | तरुण (?) |
| | मोहोसाल | मोसाळ (?) |
| ४१ | अगरसग | एक जातनुं सुगंधी वृक्षनुं लाकडुं |
| ४३ | करुणी | एक पुष्पवृक्ष (करेण ?) |
| | मोउरी | वृक्ष विशेष (?) |
| | अनिवार | अपार |
| ४४ | जाय | जाई ना फूल |
| | दमणो | डमरो |
| | कणयर | करेणनुं झाड |
| ४५ | अलिमाडि | भमराओनी पंक्ति |
| | वावइ | वाय छे, वहे छे |
| | वाय | पवन, वायु |
| ४६ | मनु | मन |
| ४८ | पूतली | आँखनी कीकी |
| | अंतऋखि | श्री अंतरिक्षपार्श्व प्रभु |
| ४९ | उगाह | साक्षी |
| | सरि | स्वर |
| ५५ | नेसाल | गुरुकुळ, शाळा, विद्यापीठ |
| ५६ | कहीएयइ | कहेवाय |
| ५८ | तुहारा | तारूं, तमारुं |
| ६०. | चट्ट | विद्यार्थी |
| | वलखहो | उदास, व्याकुळ |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| ६१ | सवइ | सघळां |
| ६२ | सविहू | सर्वे |
| ६५ | संजूगत | युक्त |
| ६७ | पूलव | पल्लव, पान (?) |
| ६९ | चंता | चिंता |
| ७१ | कतोहल | कुतूहल |
| ७२ | अन्न | अन्य |
| ७४ | जोडावाडउं | सरखेसरखी, जोड |
| ७७ | वा(बा)उल | बावळ |
| ७८ | दोतल (पा.भे.५३ दोतडि) | नदी, दुर्गम किनारावाळी नदी |
| | घात (पा.भे ५४ दाघ) | दाह, बळतरा, अग्निदाह |
| ७९ | हिज | प्रीत, राग, स्नेह |
| ८२ | आवेजो | आवजो |
| | अविश | अवश्य |
| ८३ | ठ्ठाय | स्थान |
| ८६ | नरो हर | (?) |
| ९० | लेसाल | निशाल |
| ९४ | मोगर | मुद्गर शस्त्र |
| | गहेव | ग्रहण करीने |
| ९५ | हिट्ठी | हेठे |
| ९६ | दावण | (?) |
| १०२ | चउरी | लग्ननी चोरी |
| | आरापि | सर्जीने, उभी करीने |
| १०३ | प्रणावी | परणाव्या |
| १०४ | अंचल बधी | छेडाछेडी बांधी |
| | करह | सांढणी |
| १०५ | कोरउ | कर्यो |
| | मूकताफल | मोती |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| १०९ | मंडणउ | शोभा करनार |
| | प्री | प्रिय, प्रेमी |
| १११ | करपिडता | (?) |
| ११४ | चीती | चिंता |
| ११५ | वहिसीय | विकस्वर |
| ११९ | घइहणि | (?) |
| १२४ | देवतणी | भाग्यनी |
| १२५ | रुहाडि | अभिलाषा, मनो-कामना, ईच्छा |
| १२६ | संघणा | (?) |
| १२७ | आवस | घर |
| १२८ | जम | जेम |
| | निवि | नहि |
| १३१ | कसोवटी | कसोटीनो पत्थर |
| १३२ | विडास्या | नाश कर्या |
| | सतु | शत्रु |
| | देवश | दिवस |
| १३३ | बीजक | अनुक्रमणिका (अहीं ताम्रपत्र लेख) |
| १३५ | सुलो | सोळ |
| १३७ | घासउ | गरास |
| १३९ | पूगीरली | मननी इच्छा पूरी थवी (?) |
| १४५ | काजु | कार्य |
| | राजु | राज्य |
| | सुकलीणउ | सुकुलीन |
| १४८ | कोतिगउ | कौतुक |
| १५२ | पत | पहोंच्यो, पाछो गयो |
| | विहाणइ | सवारे |
| १५६ | डुवडी | अलंकार |
| | मत्तमत्थ | मस्तकमां रहेली बुद्धि (?) |
| १५७ | दक्षण चीरु | दक्षिण देशना वस्त्र |
| १५८ | सांधणा | साथे (?) |
| | कसर | केसर |
| १५९ | पटकोल | रेशमी वस्त्र |
| १६० | गूडी | नानी धजा, पताका |
| | वंदरवालु | द्वार पर लटकववामां आवती मंगळसूचक माळ (तोरण) |
| १६४ | आभोषण | अलंकार |
| १६५ | तीन्हा | तीक्ष्ण |
| | सुपरि | सारी रीते |
| | परोस्या | पीरस्या |
| | सालणा | अथाणुं, कचुंबर |
| १६७ | सुरही | एक करियाणुं |
| | सालि | डांगर |
| १६८ | हीरागसाकर | हीराकणी साकर |
| १६९ | मंडा | पूरणपोळी जेवी एक प्रकारनी रोटली (पूडा) |
| १७० | सथरा | (?) |
| १७१ | चलू | जम्या पछी हथेळीमां पाणी लइ मों चोख्खुं करवुं ते |
| | उगट्टे | सुगंधी पदार्थोनो लेप |
| १७२ | पिट्ठ | (?) |
| | हूल | पुष्प |
| | झूणी | (?) (ध्वनि) |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| | उरमत | (?) |
| | चौतार | (?) |
| १७४ | नरखी | जोई |
| १७९ | चाउ | (?) |
| १८१ | नच | नृत्य |
| | कृतांत | यमदेव, |
| | विहेलो | वहेलो |
| १८३ | असुं | आम |
| | कुकूउ | (?) कौत्कुच्य |
| १८४ | त्रीख | तृषा |
| १८७ | सपत | सात |
| १९० | वण | वचन |
| १९१ | दुयारि | द्वारे |
| १९२ | सामग्रही | सामग्री |
| | चउसाल | विशाळ, विस्तृत, मोटुं |
| | बठा | बेठा, बेसवुं |
| १९४ | का(कं)ब | सोटी, छडी |
| | सिघ | शिखा (तुलसी, वज्र के जटामासी) |
| | कडि | एक वनस्पति (घास, खस) |
| १९५ | कंसाल | एक वाद्य विशेष-कांसीजोडा प्रकारनुं |
| १९७ | राखडी | स्त्रीओना माथा उपर पहेरवानुं एक घरेणुं |
| १९८ | थोगिणि | (?) |
| २०१ | अद्रभुवण | इंद्रलोक |
| २०२ | उमाहो | उमंग, उत्साह, होंश |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| २०३ | पुफवृष्ट | पुष्पवृष्टि |
| २१४ | मुंदडी | वींटी |
| २१८ | गुपति | गुप्त रीते, छाना-माना |
| | मणि | मणिने पाणीमां |
| | उहोलीनइ | उंजीने/भींजवीने ए पाणी छांटवुं ते (?) |
| २१९ | अवषध | औषध |
| २२१ | संगारि | शणगार |
| २२२ | निचइ | निश्चय |
| २२४ | निरता | नृत्य |
| २२५ | कामतिगवी | कामधेनुं गाय(?) |
| २२६ | बालंभ | वाहलो, प्रियतम, |
| २२७ | विगउ | वेगथी |
| २२८ | छयल | वरणागी, दक्ष |
| २२९ | अजीय | हजी पण |
| २३१ | सिरजणहार | सर्जनहार |
| २३८ | सुहड | सुभट, सैनिक |
| २४१ | ते वणि | तेना (?) |
| ३४५ | विरतो | विरक्त |
| ३४६ | मखल | माखण (?) |
| २५१ | विहासंति | विकसे, खीले |
| २५३ | कंदली | केळ |
| २५८ | अखिर | अक्षर |
| | निहचल | निश्चल |
| २६२ | कस | कोई |
| २७३ | तवी | स्तववुं, गावुं |
| २७४ | शुरि | स्वर |
| | खुंप | माथा उपरनो |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| | | पुष्पनो शणगार, शहेरो |
| २७५ | सीफर | श्रीफळ |
| २८८ | त्रिविणि | त्रिवेणी |
| | सुखमना | सुषुम्णा नाडी |
| २८९ | नति | नित्य |
| २९१ | सइन | सैन्य |
| २९४ | वामइ | डाबी बाजु (?) |
| | जिमणी | जमणी बाजु |
| २९५ | इच्छी | सौभाग्यवंती स्त्री (?) |
| | दिक्षण दिस | दक्षिण दिशा |
| २९७ | सावडू | सवळुं, अनुकूळ, |
| | सुपष्टा | (?) |
| | भयरव | चीबरी |
| २९८ | मलला | (?) |
| | महरि | (?) |
| २९९ | जंबु | जंबु नुं वृक्ष |
| | सवछी | वाछरडावाळी, वाछडा साथे |
| | सपलाणउं | सवारी माटे सज्ज करेलो |

| गाथा क्रमांक | शब्द | अर्थ |
|---|---|---|
| | राधउ | रथ |
| ३०२ | मरहटा | महाराष्ट्र |
| ३०४ | विकाल | व्याकुळ, दुःखी, अस्वस्थ |
| ३०८ | मोला | खेतरनो पाक |
| ३२७ | वेणि | विना |
| ३२८ | त्रंबक | एक वाद्य |
| ३३१ | धिगु धिगु | धिक् धिक् |
| | गाल | कलंक, दूषण |
| ३३३ | उडण | ढाल |
| | उडइ | कूदको (?) |
| | सनाह | बख्तर |
| ३३४ | लीक | मर्यादारेखा, लीटी |
| ३३५ | कार | कुळ, कुलवट |
| ३३९ | कणिय | कन्या, पुत्री |
| ३४२ | विसन | व्यसन |
| ३४६ | विणग | वणिक, व्यापारी |
| ३४७ | दारिद | दरिद्रता |
| ३५७ | पवात | (?) |
| ३६५ | सपतक्षेत्रे | सातक्षेत्रे |
| | चइ | त्यागे, छोडे |

# जैन साहित्यमें श्रीराम, रामायण और अयोध्यापुरी

– डो. रेणुका पोरवाल

सदियों से भारत की सभ्यता में श्रीराम जनता के दिल पर राज कर रहे हैं। यहाँ लोग श्रीराम से इतने प्रभावित है कि वे जीवन की सभी घटनाओं को श्रीराम के सन्दर्भ में ही समझते है। उदाहरण के लिए – 'केवल राम ही जानता है', 'राम-सीता की जोड़ी', 'राम-लक्ष्मण की जोड़ी', 'राम भरोसे', 'राम के नाम पर तो पत्थर भी तैरता है', आदि।

कई युग से निरन्तर चल रही रामलीला और दशहरा के त्यौहार लोगों का राम के प्रति अपना प्रेम, सम्मान और आस्था दर्शाते है।

हमारे मन में सहज ही सवाल उठता है कि भारत का लगभग हर परिवार रामायण की कहानी से वाकिफ है, फिर वही पुरानी कहानी बार-बार क्यों दोहराई जाती है ?

इसके दोहराव के पीछे का कारण यह है कि एक तो लोग अपनी पुरानी आध्यात्मिक संस्कृति को जागृत कर खुशी से रह शके। दूसरा कारण यह कि आम लोग अपने पिता की बातों को माने। तीसरा यह कि शांति और न्याय की स्थापना के लिए अपने नायक (राम) द्वारा उठाए गए कष्ट और कदम को देखकर और अधिक सीख सके।

लोग आज भी श्रीराम को एक महान सम्राट के रूप में याद करते हैं, जिनके राज्य को रामराज्य कहा जाता हैं।

श्रीराम, रामायण और अयोध्यापुरी का स्थान जैन साहित्य में बहुत आदरणीय और पवित्र है। रामायण को सबसे पहले भगवान महावीर ने अपने शिष्य गौतमस्वामी को दर्शाया था, जिन्होंने सूत्र रूप में इसकी रचना की जो मौखिक परम्परा में आगे चली। बाद में पहली शताब्दी में इस सूत्र को प्राकृत भाषा में महाकाव्य ''पउमचरियम्'' के रूप में आचार्य विमलसूरि ने प्रस्तुत किया। विमलसूरि द्वारा श्रीराम पर रचे इस महाकाव्य में राम को 'पद्म' कहा गया है। पद्म-कमल, आत्मा की परिपूर्णता का प्रतीक है। पुस्तक का सारा

वर्णन वाल्मीकि रामायण के समान है, सिवाय इसके कि श्री हनुमान और रावण मानव रूप में हैं ।

यह महाकाव्य में नगर, पहाड़ों और मौसमों के लंबे वर्णन है । यहां तक कि विवाह समारोह, समुद्र में खेले जाने वाले खेल आदि के वर्णन भी हैं । उन्होंने लिखा कि, राक्षस कोई आदमखोर भक्षक नहीं बल्कि विद्याधर थे – गुणों और विद्या से सम्पन्न वे अत्यधिक सभ्य थे । लङ्का में विद्याधर वंश के महान् नायक 'राक्षस' के नाम से वह वंश राक्षस वंश कहा जाने लगा ।

संक्षेप में अगर हम देखें तो महाकाव्य ''पउमचरियम्'' के अनुसार २० वें तीर्थंकर मुनिसुव्रतस्वामी के काल में राम अयोध्या के राजा थे । राम का जन्म ऋषभदेव की वंशावली में उसी राजवंश में हुआ था जिसके बाद वंश को इक्ष्वाकु कहा गया । ऋषभनाथ के पौत्र में से एक थे आदित्ययशा जिन्होंने सूर्यवंश की शुरूआत की थी । कुछ पीढ़ियों के बाद, राजा अनरण्य ने अपने बहुत छोटे बेटे दशरथ को अयोध्या का राज्य भेंट किया और दीक्षा ली । दशरथ की तीन रानियाँ कौशल्या, सुमित्रा और कैकेई थी । कालान्तर में कौशल्या ने राम को जन्म दिया । अपनी युवावस्था में राम बहुत बहादुर थे ।

राम ने हनुमान की मदद से रावण के खिलाफ युद्ध जीता और पुष्पक विमान में अयोध्या लौट आए ।

उनके साथ कई विद्याधर आए और वहाँ कई अद्भुत तीर्थ और महलों का निर्माण किया ।

''पउमचरियम्'' महाकाव्य के बाद श्रीराम के जीवन पर कई आचार्यो द्वारा रामायण की रचना की गई । उपलब्ध प्राचीन और मध्यकालीन सीताचरित्र तीस हैं, जब कि रामचरित्र सत्रह हैं । जिनमें आचार्य हरिभद्रसूरि, हेमचन्द्राचार्य, पम्पा, मल्लीसेनाचार्य, मेरुतुंगसूरी, मेघविजय, धनंजय, आशाधर-पण्डित, आदि की रचनाएँ शामिल हैं ।

वर्तमान समय में रामायण के कई नवीनतम संस्करण भी गुजराती

एवं हिन्दी आदि भाषाओं में रचे गये उपलब्ध हैं । उनके अनुसार, राम के आदर्श चरित्र को सब को देखना चाहिए और उसी तरह जीने की कोशिश करनी चाहिए जैसे वे रहते थे – भाइयों के लिए चरम प्रेम, आदि ।

जैन रामायण– "पउमचरियम्" पहली बार अंग्रेजी में श्री डो. हरमन जेकोबी द्वारा १९१४ में प्रकाशित किया गया था । "डो. हर्मन जेकोबी कहते हैं –

सदियों से लोगों के दिल में बसे श्रीराम के बारे में बात करना बेहद सम्मानजनक है ।

"पउमचरियम्" का दूसरा संशोधित संस्करण मुनि पुण्यविजयजी द्वारा १९६२ में प्रकाशित हुआ ।

अगर हम "विविध तीर्थ कल्प (राजप्रसाद)" – की बात करें तो इसे पूरी दुनिया विश्वसनीय इतिहास के रूप में स्वीकार करती है । जिनप्रभसूरि ने इस कल्प की रचना वर्ष १३८५ में की थी । उस समय दिल्ली में महमूद बेगड़ा का शासन था ।

इस पुस्तक में ६२ अध्याय हैं । पहला अध्याय "शत्रुंजय–कल्प" है और ६२ वां अध्याय "पंच परमेष्ठी–नमस्कार–कल्प" है । यहाँ १३ वाँ अध्याय "अयोध्या नगरी–कल्प" है । यह कल्प अयोध्या के विभिन्न नाम देकर शुरू किया है, जैसे– अउज्झ, अवज्झ, कोसल, विनीता, साकेत, इक्ष्वाकु भूमि, रामपुरी, आदि । अयोध्या में पांच तीर्थङ्कर और महावीर के नौवें गणधर अचल भ्राता भी यहीं पैदा हुए थे । रघुवंश में जन्में दशरथ, राम, भरत आदि का राज्य यहीं था । विमलवाहन आदि सात कुलकरों की यह जन्मस्थली भी रही है । महासती सीता ने पानी से शहर की रक्षा की इसलिए यह भूमि को जलपुरी भी कहा जाता है ।

लेखक जिनप्रभसूरि कहते है कि देवि चक्रेश्वरी और यक्ष गोमुख इस स्थान की रक्षा करते हैं । यहाँ स्वर्ग द्वार, सीताकुंड, सहस्त्रधारा है, पार्श्वनाथ, गोपराजी तीर्थ, नाभिराजा मन्दिर, आदि है । यहां किले में मत्त गजेन्द्र नाम का यक्ष रहता है ।

अयोध्या तीर्थ में जैन मुनि देवेन्द्रसूरि आये । यहाँ की पवित्र भूमि में ध्यान किया । यहाँ शिला की शक्ति को पहचाना ।

और इसके बाद उन्होंने सोपारक नगर से एक प्रसिद्ध अंधे कलाकार को बुलाया । वहाँ उस शिला से उन्होंने चार मूर्तियाँ तैयार करवाकर उनको अन्य स्थानों पर स्थापित करवाया ।

इस प्रकार जिनप्रभसूरि ने विविध तीर्थ कल्प में श्रीराम और अयोध्यातीर्थ की यह भूमि की महिमा और शक्ति को नमन किया ।

Visiting Lecturer,
Mulund-W, Mumbai
M. 9821877327
Email : renukap45@gmail.com

# विहंगावलोकन

**– उपा. भुवनचन्द्र**

'अनुसन्धान'मां सर्वथी विशेष प्रगट थती कृतिओ स्तोत्र साहित्यनी हशे. हजारोनी संख्यामां श्रमणो थया छे, अने जैन श्रमणो दीक्षानी साथे शिक्षा पण उत्तम प्रकारनी पामता होय छे तेथी विद्वत्ता-कवित्व-सर्जकतानुं प्रमाण पण घणुं ऊंचुं रहे ए सहज छे, श्रमण होवाना नाते तेमनी सर्जकता जिनस्तुति तरफ प्रवाहित थाय ए पण एटलुं ज सहज छे. आथी जैन स्तोत्रसाहित्य (अने ए ज रीते, स्तवनसाहित्य) विपुल प्रमाणमां होय ए पण सहज छे.

अंक ८२मां 'सर्वजिनस्तोत्र' आवी सर्जकताथी सभर कृति छे. सम्पादकोए कृतिनो परिचय कराव्यो छे. सम्पादको जणावे छे तेम, शब्दालङ्कारवाळी के कूटकाव्य प्रकारनी रचनाओ, टिप्पण/टीका विना समजवी मुश्केल बने छे. आ रचना पर संक्षिप्त अवचूरि छे तेथी कृतिनो आस्वाद माणी शकाय छे. श्लोक २मां पार (?) छे ते बराबर छे, प्रश्नार्थनी जरूर नथी. परस्य इदं पारं – एवो प्रयोग तद्धितना कोई सूत्रथी सिद्ध थतो हशे. श्लो. १५मां 'अत एव' शब्दो अप्रस्तुत नथी, एनो सम्बन्ध 'ये न पूजयन्ते'नी साथे छे.

बीजा स्तोत्रमां चोवीश तीर्थङ्करोनां नाम समावीने स्तुति करवामां आवी छे. आ रीते नाम समाववां अघरां नथी परन्तु आ स्तोत्रनी विशेषता ए छे के दरेक नाम सामान्य अर्थमां पण आवे छे अने जे तीर्थङ्करनी स्तुतिनो अर्थ लेवो होय तो तेमना सम्बोधन रूपे पण आवे छे.

'विजयसेनसूरिचन्द्रायणा' कृति ऐतिहासिक नथी, पण ऐतिहासिक व्यक्ति अंगे छे. चन्द्रायणा मोटे भागे स्नेहाभिव्यक्तिनी रचना होय छे, माधुर्यरस प्रमुख होय छे, मोटे भागे चोपाई जेवा छन्दमां अने हिन्दी छांटवाळी रचना होय छे. प्रस्तुत रचना जैनमुनिनी छे एटले संस्कृत/प्राकृत शब्दो वधु छे. गुरु प्रत्येनो स्नेहादर आमां घूंटायो छे. अतिशयोक्ति उत्प्रेक्षा अने उपमाओनी भरमार छे.

क. १६८मां 'भरि'मां री करवानी आवश्यकता नथी. 'मदभर'नी तृतीयानुं रूप 'मदभरि' थाय – क. १७१मां 'गुणनीरि' छे, तेम. १८४मां 'यश'

छे त्यां 'यस' जोईए. यस = जस = जेना.

'सिद्धनुं स्तवन' हिन्दी-गुजराती-संस्कृत मिश्र भाषानी रचना छे. सम्पादके योग्य रीते ज तेने 'शुद्ध' नथी करी !' 'शान्तिनाथ स्तवन'मां कविनो भाव उत्कटपणे प्रगटेलो जोवाय छे. स्तवननो ढाळ पण प्रेमरसनी पुष्टि करनारो छे.

महो. श्री यशोविजयजीनी पद्य रचनाओने काव्यदृष्टिए मूलवतो श्री राजेश पंड्यानो अभ्यासलेख महो.नी प्रतिभाने सुपेरे उद्घाटित करे छे. प्रखर तार्किक होवानी साथे महो.जी मां रसिकता / भावुकता पण एटली ज प्रखरताथी स्थान पामी हती ए वात लेखमां सुन्दर रीते रजू थई छे.

अंकमां बे अभ्यासलेख अंग्रेजीमां छे. बंनेना लेखक ऋषभ भण्डारी छे. जैनविद्या - Jainologyना संशोधक विद्वानो बहु ओछा छे त्यारे साङ्गोपाङ्ग आलेखन/निरूपण करता आ लेखो लेखकनी सज्जता रेखाङ्कित करी जाय छे.

दिगम्बर पक्ष अस्तित्वमां आव्यो ते पहेलां एक अन्य संघ पण हतो जेनुं नाम हतुं यापनीय संघ. आ संघना एक समर्थ आचार्य जटासिंहनन्दीनी ऐतिहासिकता तथा तेमनो समय, तेमनी कृतिओ विशे श्री भण्डारीए एक लेखमां शृङ्खलाबद्ध विवरण कर्युं छे. आ आचार्य माटे श्वेताम्बर अने दिगम्बर — बन्ने पक्षना ग्रन्थकारोए बहु आदरथी उल्लेख कर्या छे. बीजा लेखमां लेखक एक प्राचीन श्वेताम्बर गच्छ 'धर्मघोषसूरि गच्छ' साथे सम्बन्धित ताजेतरमां प्रकाशमां आवेल एक प्रतिमालेखनी चर्चा करे छे. आ लेखना आधारे एक तथ्य प्रस्थापित थाय छे के इसवी बारमी शताब्दीमां कर्णाटकना शिमोगा प्रान्तमां श्वेताम्बर संघ अने धर्मघोषसूरिगच्छनी विद्यमानता हती.

नूतन माहितीओ बहार आवती ज होय. पूर्वे मळेली माहिती / विगतोनी तुलना नूतन माहिती साथे करीने तथ्योनो परिष्कार थतो रहेवो जोईए. श्री भण्डारी आ क्षेत्रमां रुचि धरावे छे, वळी तेमनी आ विशेनी सज्जता पण छे. आ क्षेत्रे तेओ सक्रिय रहे एवी आशा राखीशुं.

## अनुसन्धान-८३

८३मो अंक एक बृहत्काय कृति लईने आव्यो छे. संशोधक-सम्पादक मुनिद्वय ज्ञानभण्डारोमां दटायेली - सचवायेली मध्यकालीन गुजराती (अने

संस्कृत–प्राकृत पण) रचनाओने प्रकाशमां लाववानी झुंबेश आदरी होय एम, एक पछी एक अप्रकाशित कृतिओ संशोधनपूर्वक बहार लावता रहे छे. आ अंकमां एक विशिष्ट–विस्तृत रचना छे जे चोवीश तीर्थङ्करोना स्तवन रूपे तीर्थङ्करोना ६० स्थान(मुद्दा)ने आवरी ले छे. आम आ रचना 'चोवीशी' ज छे पण तेनी विशालताना कारणे एक ग्रन्थनुं रूप तेने मळे छे.

सम्पादको नोंधे छे के आनी एक ज प्रति मळे छे. पण एक स्थळेथी नहि, बे स्थळेथी, बे पानां एक भण्डारमांथी मळ्या, बाकीना बीजा भण्डारमांथी आपणा ज्ञानभण्डारोमां एक–एक पानुं पण साचवी राखवानो आग्रह अथवा परम्परा रह्या छे, तेथी पानां जुदे जुदे ठेकाणे सचवायां, सूचिपत्रमां नोंधायां अने तेथी सम्पादको त्यां सुधी पहोंची शक्या.

कृतिनुं नाम मूळमां 'चतुर्विंशतिस्तोत्रसंग्रह' छे ते ज सम्पादित वाचनामां राख्युं होत तो सूचिपत्रगत नाम साथे सुमेळ रहेत; वळी 'स्तुतिचतुर्विंशतिका'मां 'स्तुति' शब्द आजे अन्य प्रकारमां रूढ थयो छे. कर्ता विशे कोई माहिती मळी नथी एम सम्पादको नोंधे छे. नाम अने समयना आधारे आना कर्ता लोंकागच्छना मुनि होवानुं अनुमान करी शकाय छे. लोंकागच्छनी पट्टावली तपासवी जोईए. रचना १८मी सदीथी पहेलांनी तो खरी ज, पण सत्तरमाना उत्तरार्धनी हशे, एथी पहेलांनी नहि.

कर्ता विद्वान छे, शैली रसाळ छे, कवित्व उत्तम छे. एक समान विगतो अने एकसरखी घटनाओने नव–नवी रीते गूंथी छे. वर्णनोमां नवीनता लाववामां कवि सफळ थया छे.

शब्दकोश, मतान्तरनी नोंध, षष्टिस्थानकनुं कोष्टक, यक्ष–यक्षिणीना वर्णननी तारवणी वगेरे पण आपवानी जहेमत सम्पादकोए उठावी छे. कृति शुद्ध छे. जोडणीनी असमानता छे, पण म.गू.मां तो आवुं रहेवानुं ज. सैके सैके अने प्रदेशे प्रदेशे उच्चारो / जोडणीओ बदलाता होय, घणी वार एक ज कृतिमां एक ज शब्दना भिन्न–भिन्न उच्चारो स्थान पामता होय (संक्रान्तिकाळ होय त्यारे), शब्दोना अर्थ हवे लुप्त थई गया होय अने तेथी पाठनिर्णयमां के अर्थघटनमां अवरोध आवे – मारुगूर्जर अने जूनी गुजरातीना सम्पादन/ संशोधननी आ कठिनताओ छे.

शब्दो विशे थोडुंक. धामीअ (४/६/४)नो अर्थ 'धार्मिक' छे. सं. धार्मिक > प्रा. धम्मिअ > धामिअ > धामीअ. भूआल (५/३/२) ए 'वीर' नहीं, 'राजा' छे. भूपाल > भूवाल > भूआल - दर (५/६/३) फारसी शब्द नथी, संस्कृत छे. अर्थ छे : भय; अल्प-जराक. अतिशय जवी (९/२/२)नो अर्थ 'अति वेगवान' करवो वधु संगत थशे, केमके वात देवलोकथी च्यवन थवानी छे. गामागर (११/२४/१) नो अर्थ 'श्रेष्ठ गाम' करवानी जरूर नथी. 'गामागरनगर' एवो शब्दसमूह प्रचलित छे, ते अहीं संक्षिप्त थईने आव्यो छे. 'आकर' - खाण जेवी जग्या, ज्यां लोको अस्थायी रूपे रहेता होय. वीसमुं (२०/४/४)नो अर्थ 'विश्राम पामुं' एवो थशे.

जैन उपाश्रय
नानी खाखर-३७०४३५
जि. कच्छ, गुजरात

# जुना गढवाळुं देरासर

## वसई (ता.: ओखामंडळ. जिल्लो : देवभूमि द्वारका)

लेखक : प्रतीशचंद्र व्यास

प्राचीन नगर द्वारकाथी पश्चिमे दश किलोमीटर दूर, द्वारका ओखा हाइवे पर,ओखा तरफ ताजेतरमां ज व्यापक प्रसिद्धि पामेल शिवराजपुर बिच जवाना बोर्डनी पासे ज वसईना बोर्ड लागेल छे.हाइवे परथी उत्तरमां डामरना एक मार्गी गौण जिल्ला मार्गथी जोडायेलुं आशरे त्रण किलोमीटर जेटला अंतरे नानुं,(अक्षांश-रेखांश:२२.३१८००३, ६८.९९९०३०) पर प्राचीन गाम वसई आवेल छे.

आ गाममां चोतरफ पुरातत्वीय खंढेर अने देराओ आवेल छे.मारी आ स्थाननी प्रथम मुलाकात (२०मी फ्रेब्रुआरी १९९५)ने तो २५ वर्ष थई गयां. ते पछी में अवारनवार आ स्थाननी मुलाकात लीधी छे.

ई.स. २००६ना वर्षने गुजरात सरकारे प्रवासन उद्योगने बळ मळे ते हेतुथी पर्यटन वर्ष घोषित करेलुं. ते समये सरकारश्रीए निवृत्त सैनिकोनुं पुनःवसन थाय, तेमने रोजगारी मळे अने लोकोमां पर्यटन स्थान विशे जाणकारी वधे तेम बेवडा हेतुथी निवृत्त सैनिकोने 'टुरीस्ट गाईड' तरीके तालीम आपवा माटे, मने जामनगर जिल्लाना कॉ-ओर्डीनेटर तरीके नीम्यो हतो. त्यारे जामनगर अने ओखामंडळ बन्ने एक ज जिल्ला तरीके गणाता हता, तेथी बे वर्ष सुधी आ सैनिकोने समजाववा, प्रत्यक्ष निदर्शन माटे एकथी वधु वखत आ स्थळो पर जवानुं बन्युं छे.

१३ मार्च २०१३नां रोज बेट द्वारकामां भाई महोकीमसिंहजीनां जन्मदिवसनी खुशाली मनाववा गयेल त्यारे वंदनीय साहित्यकार लाभशंकर पुरोहित, इतिहासविद श्री हरकीशनभाई जोशी, एडवोकेट अने संस्कृतिप्रेमी श्री हितेन भट्ट, पुरातत्त्वना ज्ञाता अने वाव पर संशोधन करनार श्री दिलीपसिंह परमार वगेरे महानुभावो साथे आ स्थळनी मुलाकात लीधी हती. आ समेत अनेक मुलाकातो दरम्यान जे जाणकारी सांपडी तेनो आछो आलेख आ प्रमाणे छे:-

गाम/सीममां रहेल स्थळोने जो स्थानमूलक अभिगमथी विभागीए तो आ प्राचीन मन्दिरसमूहने चार भागमां विभागी शकाय.

(१) गामना पादरमां दक्षिण तरफ रहेल लोकमुखे 'देरासर' तरीखे ओळखातो मन्दिरसमूह.

(२) गामनी वच्चे आवेलुं अने लोकमुखे "जुना **गढ वाळुं देरासर**"**तरीके** ओळखातुं स्थापत्य.

(३) गामथी पूर्वमां आशरे ६००मी. दूरना ऊंचाणवाळा ढोळाव पर आवेल अने लोकमुखे "वाणीयादेरुं" तरीके ओळखातुं मन्दिर.

(४) गामथी उत्तरे दोढ किलोमीटर दूर "रश्मेश्वर **महादेव**" तरीके ओळखातो मन्दिर समूह.

आ पैकीना प्रथम बे क्रमना मन्दिरसमूह भारत सरकारना पुरातत्व खाता द्वारा रक्षित थयेल छे, जे त्यां लागेला ब्लु बोर्ड परथी फलित थाय छे.

आ स्थान अंगेनी प्रथम पुरातत्वीय नोंध सौ प्रथम कर्नल जे. डबल्यु. वोट्सन द्वारा "**एन्टीक्विटी ओफ काठीयावार**"(प्रकाशन वर्ष १८९६)मां प्रकरण १३मां सांपडे छे.[१] तेमां जणाव्या अनुसार ई.स.ना छठ्ठा सैकामां चावडावंशनी स्थापना आकड राज उर्फे अखेराजे करी. तेना वंशमां भुवड,तेनो पुत्र जयसेन,तेनो पुत्र जगदेव, तेनो पुत्र मंगलदेव,तेनो पुत्र देवल देव उर्फे दिपाल देव, तेनो पुत्र जगदेव बीजो, तेना बे पुत्रो कनकदेव अने अनन्तदेव जे पैकी **कनकदेवे** कनकावती(एटले के आजनी वसई)नगरीनी स्थापना करी.[२] आ सन्दर्भ बोम्बे गेझेटियरमां पण मळे छे:-

Jagdeva had two sons named Kanak and Anantdev. Kanaksen, the elder brother was the reputed founder of the city of Kankapuri, the modern Vasai which in ancient days was the popular trade centre of the Okhamandal. But now an insignificant village.

The celebrated Jain temple built by **Kanaksen** are now nothing but moldings walls, gray with antiquity & sinking to decay and are still to be seen on the out skirts of Vasai.[3] (Bombay gazetteer p.p.589)

आ उपरांत ओखामंडळना अभ्यासी पुरातत्वविद श्री कल्याणराय जोशीए लख्युं छेके चावडा वंशना राजाओनुं वलण जैन धर्म तरफ ढळेलुं हतुं. तेथी कनकसेने कनकापुरीमां श्रीनेमीनाथनुं मन्दिर बनाव्युं एवुं अनुमान करी शकाय. ते वातना समर्थनमां तेओ **सिंघी जैन ग्रन्थमाला अंक २**(प्रकाशन: भारतीय विद्याभवन, मुंबई) धर्मोपदेश माला विवरण (धम्मोवएसमाला विवरण) लेखक जैनाचार्य जयसिंहसूरि, लख्या साल संवत ९१५, भादरवा सुद पांचम, बुधवार, (स्थळ : नागोर)नो हवालो टांके छे. जेमां जयसिंहसूरि नामना जैनाचार्य सौराष्ट्रना द्वारका प्रदेशने (बारवई)तरीके ओळखावे छे.[३]

आ बधा सन्दर्भोने जोतां एम तारण पर अवाय छे के आ शहेरनी स्थापना चावडा वंशना **राजा कनकसेन द्वारा** थयेल हती. अने तेमणे ज आ स्थापत्यो रचेलां हतां. कनक्सेनना नानाभाई अने द्वारकाना राजा अनन्तसेननुं मृत्यु आशरे विक्रम संवत १००२मां थयुं होई कनकसेनने तेनो समकालीन गणी अने आ स्थापत्योनो रचनाकाळ **दशमी सदी** गणी शकाय.[४]

वसईना स्थापत्योनी शैली **प्रारम्भिक मारु गुर्जर शैली** जणाय छे.अहीं आ लेखमां "जुना **गढ वाळुं जैन मन्दिर" विशे** वात करीशुं.

**स्थान :**

वसई गामनी वच्चे आवेल आ मन्दिर परिसर, १२०' पहोळाई उत्तर–दक्षिण अने २००' लंबाई पूर्व –पश्चिम धरावता विस्तारमां छे. फरते २०' ऊंची, घडेला चूनाना पथ्थर(बेला)नी, १.५' जाडी दीवाल छे.जे प्राचीन जणाय छे. परिसरमां प्रवेश माटे पूर्वदिशामां एक ८' ऊंचो अने ३' पहोळो दरवाजो धरावतुं प्रवेशद्वार छे.

आ समग्र देखावने जोता आखुं परिसर 'गढ' जेवुं लागे.वळी आ गढ खूब प्राचीन पण छे. तेथी ज जनमानस आ देरासरने 'जुना **गढ वाळुं**' देरासर तरीके ओळखे छे. जे स्थानमूलक सन्दर्भ छे (सौराष्ट्रनी लोकबोलीनो अल्प अभ्यास धरावता केन्द्र सरकारना पुरातत्व खाताना हिन्दीभाषी 'कर्मचारीओ'ए आ स्थानने "जुनागढवाळुं **देरासर**" कही अने उल्लेख करेल छे! अहीं ते जुनागढ नगरमूलक सन्दर्भ छे. त्यां रहेल ब्लु कलरनी नाम छाप

धरावती तकतीमां पण तेम ज लख्युं छे. केटलाक उत्साही लोको आ स्थानने जुनागढ साथे अनुसन्धानित करी, ते रीते २२मा तीर्थंकर अने गिरनारमां तपश्चर्या करनार नेमीनाथजीनो सम्बन्ध जोडे छे! (एक नानी सरखी भूल द्विगुणित थई केवी गेरसमज फेलावे छे!)

**शैली :**

**मारु गुर्जर वस्तु कळा** नाम प्रमाणे गुजरात अने राजस्थानमां फेलायेल छे.[५] मारु **गुर्जरने** महदंशे बे विभागमां विभागवामां आवी छे. **महा मारु** अने **मारुगुर्जर शैली**.जे पैकी मारु गुर्जर शैली आबु, आनर्त अने गुजरातना भागोमां विशेष रीते फेलायेल छे. आ शैलीना तोरण, मूर्तिओ, अलग अलग स्तर, पट्टीकाओथी सुशोभित छे. प्रत्येक विभागने विस्तारथी जोईए.

**परिसरनो बाह्य देखाव :**

आगळ कह्युं तेम आ गढ जेवा लागता परिसरनी त्रणे दिशामां (उत्तर, पश्चिम, दक्षिण) सुन्दर वावो आवेल हती .जे पैकी उत्तर अने दक्षिण तरफनी वाव पर स्थानिक लोकोए अतिक्रमण करी मकानो बांधी लीधा छे. परंतु पश्चिम तरफनी वाव - माताजीना मन्दिरनां कारणे बची गयेल छे. तेने जोतां अन्य बे वाव केवी हशे तेनो अंदाज कैक अंशे स्पष्ट थई शके छे.

**परिसरनुं प्रवेश द्वार :**

आ स्थापत्य परिसरमां प्रवेश माटे पूर्वदिशामां एक ८' बाय ३'नो दरवाजो धरावतुं, प्रवेशद्वार आगळ बे बेनी जोडीमां चार स्थंभो पर टेकवेला तथा आगळ तरफ वधारेलो भाग (porch) छे. ते प्रवेश मण्डपना आगळना बे स्थंभ **कक्षासन** पर टेकवेला छे. मण्डपनी बन्ने तरफ ३' ऊंचा, १.५' पहोळा अने ८' लांबा कक्षासनो (ओटा)आवेल छे. आ कक्षासननी बहारनी तरफ जगती, व्याघ्रमुख स्तर, ग्रासपट्टी, कपोतस्तर, फरी ग्रासपट्टी अने एक व्याघ्रमुख स्तर ते रीते खचित कोतरणी करेल छे. कपोत स्तरमां पण एकधारापणाने टाळीने वैविध्य देखाय छे. जेमके एक नृत्यमुद्राधारी अप्सरा अने तेनी नीचे अंकित बंध आंखवाळो चहेरो, तेनी बाजुनी पट्टी पर एक

विशिष्ट कोतरणी, पछी हीरकपट्ट, पछी फरी विशिष्ट कोतरणी, परंतु नीचे चहेराना स्थाने अन्य वेल, पछी अप्सरा, फरी अन्य विशिष्ट कोतरणी, फरी वेल अने ते पछी कोतरणी साथेनो बंध आंखोवाळो चहेरो आ रीते कपोताक्षनो थर चाले छे.

ते प्रवेश मण्डपनां आगळना **कक्षासन** पर टेकवेला बे स्थंभ छे, ते कक्षासन पासे अष्टकोणीय छे. पछी गोळ थई जाय छे. आ स्थंभ पर उपरना १.५' ने छोडीने कोई कोतरणी नथी. ते सादा भाग पछी बन्ने स्थंभ पर एक ८"नो व्याघ्रमुख थर आवे छे.ते पछी सुन्दर रीते कंडारेली १.२५'नी बे हांसमां कंडारेल पद्माकृति छे. तेनां पर कीचक अने व्याघ्रव्याल, वराहव्याल, कंडारेल छे. आ बन्ने कक्षासनोने टेकववा माटे, नीचे बन्ने तरफ त्रण त्रण स्थंभनी रचना छे.जेमां प्रवेश द्वारनी पासेना बन्ने तरफना थांभला १२"ना चोरस आकार छे. तथा बन्ने तरफना त्रीजा स्थंभ १.५'ना चोरस आकारना छे, तेनां पर बे विभाग पाडीने मूर्ति कोतरेली छे.

आ स्तम्भनां व्याघ्रमुखना थरमां दक्षिण तरफना स्थंभमां तो बधा ज व्याघ्रमुख छे. परन्तु उत्तर तरफना स्थंभमां पूर्व दिशा तरफ धनधान्य अने समृद्धिनी दात्री लज्जा गौरीनी आकृति कंडारेल छे. आ सौराष्ट्र प्रदेशना अन्य मन्दिरोमां अने ते पण जैन मन्दिरमां लज्जागौरीनी कोतरणी भाग्ये ज जोवा मळे छे. तेवुं ज वैविध्य कीचकमां पण प्रगटे छे. आ स्थंभमां कीचकना स्थाने पण कीचकयुग्म मूकेल छे। तथा ते स्थम्भमां दक्षिण दिशामां कीचक्ना स्थाने पृथ्वीने दन्तशूळ पर उचकतो वराह कोतरेल छे। आ साथेना डाबी तरफना स्थंभमां रहेल पूर्वाभिमुख राहुलधारी (एटले के सांकळथी बद्ध) कीचकपण विशिष्ट छे. बहारना बन्ने स्थंभ जेवा ज स्थंभ जेटलुं वैविध्य नथी.

परिसरना प्रवेशद्वार परनो उदुंबर अने ललाटबिंब अने उपरनो पट्ट नष्ट थयेल छे. परंतु तेनी जमणी–डाबी तरफना स्तंभो जळवायेला छे. आ २४"नी स्थम्भावालीना त्रण भागमांथी मध्य भागमां अलग अलग मुद्राओमां देवदेवीओनी मूर्तिओ कंडारेल छे. द्वारने अडकीने आवेल ६" नी हांस पट्टीमां वेलबुट्टानी सळंग भात कोतरेल छे. अने दीवालने अडकीने आवेल ६"ना पट्टामां पद्मकलीनी सुन्दर कोतरणी आवेल छे. प्रतिमा अने कोतरणीथी

खचित, अनेक गुह्य प्रतीकोथी अलङ्कृत आवा सुन्दर प्रवेशद्वार बहु ओछा स्थान पर जळवायेल छे.

आ प्रवेशद्वार जे गढ जेवा परिसरनो भाग छे, ते गढनी दीवाल, कांगरा, नेवा, जळनिकास प्रणाली, वगेरेनो भाग पण कलात्मक, कोतरायेलो अने जळवायेलो छे. कीचक पछीना भागमां एक ढळती छाजली, तेना पर तेना कांगरा जेवी कोतरणी, तेनां पर बे ईंच आगळ ढळती हांस,फरी एक छाजली, तेना पर कांगरा, आ भागमां वच्चे वच्चे २" व्यासनी कोतरेली वामावर्तीचक्रीय (anticlockwise) प्रणाली छे. आ रीते परिसरनी बहारनी दीवाल सजावेल छे.

**मुख्य मन्दिरने फरते परिसरनी अंदर चोतरफनी भमती (मुनिओने निवास माटेना कक्ष अने दीर्घा) :**

प्रवेश द्वारने वळोटीए के तरत परिसरनां - मुख्य मन्दिरना पाछळना भागने छोडी - त्रणे तरफ १२' पहोळी विशाळ दीर्घा अने कक्षो आवेल छे. जे अलंकृत श्रीधरी स्थंभ पर टेकवेल छे. आ स्थंभ नीचेथी उपर जता जाय छे तेम संकीर्ण थता जाय छे. आ चोरस अने अष्टकोणीय स्थंभनी नीचे सुन्दर कोतरणी, बीजा स्तरमां प्रतिमा, पछी वेल पट्टी वगेरे हशे तेवुं घसायेल भाग परथी देखाय छे. छत पासे कलात्मक कीचक अने कीचक नीचे पद्मपट्टीनी कोतरणी करेल छे.

**भूमिगत साधना कक्ष :**

डाबी तरफनी दीर्घामां नीचे चार भूमिगत साधना कक्ष आवेल छे. कक्ष साधारण अने कोई अलंकरण वगरना छे.खंडमां जवामाटे २०" पहोळी बेलाना पथ्थरनी सीडीनी रचना छे. आ बधा कक्ष एकमेक साथे जोडायेल छे. एकने वळोटीने बीजामां जई शकाय तेवी व्यवस्था छे.

**मूळ मन्दिर :**

पूर्वाभिमुख आ मन्दिरना प्रारंभमां मध्यमां एक मण्डप अने तेने डाबी-जमणी तरफ एक एक उपमण्डप आवेल छे. मन्दिरनी जुथरचना विशे जोईए तो, आ मण्डपने जोडायेल एक बीजो मण्डप छे. ते पछी अन्तराल

अने अन्तराल पछी गर्भगृह छे. दरेक भाग विशे विस्तारथी जोईए.

**प्रथम त्रिमण्डप समूह :**

स्थापत्यना प्रारम्भे एक हरोळमां आवेलां त्रण मण्डप पैकी मध्यनो मंडप १२'नो चोरस छे, डाबी-जमणी तरफना ६'नो चोरस छे. जेना पर घुमटना अवशेष रहेल छे. उपरनुं अलंकृत सामरण नष्ट थयेल छे. मण्डपना स्थंभ ओछा अलङ्कृत छे.

जगती पछीना प्रथम स्थंभमां कोतरणी पछी एक मूर्ति अने पछी स्थंभनो ५'नो भाग कोतरणीविहीन छे. ते पछी ६"नो व्यालथर छे. तेना पर कीचकनी रचना करेल छे. त्रणे मण्डप चार चार अलग अलग स्थंभ पर गोठवायेल छे. मध्य मण्डपना स्थंभनी बाजुमां ज नाना मण्डपना स्थंभ जोडायेल छे. मध्य मण्डपना छत पर गोळ रचना करी मण्डप बनावेल छे, जेमां आठ वादकोनी मूर्ति छे. आ वादको विकराळ, मोटी आंखोवाळा, भूतनायक होय तेवा लागे छे. सामान्य रीते जैन मन्दिरमां नृत्य के संगीत करती मूर्तिओ अप्सरा होय छे. परंतु अहीं रौद्र भूतसमूह नृत्यपुरुष विशिष्ट लागे छे. आ प्रकारना वादक समूह अन्य जैन मन्दिरमां जोयेल नथी. जो के अपवाद रूपे आ सौराष्ट्र विस्तारना ज हर्षद-मियाणी (जी. पोरबंदर)मां आवो ज संगीत पुरुषोनो समूह छे.

आ मण्डपमां कोतरेल वादक समूहनी आ आठेआठ मूर्तिनुं वर्णन संक्षीप्तमां जोईए.

**मध्यमण्डपनी वादक-नर्तकनी आठ मूर्तिओ :**

(१) लांबा वाळ, डाबो पग गोठणथी वाळीने पाछळ तरफ, जमणो पग गोठणथी वाळी आगळ तरफ त्रांसो राखी खोळामां वीणा राखी वादन करतो पुरुष छे.

(२) बन्ने पग गोठणथी वाळी, आगळ तरफ त्रांसा राखी, अडधो उभो थई नृत्य करे छे.

(३) जमणो पग पाछळ, डाबो पग आगळ, खोळामां ढोलक जेवुं वाजिंत्र,पगमां जाडुं कडुं छे. हाथ परना उपवस्त्रने उछळता दर्शावीने

मूर्ति घडनारे गति सिद्ध करी छे. नायकनी आंखो मोटी अने गोळ दर्शावेल छे. सेंथो वच्चे लीधेल छे. लांबा वाळ छे.

(४) गोठणथी जमणो पग पाछळ वाळी, डाबो पग गोठणथी वाळी आगळ, बन्ने हाथ ऊंचा, लांबा वाळ, हलकी दाढी, एकवडुं वस्त्र लपेटेल छे. गळामां अलङ्कार, व्याघ्रमुखी ऊर्ध्वबाहु, गायन गतिशील मुद्रा, पगमां दळदार कडुं पहेरेल छे.

(५) बिडालमुख मूर्ति, जमणा हाथमां वाजिंत्र डाबा हाथनो टेको लईने वगाडे छे, डाबो पग गोठणथी वाळी पाछळ छे. अने जमणो पग अर्धपलांठीनी जेम वाळेल छे. पगमां कडां पहेरेल छे.

(६) बन्ने पग ढींचणथी वाळी, अडधो ऊभो थई-चारणनी बिरदावली मुद्रामां-गायन करे छे, उपरनुं अडधुं शरीर खुल्लुं छे. नाभि देखाय छे, नीचे धोती जेवुं वस्त्र पहेरेल छे.

(७) बन्ने पग ढीचणथी वाळेल, जमणो पग अर्धपलांठीनी स्थितिमां, डाबो पग पाछळ, खोळामां मृदंग जेवुं वाजिंत्र वगाडे छे.

(८) बन्ने पग पर उछळीने नर्तन मुद्रामां छे, परंतु आ प्रतिमा खवाई गई होई बीजुं कशुं अनुमान थई शकतुं नथी.

**अन्तराल :**

आ त्रिमण्डपसमूह पैकी मध्य मण्डपने आ अन्तराल जोडे छे. आ मण्डप चार स्थंभ पर टेकवेल छे, मण्डप उत्तर-दक्षिणे खुल्लो छे. तेनां छतमां अद्भुत कोतरणी छे. ५'नी चोरस छत पर चोतरफ १६-१६ हीरक पट्टी कोतरेल छे.

मध्यमां बे स्तर धरावती पद्मपांदडीनी सुन्दर कोतरणी छे.

अन्तरालमां चोतरफ कोतरेल हीरक पट्टीमां गर्भगृहना प्रवेशद्वारनी सामेनी हीरक पट्टीना मध्यमां एक जैनाचार्य पीठिका पर बेठा छे अने सामे बे शिष्यो वाचना लेता होय तेवुं भास्कर्य छे. आटलां वर्षो पछी पण ते अद्भुत रीते जळवायेल छे.

**गर्भगृहनुं प्रवेश द्वार :**

अन्तरालने गर्भगृह साथे जोडतुं द्वार कलात्मक छे. जेना उदुम्बरमां मध्यमां पदस्थान अने बन्ने तरफ व्याल तथा हीरक कोतरणी आवेल छे. उदुम्बर जगतीथी १४" जेटलुं ऊंचुं छे.

द्वारनी बन्ने तरफ बारसाख छे. बारसाखमां उदुम्बरने छोडीने त्रणे भाग तरफ ४"नी सळंग लत्तापट्टी कोतरेल छे. लत्तापट्टीने समांतरे हांस पाडीने २"नी पद्मकळीनी कोतरणी करेल छे. ते पछी गोळ स्थंभ रचेल छे. बारसाख पासेना स्थंभ पर २.५' ऊंची-डाबे गंगानी अने जमणे यमुनानी मूर्ति देखाय छे. गंगानी मूर्ति मकर पर अने जमुनानी मूर्ति कूर्म पर ऊभेली देखाय छे. आ गोळ स्थंभनां अन्य गोळ भाग पर कोतरणी देखाती नथी. परन्तु वच्चे बे स्थाने आवेल ६" ऊंचा अने ५" पहोळा लंबचोरस भागमां कोतरणी करेल छे. आ स्थंभनां छेडा पर ललाटबिम्ब टेकवेल छे. त्यां बे हांसमां सुन्दर पद्मकोतरणीकाम करेल छे. आ स्थंभनी बन्ने तरफ समान्तरे फरी हांस पाडीने २"नी पद्मकळीनी कोतरणी करेल छे.

ललाट बिम्बमां लत्तापट्टीनी वच्चे पद्मासन मुद्रामां तीर्थङ्करनी मूर्ति मुकायेल छे.

ललाटबिम्बथी उपर रहेल १.५'नां पटलमां जुदा जुदा जैन तीर्थङ्करो, मातृकाओनी विधविध आसनमां रहेल मूर्तिओ कोतरेल छे.

आ पटलनी उपर ६"नी एक व्याघ्रमुख व्याल. अने गजव्यालनी पट्टी कोतरेल छे.

आ स्थापत्यने जैन मन्दिर तरीके ओळख स्थापित करवामां आ प्रवेशद्वार अगत्यनुं स्थान धरावे छे.

**गर्भगृह :**

अन्तरालने वळोटीने आगळ आठ स्थंभ अने घुम्मट पर टेकवेल **गर्भगृह छे**. आ मण्डप ८'ना चोरसमां बनावेल छे. **स्थंभ १.५ फूट पहोळा अने १' जाडाई वाळा छे**. स्थंभ पुन स्थापित करेल देखाय छे. स्थंभनी टोच पर, कीचकनी बाजुमां, एक १३"नां चोरस पथ्थर पर हीरक हार

कोतरेल छे. ते सिवाय स्थंभ पर कोई कोई कोतरणी नथी.

**गर्भगृहमां** बन्ने तरफ डाबे अने जमणे (उत्तर अने दक्षिण दिशामां) १.५ फूट पहोळा, ३ फूट ऊंचा अने ७ ईंच ऊंडाई धरावता गवाक्षो छे. तेमां हाल कोई मूर्ति नथी.

सौथी वधु सुन्दर तो आ मन्दिरना गर्भगृहना छत परनी कोतरणी छे. आठ स्थंभ पर गोळ रचना करीने बनावेल छीछरा घुम्मटमां त्रण स्तरीय कलानमुनो कोतरेल छे. अनुकमे ऊंडे जता त्रण स्तरोमां बहारना भागे आवेल प्रथम स्तरमां आठ अर्ध पुष्प, बीजा स्तरमां चार अर्धपुष्प, त्रीजा स्तरमां बार पांखडीवाळुं पूर्ण पुष्प कोतरेलुं छे. पहेला स्तर तथा बीजा स्तरना दरेक अर्ध पुष्पमां आठ पांखडी कंडारेल छे. आ स्थापत्यने हजार वर्ष थवा जाय छे. परन्तु सादा चूनाना पथ्थरमांथी बनेल आ कोतरणी हजु अक्षुण्ण रही मन मोही ले छे. मुखमण्डपनी फरस पर उपरनी छतनी कोतरणीनी आठ अर्ध पुष्पनी कोतरणीनां, बाह्यरेखनी प्रतिकृति समान, सफेद रंगनी छाप पडेल छे. पच्चीस वर्षथी हुं आ छापने आवा ज धोळकाता सफेद रंगमां जोउं छुं. ते अमीट छाप झांखी थया विना चळकती रहे छे. ते कया केमिकलथी के कई रीते बनावी हशे? ते संशोधन मागे तेवो विषय छे.

**गर्भगृहनुं शिखर :**

मण्डपनी उपर कोइ प्रकारनी कोतरणी विना ज त्रण गोळ पथ्थर, ऊतरती त्रिजयाक्रममां एकमेक पर गोठवी, शिखर जेवो आकार आपेल छे. दरेक स्तरनी जाडाई ८"नी छे. कां तो आ पथ्थर पाछळथी चढावेला होय अथवा तेनां परनुं सामरण विखूटुं पडी गयुं होय तेवुं देखाय छे.

अलंकृत सामरण केवुं हशे ते दर्शावतो एक हिस्सो हजु हयात रहेल छे.

**गर्भगृह जेवी छद्म रचना :**

मन्दिरना गर्भगृह बहारनी बाजु गवाक्षने खण्डित करी त्या सादा बारसाख मूकी करेली एक कामचलाउ व्यवस्था देखाय छे. ते रीते गर्भगृहने पश्चिम भागे जोडतुं प्रवेशद्वार बनाव्युं छे.

प्रवेशद्वार पछी, बहारनी तरफ,पश्चिमे रहेल जगतीस्तर जेवी अष्टकोणीय रचना के तेनी ऊंचाई ९.५ ईंच छे.जगतीमां कर्णखांच अने भद्रखांच छे तथा तेनी वच्चे ४५० ढळती प्रतिरथ खांच पण जोवा मळे छे. आ बधी रचना वडोदरा राज्यना म्युझीयम डायरेकटर अने आर्कीओलोजीस्ट श्री हीरानंद शास्त्रीए करावेल छे. जे प्राचीन स्वरूप साथे मेळ खाती नथी.[५अ]

आ मन्दिर आक्रान्तानां आक्रमणथी भग्न थयुं होय तेम लागे छे. कारण के कोई कुदरती आपत्ति होय तो आखा मन्दिरनो नाश थाय. परंतु अही तो फक्त अंशतः नाश थयो छे. अन्य मण्डप समूह ओछा खण्डित थया छे.

**आ मन्दिर विशे केटलाक उल्लेखनीय मुद्दाओ :**

**(१) पशुने वध माटे लइ जता कसाइ :**

मन्दिरना मुखमण्डप पछी, अन्तरालनी डाबी तरफनी बहारनी दीवाल पर, आशरे बार फूट जेटली ऊंचाईए, अढी फूट पहोळी अने छ फूट लांबी, सळंग पथ्थरमांथी एक कोतरणी थयेल छे.सामान्य रीते जैन मन्दिरमां न होय तेवी अलग ज रचना अहीं पथ्थर पर कंडारेली छे. आ पथ्थर पर सिंहव्याल, सुशोभित गज उपरांत सात व्यक्तिओ एक पशुने लईने जता बताव्या छे.जे व्यक्ति पशुने हांकी जाय छे तेनी पासे आयुध छे. अन्य लोको वाजिंत्र वगाडे छे.पशु वच्चे रहेल वधस्थान पर पहोंची गयुं छे. पशुने हांकनार अने अन्य सहायकोनी अंगभंगिमा, हाथना आयुध परथी अने वेशभूषा परथी तेओ पशुपालक नहि, पण कसाई होय तेवुं लागे छे. पशुनी अंकित करेल मुद्रा (पगने पाछळ तरफ खेंचवा, आगळ जवानी गतिनो प्रतिकार, वगेरे) द्वारा ते पशु असलामती अनुभवे छे, तेवुं बताववामां शिल्पी सफळ थया छे.

जुदी जुदी अनेक जैन कथाओ छे. तेनां चित्रो, वर्णनो, कथानको, रासा, काव्यो बन्यां छे. परंतु कथाने सांकळतां भाष्कर्य, शिल्प ओछां जोवा मळे छे. नेमिनाथजीनां जीवनने परिवर्तित करी नाखनार आवो महत्वनो प्रसंग अहीं कंडारेल छे. ते घणुं महत्व धरावे छे. आ प्रसंगने उजागर करतुं आवुं प्राचीन भास्कर्य अन्य कोई स्थाने होवानुं ध्यानमां नथी.

आ स्थाने जैन धर्मना २२मा तीर्थङ्कर नेमिनाथजीने समर्पित देरासर छे.नेमिनाथजी भगवान कृष्णना पितराई भाई छे. अने सुशोभित गजराज वगेरे साथे लग्न मंडप पर जती वेळा जान भोजन माटे लइ जवाता पशुओने जोई अनुकम्पा प्रगटता प्रवज्या धारण करी हती, ते प्रसंग खुब ज प्रसिध्ध छे.[६] भारतीय परम्परामां जीवनना चावीरूप प्रसंगोने लोकगीत, चित्रो, के शिल्पमां प्रतीकात्मक रीते रजू करवानी दीर्घ परम्परा रही छे. तेना एक भाग रूपे ज आ पथ्थर पर ते प्रतीकात्मक वात आ भास्कर्यमां कंडारायेली हशे तेम लागे छे.

**प्रणाली :**

वरसादी, पूजन वा रसोई आदि कार्यना वपराश थयेल पाणीना निकाल माटे प्रणाली के परनालीनी रचना दरेक धर्मस्थानोमां होय छे.आ देरासरमां पाणी माटेनी चीलाचालु पद्धतिने बदले विशेष रीते पाणीना निर्गमननी पद्धति अखत्यार करी छे. आ पद्धति आ विस्तारमां आवेलां १०मीथी १३मी सदीना प्राचीन मन्दिरोमां भाग्ये ज जोवा मळे छे. जळना निकास माटेनी स्थापत्यकारनी चिन्ता जोईने एटलुं तो चोक्कस लागे के ते समये ओखामंडळ प्रदेश आजे छे तेवो, ओछो वरसाद धरावतो सुक्को प्रदेश नहि होय.

**मकर प्रणाली :**

परिसरना पूर्व तरफना मुख्य प्रवेशद्वारथी ३० फूट जेटले डाबी तरफ, ते ज दीवाल पर जमीनथी आशरे एक फूट उपर, आठ ईंच पहोळी, नव ईंच ऊंची पूर्वाभिमुख मकर प्रणाली आवेल छे. दीवालथी आ प्रणाली आठ ईंच जेटली बहार नीकळती (projected) छे. मकरना नीचेना जडबानी दन्तावली स्पष्ट देखाय छे. उपरनुं जडबुं खण्डित थयेल छे, तेनां चिह्नो जोवा मळे छे.

परिसरनी अंदर एकठा थयेल दूषित जळना निकाल माटे परिसरनी बहारना निर्गमन स्थान पर फक्त गोळ के अर्धगोळ नळाकार न रचता त्यां मकरमुखनी रचना करवामां आवे छे. आ बाबतनो उल्लेख स्थापत्यलक्षी

वास्तुशास्त्रमां बे स्थाने थयेल छे.

'जलनिष्कास **मकरैः मुखेक्सा वित्तानता**'

वास्तुशास्त्र, "जगतिलक्षणाध्याय/१३"[७]

'जलनिष्कर्ष **मकरा मुखेक्षा विक्रान्तान्ने**'

**-अपराजितप्रेक्षा जगत्यंग समुदाय ११५/३२**[८]

कुंडी के खाळने स्थाने आवी सुशोभित रचना करवा पाछळ एवुं मानवामां आवे छे के दूषित जळ साथे बहार नीकळी गयेल दुर्विचार, दुर्व्यवहार परत न आवे अने आवे तो मकराकृति जोई डरी जाय. मकर प्रणाली गुजरातना १०मी बारमी सदीनां केटलाक जैन मन्दिरोमां जोवा मळे छे. सौराष्ट्रना मन्दिरमां आ रचना खूब ज ओछी, नहिवत् जोवा मळे छे.

**भूत प्रणाली :**

परिसरना पश्चिम तरफना भागे वायव्य खूणे आ **भूत प्रणालीनी** रचना करेल छे. जमीनथी आशरे सवा फूट उपर, नव ईंच व्यासनी गोळाकार पण उपरथी देशी नळीयानी नाळनी जेम खुल्ली, पश्चिमाभिमुख प्रणाली आवेल छे. दीवालथी आ प्रणाली एक फूट जेटली बहार नीकळती (projected) छे. नाळना आगळना भागना गोळ हिस्सामां जलनिर्गमन हेतु, २ ईंच व्यासनुं छिद्र स्पष्ट देखाय छे. ऊर्ध्वबाहु भूतनायकना बे हाथ आ छिद्रनी बन्ने तरफ छे, भूतनायकनां मस्तक पर जल निर्गमित थाय छे. आ प्रकारनी प्रणाली गुजरातनां मन्दिरोमां क्यांय नोंधायेली नथी. परंतु तमिलनाडुनां प्राचीन नगर कावेरीपट्टनममां आवो नमुनो मळेल छे, जे चेन्नाई सरकारी म्युझियममां जोवा मळे छे.[९]

**लज्जा गौरी :**

धनधान्य अने समृद्धिनी देवी तरीके मानवामां आवती देवी लज्जागौरीनी कोतरणी आ परिसरना मुख्य द्वारमां जमणी तरफना स्थम्भमां पूर्व दिशा तरफ मुख राखीने कंडारेल छे. जैन शासनदेवी के अन्य मातृकाओ जोवा मळे छे परंतु **लज्जा गौरीनुं** भास्कर्य क्यांय नोंधायुं होय तेवो उल्लेख मारा ध्यानमां नथी. स्थापत्योमां ढांकनी मंजुश्री वावमां, घुमलीना नवलखा महेल स्थापत्यमां

अने अमदावादनी मातर भवानी वावमां लज्जा गौरीनुं भास्कर्य मळे छे.[१०] ते उपरांत अमरेली, वल्लभीपुर, गढाळीमां जुदां जुदां हिन्दु स्थापत्योमां लज्जा गौरीनुं शिल्प जोवा मळे छे.[११]

**वराह अवतार :**

परिसरना मुख्य द्वारमां जमणी तरफना स्थम्भमां दक्षिण दिशा तरफ आकृति कंडारेल छे. वराहनुं मुख पूर्व दिशा तरफ राखेल स्थितिमां छे. अने आगळना राक्षी दंतावली पर पृथ्वीनो गोलक टेकवेल छे. तेथी फलित थाय छे के शिल्पीने वराहव्याल के कीचक नहीं पण वराह अवतारनी कोतरणी ज अभिप्रेत छे.

**नेमिनाथ जन्मनुं भास्कर्य :**

आ देरासरनी भमतीनी दीर्घाना डाबे खूणे एक शिला पडी रहेती. ते शिला पर ढोलिया पर सद्यप्रसूता माता शिवादेवी अने नवजात नेमिनाथ पोढेला दृश्यमान थाय छे. देवताओ आकाशमांथी अवलोकन करे छे तेवुं भास्कर्य, उपरनीचे पद्म अंकन अने बन्ने बाजु हीरक पट्टी बनावेल हती. ते १९९८ सुधीनी मुलाकातोमां अमे जोयेल छे. हाल ते भास्कर्य ते स्थान पर क्यांय जोवा मळतुं नथी. तेनो फाईल फोटो श्री कल्याणराय जोशी ए पाडेल छे जे अहीं प्रस्तुत करेल छे.[१२]

**कीचक युग्म :**

**कीचक युग्मनी** कोतरणी आ परिसरना मुख्य द्वारमां जमणी तरफना स्थंभमां, पद्मनी कोतरणी पछी, पूर्व दिशा तरफ कंडारेल छे. डाबी तरफ स्त्री अने जमणी तरफ पुरुष छे. पुरुषे जमणा हाथथी स्त्रीनो डाबो हाथ पकडेल छे. जयारे डाबो हाथ पाछळथी स्त्रीना डाबा खभ्भानी नीचे बाहु पर कसीने राखेल छे. तेना पंजानी आंगळी देखाय छे. स्त्रीए जमणो हाथ घूंटण पर टेकवेलो छे. डाबो हाथ पुरुषना हाथमां छे. सामान्य रीते रौद्र या भयावह मुद्रामां कंडारता कीचकना स्थाने आ युगल सौम्य मुद्रामां छे. भारतीय कलाओ इंगित के प्रतीक द्वारा मर्मने रजू करनारी कलापद्धति छे. ते कोई वात मुखर रीते नहि पण संकेतमां कथे छे. एवुं मानवामां आवे छे के श्री

नेमिनाथजीने समर्पित आ देरासरमां, साथो साथ ज प्रव्रज्या धारण करनार नेमिनाथजी-राजुलदेवी युगलनुं स्मरण करी, "धर्मकार्य **ते एकला पुरुषथी नहीं, पण युगलनी संयुक्त महेच्छाथी ज संपन्न थई शके**" तेवो संदेश आपवानुं इंगित हशे?

**वसईना नेमिनाथ देरासर पासेथी मळेल प्राचीन मूर्ति :**

आ स्थानथी थोडे दूर आवेली, पण आ स्थान साथे सम्बन्ध धरावती, तीर्थङ्करनी एक मूर्ति अने 'वाणीया देरुं' तरीखे ओळखाता स्थान विषे जाणवुं प्रस्तुत रहेशे.

उपरोक्त **नेमिनाथ देरासरथी** पूर्वमां २०० मीटर दूर, अत्यारना वसई गामतळ बहार, गामथी पूर्वमां, नानी धार पर "वाणीयादेरुं" तरीके ओळखातुं एक नानुं जीर्ण मन्दिर छे. हाल मन्दिरमां कोई तेवां चिह्नो नथी के ते वाणियाना देरा एटले के जिनालय तरीके ओळखावी शकाय. ते मन्दिरमां एक शिवलिङ्ग अणघड रीते "प्रस्थापित"करेल छे. खरेखर ते चतुर्भुज विष्णुनुं मन्दिर हशे. तेनी पासे दोढ फूट ऊंचाईनी चतुर्भुज विष्णुनी मूर्ति पण आवेल छे. पण ते विगत आ लेख साथे अप्रस्तुत छे

वसई पासेना जैन देरासरजीना एक तळाव पासे क्षार लागेल स्थितिमां एक भास्कर्य मळेल छे. मूर्ति विधान अने वास्तुशास्त्रनी रीते जोता ते जैन तीर्थङ्करनी परिकर समेतनी मूर्ति छे, जेनी ऊंचाई आशरे छ फूट अने परिकरनी नीचेनी पीठिका साथे साडा बार फूट थवा जाय छे पहोळाई वीस ईंच छे. आ मूर्तिने स्थानिक लोको 'कारो **कमळो**' तरीखे ओळखे छे.) आ मूर्तिनी पाछळ प्रभामंडळ देखाय छे. मृणालछत्र देखाय छे. मूर्तिनी छाती पर श्रीवत्स देखाय छे. हाथ आजानबाहु छे.

बन्ने तरफ बे फूट ऊंचाईना परिचारक, जे पैकी जमणे दुन्दुभि वगाडनार अने डाबे मृदङ्गवादक होय तेवुं लागे छे. मूर्तिना पग पासे रचेलुं लाञ्छन खवाई गयुं होई खबर पडती नथी. मूर्तिनी नीचेनी अढी फूट ऊंचाई अने बे फूट पहोळाईना भागमां कांईक लखाण हशे तेम लागे छे. कायोत्सर्ग मुद्रामां उभेल आ मूर्तिमां बृहत्संहितामां वर्णन कर्युं छे तेवां ज लक्षणो देखाय

छे. मूर्तिनो चहेरानो जमणी तरफनो भाग खवाई गयो छे. परंतु डाबा तरफना भागनो कान तीर्थङ्करोनी मूर्ति होवानी साबिती आपे छे. आ मूर्ति अपूज अने अदर्शनीय हालतमां, बावळनी झाडीमां पडेल छे. स्थानिक लोको अणसमजणमां आ प्रतिमानो गेरउपयोग पण करे छे. आ प्रतिमा बालुआ पथ्थरमांथी बनेल छे तेथी क्षारण खुब ज थयुं छे. पुरातत्त्व खातुं आ प्रतिमाने महत्वनी न गणातुं होय तेम नधणीयाती हालतमां वर्षोथी पडेल छे.

जैनाचार्य श्री शीलचन्द्रविजयजी महाराज साथे आ मूर्ति विषयक चर्चा करतां तेमना मते आ मूर्ति पूजन माटे नहि, पण दर्शन माटे स्थापित थयेल हशे तेम जणाव्युं हतुं.

**देवी राजीमतीनुं स्मारक :**

वसईमां २२मा तीर्थङ्कर नेमीनाथजीनुं आवुं विशाळ जिनालय हतुं. तो तेमनी साथे जेनुं वाक्दान थयुं हतुं अने पछी प्रवज्या धारण पण करी हती, ते देवी राजीमतीनुं स्मारक पण क्यांक होवुं ज जोईए. ते स्वाभाविक उठेल प्रश्नना अनुसन्धाने में भ्रमण अने संशोधन करता केटलांक तथ्यो प्राप्त थयां ते अहीं रजू करेल छे.

**राजल वेजल माता मन्दिर समूहनां प्रांगणमां रहेल शिलानुं रहस्यः**

ओखामंडळना मेरीपूर अने नवी ध्रेवाड गामना सीमाडे आवेल, उत्तर-दक्षिण फेलायेली कोटडानी धार तरीके ओळखाती धारना पूर्व तरफना ढोळावने ऊतरता आवेला बारमी सदीना प्राचीन जीर्ण मन्दिर के जेने अहीं स्थानिक लोको राजल वेजल माताना मन्दिर तरीके ओळखे छे. तेना प्रांगणमां एक शिला छे. मन्दिर तरफ मुख राखी ऊभा रहेता डाबी तरफ, मन्दिरथी आशरे १७ फुट दूर, सन्मुख पडेल छे.

पथ्थर, झाडी अने झांखराथी ढंकायेल अने वेलथी आच्छादित आ पथ्थर आशरे साडा चारथी पांच फूट अने ओरशियाना आकारनो छे. आ पथ्थरने उपरथी साफ कराव्यो. स्थानिक लोकोने पूछता तेमणे जणाव्युं के आ पथ्थर जेसीबी मशीनथी खसेडवानो प्रयत्न करवा छतां खसेडायो नथी. बाजुना खेतरनां मालिक हरिजन नवघण चांडपा अने तेना काका काराभाईना

कहेवा अनुसार आ शिला घणां वर्षोथी अहीं ज पडेल छे. व्यापक मान्यता प्रमाणे आ पथ्थर एटले के शिला ए माना धीरधारनो पथ्थर छे. अहीं बेसीने मा अर्थार्थीने धननो आशीर्वाद आपता अने भेट स्वीकारता. अमे आ पथ्थरने चोतरफ निरीक्षण करता ते पथ्थर मन्दिरनो आमलक होय तेवुं लाग्युं.

जीर्ण, खवायेल शिला पर विच्छेदित कलशना तळना चिह्न स्पष्ट देखातां हतां. में स्थानिक लोकोने कह्युं के शिलामां एक गोळ छिद्र हशे. स्थानिक माणसोना जणाव्या अनुसार तेओए कोई गोळ छिद्र जोयेल छे ज नहि. तेमणे छेल्ला त्रण दायकाथी आम ज आ शिला पडेली जोई छे. तेमां कोई छिद्र जोयुं नथी. परंतु मारी साथेना सहायक मेहुले शिलाने काळजीपूर्वक साफ करी तो आशरे ४ इंच व्यासनुं एक गोळ छिद्र देखायुं. तेथी वधु दृढ थयुं के आ पथ्थर मन्दिर परनो आमलक ज छे. ते छिद्र छे ते ध्वजदंड आरोपण करवा माटेनु छिद्र छे. हवे बे शक्यताओ हती :

१. आ आमलकनी नीचे भूगर्भगत दटायेलुं आखुं मन्दिर होय.

२. आ आमलक, बाजुना ऊभेला जीर्ण, खण्डित मन्दिर परथी पडी अने अहीं विस्थापित थयो होय.

स्थानिक व्यक्तिओ ३० वर्षथी आ पथ्थरने आ ज स्थितिमां पडेलो जोई रह्या छे. आ पथ्थरने यंत्रो द्वारा हटाववा माटे स्थानिक लोकोए प्रयत्न करेल छे, जेमां सफळता मळी नथी. पथ्थर आ ज जीर्ण मन्दिरनो आमलक होय तो ते मन्दिर उपरथी खुल्लुं थयेलुं होवुं जोईए. अथवा ते मन्दिर पुनः मरामत थयेल होवुं जोईए. बन्ने बाबत ते मन्दिरना सन्दर्भमां देखाती नथी.

कोटडा धारनो ढोळाव वाळो भाग, जीर्ण मन्दिरनुं पडथार सुधीनुं दटाई जवुं अने तेनाथी १७ फूट नीचे तरफ रहेल आ मन्दिरना आ स्थान पर फक्त आमलकनुं देखावुं ते बधुं एक भूमिगत मन्दिर होय ते तरफ इशारा करे छे.

आ विस्तारमां रहेल मन्दिर स्थापत्य सामान्य रीते कोई एकल–दोकल मन्दिर रूपे नहीं, पण मन्दिर समूह रूपे होय छे. तेथी आ सम्भवित भूमिगत मन्दिर ए मन्दिरना समूहनो एक भाग होई शके.

थोडुं काळजीपूर्वकनुं उत्खनन कर्या पछी कोई ठोस तारण पर आवी शकाय. परंतु भूमिगत मन्दिर होय तो ते विध्वंसकोना आक्रमणथी मन्दिर, मूर्तिने बचाववा माटे, भूमिगत करवामां आवेलुं होय अथवा तो धरतीकंप, पूर के वावाझोडाना वरसादना कारणे आम बनवा पाम्युं होय.

**माना पगला तरीके ओळखातो पथ्थर :-**

राजल वेजल माताना मन्दिर तरीके ओळखाता मन्दिरना दक्षिण तरफ आशरे ४० मीटर दूर बावळनी झाडीमां चुनाना पथ्थरनी शिला छे. आ शिलानी अंदर मानवना पगनी विशाळ आकृति कोतरीने बनावेल छे. लंबचोरस पथ्थर पांच फूट लांबो अने त्रण फूट त्रण फूट पहोळो बे फूट दळवाळो छे. तेनी अंदरना गाळानी ऊंडाई दोढ फूट जेटली छे. पथ्थरनी आकृति अने विशाळ माप जोतां लोकमुखे आ पक्षने "मानां पगलां" तरीके ओळखवामां आवे छे. जनसमुदाय पुराणा स्थापत्यना कोई पण टुकडाने पोताना भाव अने श्रद्धा वडे रंजीत करीने भयमिश्रित आदर साथे पूजे छे.

अमारी संशोधन यात्रा समये अमे आ पथ्थरनुं झीणवटपूर्वक निरीक्षण करी नीचे प्रमाणे अवलोकनो तारव्यां छे :-

१. आ पथ्थर केल्शियम कार्बोनेट एटले के चुनानो पथ्थर छे. तेनी साथे बीजां तत्त्वोना भळवाथी एलोय थवाथी खूब मजबूत स्वरूप थयेल छे.

२. आ अखंड चूनाना पथ्थरना खंड ने बहु कलात्मक रीते नहीं पण अणघड रीते कोतरवामां आवेल छे.

३. पथ्थर नीचेनी भूमि साथे जोडायेल नथी पण अलग शिलामांथी बनावायेल छे अने ते स्थान पर नजीकमां क्यांकथी उठावीने लेवायेल छे.

४. पथ्थरनो बहारनो भाग वधु अणघड छे परन्तु अंदरनो भाग सारी रीते घडायेलो के सुंवाळो थयेल छे. ते फक्त पाणी के पदार्थना भरवाना कारणे सुंवाळो थयेल नथी, परंतु अग्निनी आंचथी, पदार्थ साथे चूनानो पथ्थर जे रासायणिक क्रिया करी अने सुंवाळप धारण

करे तेवो छे.

५. पथ्थरने बहारना भागमां आबोहवानुं क्षारण थयेल छे परंतु अन्य चूनाना पथ्थर करता तेनुं क्षारणनु प्रमाण ओछुं छे, जे एम दर्शावे छे छे आ पथ्थर विशेष धोरण द्वारा पसंद करी अने कोई खास हेतु माटे लाववामां आवेल हशे.

६. आ पथ्थर मन्दिर परिसरमांथी मळेल छे तेथी तेनो मन्दिर साथे कंईक सम्बन्ध होवो जोईए

७. पथ्थर "माना पगलां" तरीके पवित्र गणातो होई तेनी अखंडितता अने प्राचीनता कुदरती क्षारण सिवाय माणस द्वारा कोई हानि के नुकसान पहोंचाड्यां नथी अने तेथी ज ते जे ते स्वरूपे जळवायेलो छे.

८. जेम मन्दिर अल्प अलंकृत अने प्रारम्भिक अवस्थामां छे तेवुं ज आ पथ्थर पण अल्प अलंकृत, अणघड छे, अने आ ज कारणे ते पथ्थर महत्त्वहीन छे ते मानवुं भूलभरेलुं गणाशे.

आ आठ अवलोकनो परथी अमे नीचेना तारण आव्या छीए :-

१. आ पथ्थर मन्दिर साथे जोडायेलो एक अंगभूत पथ्थर छे

२. आ पथ्थर अन्य चूनाना पथ्थर करतां वधारे सखत अने द्रढ छे. कंईक विशेष हेतुसर तेनी रचना करवामां आवी छे

३. आ पथ्थरनी अंदरनी सपाटी ओछी खरसट छे जे अन्य पदार्थना संयोजन अने अग्निना संयोजनथी सुंवाळी बनी होय तेवो लागे छे तेथी आ पथ्थरनी रचनामां अथवा तो बनी गया पछी आग्नेय कार्यमां तेनो उपयोग थतो हशे.

मन्दिरना होम-हवन अने यज्ञना अग्नि कुण्ड तरीके आ पथ्थरनो उपयोग थतो होय तेवी शक्यता विशेष छे. तेमां याज्ञिक, पुरोहित, होता वगेरेने बेसवा माटे योग्य जग्या मळे, तेवी सुखसुविधा देखाय छे..

४. आ मन्दिर राजलवेजल एटले के राजीमातानुं स्थान छे. तेमनुं प्रथम हिन्दु देवी अने हिन्दु धर्म माटे उग्रसेननी पुत्री तरीके पूजामां स्थान छे पछी तेने प्रवज्या धारण करता तेने नेमिनाथनी जेम जिन धर्मना सन्दर्भे पण महत्व छे. जेथी आ स्थानके पण जिनविभावनाओ प्रगटता यज्ञकुंड (जैन धर्ममां यज्ञ निषेध छे)नी प्रस्तुतता न रही होय. आजे पण आ मन्दिर पर नवरात्री, पूर्णिमा वगेरे दिवसे भोपा रबारी अने अन्य ग्रामजनो आवे छे. परंतु बीजा शाक्त मन्दिरोनी जेम अहीं अष्टमी पर होम हवन थतां नथी ते बाबत पण आ मन्दिर जिन विभावना तरफ इशारो करे छे

आम बधां कारणोना आधारे आ पथ्थरकुंड देवी राजमतीनी प्रवज्या पछी अप्रस्तुत थयेल हवन कुंड होय तेवा तारण पहोंच्या छीए. आ सन्दर्भे आचार्यश्री शीलचन्द्रविजयमहाराज साथे चर्चा करी, मार्गदर्शन मेळवता आपे जणाव्यानुसार, 'जिनालयोमां प्रतिमानीं साथे पादुकानी स्थापना पण थती. आ पथ्थरमां पगलानी कोतरणी जोता ते नेमनाथनां चरणपगलां होय, पण कालनो घसारो खाई जवाथी आजनी दशाने पाम्यो होय.'

कोई निश्चित तारण पर पहोंची शकाय तेम नथी, तेथी आवी अवधारणाओ आपी छे. कोई अनुज विद्वानोने आ सन्दर्भ काम लागे ते हेतुसर आ बाबत अहीं उल्लेखित करी छे.

## राजलवेजल माताजीनां मन्दिर पासेथी प्राप्त थयेल द्रव्यद्रोण :

राजल वेजल माताना मन्दिरनी नजीक, नवघण चांड्पा नामे हरिजन वणकरना खेतर पासे आ द्रव्यद्रोण प्राप्त थयुं छे. जेनी ऊंचाई आशरे ६ इंच अने गोळाकारनो व्यास ३ इंचनो छे. तेना परिघ पर नीचे अने उपर बन्ने तरफ एक एक गोळाकार हास छे. द्रव्यद्रोणने नीचे अने उपरनी तरफ छादेल छे पण उपर मथाळा पर वच्चे एक इंच व्यासनुं छिद्र राखेल छे. द्रोण लाल माटीमांथी बनावेलुं छे. अंदर कशो पण पदार्थ मळेल नथी.

आ प्रकारना केटलाये द्रव्यद्रोण त्यां आजुबाजुना विस्तारमांथी समयान्तरे मळी आवे छे. एवुं स्थानिक लोकोनुं कहेवुं छे. स्थानिक प्रजानी मान्यता अनुसार आ आ द्रव्यद्रोण, धनथी भरी, जमीनमां दाटी अने धन संताडवा

माटे उपयोगमां लेवामां आवता. अहीं कोटडा नामे एक नगरी हती जेना परिसरमांथी आ द्रोण मळे छे.

ग्राम्य विस्तारमां पाली (धान्यना माप मापवा माटे वपरातुं पात्र) जेवुं, पकवेली माटीनुं आ द्रव्यद्रोण ढिचणीया जेवा आकारने वधु पडतुं मळतुं आवे छे.

लोकमान्यता अनुसार द्रव्यद्रोण एटले के दोणी जेवुं पात्र..पात्रनी जाडाई, मजबूताई, उपरथी थोडुं ज (मात्र सिक्का जाय तेटलुं ज) खुल्लुं राखवानी रचना, ए बधी बाबतो उपरना उपयोगनी मान्यताने वधु पुष्ट करे छे के खरेखर आ पात्र द्रव्य राखवा माटे वपरातुं होय. जो तेम होय तो नीचेना तारण नीकळी शके :

१. आ प्रदेशमां सुसंस्कृत अने धनिक – कम से कम पोताना पासे जीवन व्यवहार चलावता चलावता विशेष बचत थती होय जे धननी रक्षा, सुरक्षा अने बचत माटे आवा द्रव्यद्रोणनी जरूर पडे तेवी – प्रजा रहेती हशे.

२. मृतिकाना आ पात्र, तेनी घाट रचना जोता ते ११ अने १२मी सदीनां पात्रोनी साथे मळती आवे छे. तेथी ते प्रदेशमां ११-१२मी सदीमां आवा लोकोनो वसवाट हशे.

३. मन्दिरनी चैत्य अने सादी अलंकृत रचना जोतां ते पण बारमी सदीनुं होय तेम लागे छे.

**समापन :**

आ लेख माटे प्रत्यक्ष सहयोग आपनार मारा साथी मित्र अने फोटोग्राफ्स लेनार रमित पटेल, पुरातत्वना अभ्यासी दिलीपसिंह परमार, चालक मेहुल, स्थानिक मित्र नाथाभा माणेक, ताता केमीकलना मारा स्नेही बिपीन बोडा, किरणभाई, श्री श्रेणिक शाह, ओटोकेडमां मन्दिरना कोम्प्युटराईझ ड्रोईंग, तलच्छेद, ऊर्ध्वछेद, वगेरे तैयार करनार मशरीभाइ, परिसरनी देखभाळ राखनार श्री कापडीभाई, वगेरेनो ऋण स्वीकार करुं छु.

आ लेख माटे, सतत चर्चा करी जरूरी सुचन आपनार प्रा. डो.

मनोज रावल, पुरक साहित्य पूरुं पाडनार जाणीता कलाप्रेमी श्रेष्ठी श्री अमित अंबालाल, प्रेरणा आपनार परम पूज्य आचार्यश्री विजयशीलचन्द्रसूरिजी महाराज साहेब अने मार्गदर्शन आपनार परम पूज्य आचार्यश्री हेमवल्लभसूरिजी महाराज साहेबनो हृदयपूर्वक आभार मानुं छुं.

**संदर्भ :**


१) कर्नल जे. डबल्युं. वोट्सन "एन्टीक्विटी ओफ काठीयावार"(प्रकाशन वर्ष १८९६), प्रकरण १३

१अ) आर. सी. मजुमदार, ध एज ओफ इम्पिरियल कनोज,ग्रंथ४,बोम्बे १९६४, पृ. ५२५

२) Bombay gazetteer p.p.589

३) श्री कल्याणराय जोशी ओखामंडळना वाघेर प्रकरण ७.१

४) आर. सी. मजुमदार, ध एज ओफ इम्पिरियल कनोज, ग्रंथ ४, बोम्बे १९६४, पृ. ५२५

५) ध जेनेसीस एन्ड द डेवलोपमेन्ट ओफ मारु गुर्जर टेम्पल आर्किटेक्ट : प्रमोद चंद्र नवी दील्ही १९७५ पृ. ४३०

५अ) श्री कल्याणराय जोशी : द्वारका अने वसईना प्राचीन देरा १९७६, पृ. ८४

६) राजशेखर निर्मित नेमिनाथ फागु

७) **वास्तुशास्त्र**, जगतिलक्षणाध्याय / **१३**

८) **अपराजितप्रेक्षा, जगत्यंग समुदाय ११५/३२**

९ ) **ध म्युझीयम ओफ चेन्नाई**

१०) **गुजरातना जळ स्थान : दिलीपसिंह परमार**

११) **फोर्मस ओफ ध गोडेस लज्जा इन इन्डियन आर्ट : करोल रेडकलीफ बोलोन**

१२) श्री कल्याणराय जोशी : द्वारका अने वसईना प्राचीन देरा, १९७६, पृ. ९२



C/o. ब्रीजेश
मोमाइनगर
जामनगर-८



